અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


29 MAY-2026 FRIDAY | Vol. : 17 | Issue : 326 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2027/28886

3 
દુનિયાને ભડકે બાળીને ટ્રમ્પ જલસા કરશે: બર્થ ડે પર UFC ફાઈટર ઈવેન્ટ, વ્હાઈટ હાઉસમાં જ સેટ ઊભો થઈ રહ્યો છે....

4 
ભડકે બળતા જંગલો : પ્રકૃતિ અને પર્યાવરણ સામે મોટું સંકટ!

6 
ભારત-ઈંગ્લેન્ડ વિમેન્સ ટી20 સિરીઝનો આજથી પ્રારંભ

7 
પગાર સિવાય અન્ય કમાણી હોય તો ITR-2 ભરો: એસેસમેન્ટ યર 2026- 27 માટે ઓનલાઈન ફાઈલિંગ શરૂ, 31 જુલાઈ...

### બિઝનેસ ટૂર પર ભારતમાં આવ્યો હતો કોંગોનો યુવક

# કૉંગોથી આવેલા ઈબોલાના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ, તંત્રને હાશકારો

- આ યુવકને વડોદરાથી અમદાવાદ લાવવામાં આવ્યો હતો, જે બાદ તેના સંપર્કમાં આવેલા એક ડોક્ટર અને યુવકના બે મિત્રો સહિત કુલ ૩ વ્યક્તિઓને ક્વોરન્ટાઇન કરાયા હતા

**અમદાવાદ, તા.28**

ગુજરાતભરના લોકો તેમજ આરોગ્ય વિભાગ માટે રાહતના સમાચાર એ છે કે કૉંગોથી વડોદરા આવેલા શંકાસ્પદ દર્દીનો ઈબોલાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. રાજ્યના આરોગ્ય મંત્રીએ સોશિયલ મીડિયાના માધ્યમથી જાણકારી આપી છે કે નાગરિકોએ ડરવાની જરૂર નથી, કૉંગોથી આવેલા ચેપજન્ય રોગ ઈબોલા વાઈરસના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. સાથે જ તેમને અફવાથી દૂર રહેવા તેમજ આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી સત્તાવાર માહિતી પર ભરોસો કરવાની અપીલ કરી છે. મહત્વનું છે કે ગઈકાલે બુધવારના રોજ ભારત પ્રવાસે આવેલા મૂળ આફ્રિકન દેશના આ યુવકને વડોદરાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો, જે બાદ તેના સંપર્કમાં આવેલા એક ડોક્ટર અને યુવકના બે મિત્રો સહિત કુલ ૩ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હતા. પણ રિપોર્ટ નેગેટિવ આવતા ત તંત્ર સહિત ક્વોરન્ટાઈન થયેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

આફ્રિકાના કોંગોમાં રહેતો ૩૭ વર્ષનો યુવક બિઝનેસ ટૂર પર ભારતમાં આવ્યો હતો. મુંબઈમાં રોકાયા પછી સેલવાસ અને દમણ ગયા પછી તે ગઈકાલે વડોદરાની એક કંપનીમાં વિઝિટ માટે આવ્યો હતો. રાત્રે તેને તાવ આવતા કંપનીનો સ્ટાફ તેઓને સારવાર માટે વારસિયા રિંગરોડની હોસ્પિટલમાં લઈ ગયો હતો. ટ્રાવેલિંગ હિસ્ટ્રી જાણ્યા પછી દર્દીને ક્વોરન્ટાઈન કરાયો હતો. હોસ્પિટલના ડોક્ટરે જણાવ્યું હતું કે, અમારી પાસે ઈબોલાની સારવાર માટેની માન્યતા નથી. જેથી, કોર્પોરેશનને જાણ કરવામાં આવતા દર્દીને વધુ સારવાર માટે અમદાવાદ શિફ્ટ કરવામાં આવ્યો હતો. આફ્રિકન દેશો યુગાન્ડા,



દક્ષિણ સુદાન અને કોંગોમાં જીવલેણ ઈબોલા વાઈરસનો પ્રકોપ વધતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું (AMC) આરોગ્ય વિભાગ એક્શન મોડમાં આવી ગયું છે. તકેદારીના ભાગરૂપે પ્રશાસન દ્વારા અમદાવાદમાં તમામ જરૂરી તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ આફ્રિકન દેશોમાંથી અમદાવાદ આવેલા ૧૧ જેટલા મુસાફરોને હાલ તેમના ઘરે જ હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

આ વખતે ઈબોલાનો બુંડીબુગ્યો સ્ટ્રેન ફેલાઈ રહ્યો છે, જે આ વાઈરસનો એક અત્યંત દુર્લભ પ્રકાર છે. આ સ્ટ્રેન માટે હાલમાં કોઈ ખાસ વેક્સિન કે ચોક્કસ સારવાર ઉપલબ્ધ નથી, જેના કારણે રોગને કાબૂમાં લેવો મુશ્કેલ બની રહ્યો છે. ઉઊૅર્ના મતે, આ સ્ટ્રેનમાં મૃત્યુદર ૩૦% થી ૫૦% સુધી હોઈ શકે છે. આ વાઈરસ સૌપ્રથમ ૨૦૦૭માં યુગાન્ડાના બુંડીબુગ્યો વિસ્તારમાં જોવા મળ્યો હતો.

આ ચેપ મે ૨૦૨૬માં કોંગોના ઈતુરી પ્રાંતમાંથી શરૂ થયો હતો. આ વિસ્તાર લાંબા સમયથી હિંસા અને સંઘર્ષથી પ્રભાવિત છે. અહીં મોટી સંખ્યામાં વિસ્થાપિત લોકો અને સોનાની ખાણોમાં કામ કરતા મજૂરો રહે છે. લોકોની સતત અવરજવરને કારણે વાઈરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે, અને હવે તે નોર્થ કિવુ અને સાઉથ કિવુ પ્રાંત સુધી પહોંચી ગયો છે. સાઉથ કિવુના કેટલાક ભાગો પર બળવાખોર સંગઠનનો કબજો છે.

ભારત સરકારે આ ખતરાને જોતા તકેદારીના ભાગરૂપે કડક ગાઈડલાઈન જાહેર કરી છે. કોંગો અને યુગાન્ડાથી આવતી ફ્લાઈટ્સ પર કોવિડ જેવા જ પ્રોટોકોલ લાગુ કરાયા છે. એરપોર્ટ પર થર્મલ સ્ક્રિનિંગ અને શંકાસ્પદ મુસાફરોને પ્લેનમાં અલગ બેસાડવાના નિયમો લાગુ કરાયા છે. સાથેજ વેલ એડવાઈઝરી જાહેર કરીને સરકારે નાગરિકોને આગામી સૂચના સુધી ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાનની યાત્રા ન કરવા સલાહ આપી છે.


ઈબોલા વાઈરસ સૌપ્રથમ ૧૯૭૬માં આફ્રિકામાં જોવા મળ્યો હતો. વાઈરસ સંક્રમિત વ્યક્તિના લોહી, શારીરિક પ્રવાહી , કપડાં, પથારી અને તબીબી ઉપકરણોના સંપર્કમાં આવવાથી ફેલાય છે. આ ઉપરાંત ચામાચીડિયા, ચિમ્પાન્ઝી, ગોરિલા અને વાંદરા જેવા સંક્રમિત પ્રાણીઓના સંપર્કથી પણ મનુષ્યોમાં ફેલાય છે.

શરૂઆતમાં તાવ, નબળાઈ અને શરીરનો દુખાવો જેવા લક્ષણો દેખાય છે. સ્થિતિ ગંભીર થવા પર ઉલ્ટી, ડાયરિયા અને શરીરમાંથી લોહી વહેવા જેવી ગંભીર સમસ્યાઓ થાય છે. તબીબોના મતે, આ વાઈરસના શરૂઆતી લક્ષણો મેલેરિયા જેવા સામાન્ય રોગોને મળતા આવતા હોવાથી તેની તાત્કાલિક ઓળખ કરવી મુશ્કેલ બને છે, જેના કારણે સંક્રમણ ઝડપથી ફેલાય છે.

## NEET પરીક્ષાને લઈને રાજનાથના ઘરે હાઈલેવલ મીટિંગ યોજાઈ

- શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, PMOના અધિકારીઓ હાજર, NTAએ ફી રિફંડની ડેડલાઈન વધારી

**નવી દિલ્હી, તા.28**



NEET મુદ્દાને લઈને ગુરુવારે રક્ષા મંત્રી રાજનાથ સિંહના નિવાસસ્થાને એક ઉચ્ચ સ્તરીય બેઠક ચાલી રહી છે. આ બેઠકમાં શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, જ્યોતિરાદિત્ય સિંધિયા, NTAના DG અભિષેક સિંહ અને PMOના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર છે.

આ તરફ પરીક્ષા રદ થયા બાદ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ ફી રિફંડ માટે બેંક ખાતાની માહિતી જમા કરાવવાની સમયમર્યાદા 22 જૂન રાત્રે 11:50 વાગ્યા સુધી લંબાવી દીધી છે. અગાઉની સમયમર્યાદા 27 મે હતી. ઉમેદવારોએ રિફંડ લિંક સુધી પહોંચવા અને તેમના બેંક ખાતાની માહિતી જમા કરાવવા માટે તેમના ક્રેડેન્શિયલ્સનો ઉપયોગ કરીને લોગ ઈન કરવું પડશે. NEET પરીક્ષા 3 મેના રોજ ભારતના 551 અને વિદેશના 14 શહેરોમાં યોજાઈ હતી, જેમાં 22 લાખથી વધુ વિદ્યાર્થીઓ સામેલ થયા હતા. પેપર લીક થયા બાદ 12 મેના રોજ તેને રદ કરવામાં આવી હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બુધવારે NEETની તૈયારી કરી રહેલા વિદ્યાર્થી પ્રદીપ મેઘવાલના પરિવાર સાથે મુલાકાત કરી. પ્રદીપે પરીક્ષાના 'ક્વેશ્ચન બેંક' લીક થયા બાદ આત્મહત્યા કરી લીધી હતી. રાહુલે કેન્દ્ર સરકાર પર કુપ્રબંધનનો આરોપ લગાવ્યો અને કહ્યું કે, મોદી-પ્રધાનની જોડી આ પરિવાર માટે જવાબદાર છે.

X પર એક પોસ્ટમાં રાહુલ ગાંધીએ લખ્યું કે પ્રદીપનું મૃત્યુ આત્મહત્યા નથી, પરંતુ એક તૂટેલી, ભ્રષ્ટ વ્યવસ્થાની દેન છે. જેમણે પરીક્ષા પ્રણાલીને માફિયાઓના હવાલે કરી દીધી, અને આજે પણ પોતાની ખુરશીથી ચોંટેલા છે, મોદી-પ્રધાનની જોડી આ પરિવાર સામે જવાબદાર છે.

રાઉઝ એવન્યુ કોર્ટે બુધવારે NEET UG પેપર લીક કેસના સંબંધમાં ડો. મનોજ શિરુરે અને તેજસ હર્ષદ કુમાર શાહને 1 જૂન સુધી CBIની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા. સ્પેશિયલ જજ વિદ્યા પ્રકાશે પ્રહલાદ કુલકર્ણી અને શિવરાજ રઘુનાથ મોટેગાંવકરને પણ 10 જૂન સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા. CBIએ અત્યાર સુધી અલગ-અલગ જગ્યાએ 49 સ્થળોએ તપાસ કરી અને ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો, લેપટોપ અને મોબાઈલ ફોન જપ્ત કર્યા.

## કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાનું રાજીનામું: સિદ્ધારમૈયાએ કહ્યું- હાઈકમાન્ડે જે કહ્યું તે કર્યું, ડીકે શિવકુમાર જ નવા CM બનશે

**કર્ણાટક, તા.28**

ગુરુવારે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ રાજીનામું આપ્યું. બેંગલુરુમાં એક પ્રેસ કોન્ફરન્સમાં તેમણે કહ્યું, મેં કહ્યું હતું કે જ્યારે પણ હાઈકમાન્ડ મને કહેશે ત્યારે હું રાજીનામું આપીશ. તેથી ગઈકાલે, હાઈકમાન્ડે મને રાજીનામું આપવાના વાત કરી હતી. રાજ્યના હવે જે આગામી મુખ્યમંત્રી થે તેમને તક આપવી જોઈએ. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા બપોરે 3 વાગ્યે રાજભવન પહોંચ્યા અને પાંચ મિનિટ પછી ત્યાંથી નીકળી ગયા. નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર પણ તેમની સાથે હાજર હતા. સિદ્ધારમૈયાએ રાજ્યપાલના સચિવને પોતાનું રાજીનામું સુપરત કર્યું. રાજ્યપાલ થાવરચંદ ગેહલોત પારિવારિક કારણોસર બેંગલુરુની બહાર છે. આ પહેલા તેમણે બેંગલુરુમાં તેમના ઘરે તેમના મંત્રીઓ સાથે બ્રેકફાસ્ટ મિટિંગ બોલાવી હતી, જ્યાં તેમણે તેમને



તેમના નિર્ણયની જાણ કરી હતી.

નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર પણ બેઠકમાં હાજર રહ્યા હતા. શિવકુમારે સિદ્ધારમૈયાને પગે લાગ્યા હતા, ત્યારબાદ મુખ્યમંત્રી તેમને ભેટી પડ્યા હતા. કર્ણાટક સરકારના મંત્રી એચકે પાટીલે જણાવ્યું કે બેઠકમાં આગામી મુખ્યમંત્રી તરીકે ડીકે શિવકુમારના નામને મંજૂરી આપવામાં આવી છે.નિયમો મુજબ, જો રાજ્યપાલ રાજ્યમાં હાજર ન હોય તો પણ, મુખ્યમંત્રી રાજભવનના અધિકારીઓને ઈમેઈલ દ્વારા અથવા રૂબરૂમાં લેખિત રાજીનામું સુપરત કરી શકે છે. ત્યારબાદ રાજ્યપાલ તેને સ્વીકારે છે. રાજીનામું સ્વીકારાય ત્યાં સુધી વર્તમાન મુખ્યમંત્રી પદ પર રહેશે.કર્ણાટકમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ સવારે તેમણે બેંગલુરુમાં તેમના ઘરે મંત્રીઓ સાથે બ્રેકફાસ્ટ મિટિંગ બોલાવી હતી. મીટિંગ પહેલા સિદ્ધારમૈયા તમામ નેતાઓ સાથે નાસ્તો કરવા બેઠા, જેમાં ઈડલી, ચટણી, વડા અને ભાત સહિત વિવિધ વાનગીઓ ખાધી હતી.

## ભાજપે દિલ્હી, પંજાબ સહિત 4 રાજ્યોના પ્રદેશ પ્રમુખ બદલ્યા

### દિલ્હી ભાજપની કમાન હર્ષ મલ્હોત્રાના હાથમાં, હરિયાણા, પંજાબ અને ત્રિપુરાના પ્રદેશ પ્રમુખો પણ બદલાયા

**નવી દિલ્હી, તા.28**

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ સંગઠનમાં મોટા ફેરફારો શરૂ કર્યા છે. પાર્ટીએ રાષ્ટ્રીય રાજધાની દિલ્હી સહિત ચાર રાજ્યોમાં પ્રદેશ પ્રમુખોને બદલી નાખ્યા છે. કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હી, પંજાબ, હરિયાણા અને ઉત્તરપૂર્વીય રાજ્ય ત્રિપુરામાં પાર્ટીને હવે નવા પ્રદેશ પ્રમુખો મળ્યા છે. હર્ષ મલ્હોત્રાને દિલ્હી ભાજપની કમાન સોંપવામાં આવી છે. ભાજપે દિલ્હી, પંજાબ, હરિયાણા અને ત્રિપુરાના પ્રદેશ પ્રમુખોને બદલી નાખ્યા છે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને દિલ્હીમાં હર્ષ મલ્હોત્રા, પંજાબમાં સરદાર કેવલ સિંહ ધિલ્લોન, હરિયાણામાં ડૉ. અર્ચના ગુપ્તા અને ત્રિપુરામાં અભિષેક દેબરોયને પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે.

દિલ્હી ભાજપના પ્રમુખ તરીકે નિયુક્ત થયેલા હર્ષ મલ્હોત્રા પૂર્વ દિલ્હીના સાંસદ છે. મલ્હોત્રા



કેન્દ્રીય મંત્રીમંડળના સભ્ય પણ છે અને માર્ગ પરિવહન રાજ્યમંત્રીનો હોદ્દો ધરાવે છે. તેઓ વીરેન્દ્ર સચદેવનું સ્થાન લેશે.

પંજાબમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. એક વર્ષથી ઓછો સમય બાકી હોવાથી, પાર્ટીએ સુનીલ જાખડના સ્થાને પાર્ટી સંગઠનનું નેતૃત્વ કરવા માટે એક નવા નેતાની નિમણૂક કરી છે. કેવલ સિંહ ધિલ્લોન પંજાબ ભાજપના નવા પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

હરિયાણામાં, પાર્ટીએ એક મોટો સંગઠનાત્મક ફેરફાર કર્યો છે, જેમાં મોહન લાલ બદૌલીને બદલીને ડૉ. અર્ચના ગુપ્તાને નવા પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ડૉ. અર્ચના ગુપ્તા અગાઉ પાણીપત જિલ્લાના પ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા હતા. 2020માં જ્યારે હરિયાણામાં જિલ્લા પ્રમુખોની યાદી બહાર પાડવામાં આવી, ત્યારે તેઓ આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવેલી પસંદગીની કેટલીક મહિલા નેતાઓમાંની એક હતા. અર્ચના ગુપ્તાને જાટ અને બિન-જાટ સમીકરણોને સાધવા અને રાજ્યમાં મહિલાઓની ભાગીદારીનો સંદેશ આપવા માટે આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે.

પંજાબમાં સુનીલ જાખડના ત્રણ વર્ષના કાર્યકાળના અંત બાદ, ભૂતપૂર્વ ધારાસભ્ય કેવલ સિંહ ધિલ્લોનને નવા રાજ્ય ભાજપ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. 75 વર્ષીય ધિલ્લોન 2007 થી 2017 સુધી બરનાલાના ધારાસભ્ય તરીકે સેવા આપી હતી. તેમને ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહના ખૂબ નજીકના માનવામાં આવે છે. પંજાબ ચૂંટણીમાં કોંગ્રેસની હાર બાદ, ધિલ્લોન જૂન 2022માં ભાજપમાં જોડાયા હતા. તેઓ અગાઉ પંજાબ ભાજપના ઉપપ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા છે. માલવા ક્ષેત્રમાં તેમની મજબૂત હાજરી અને શીખ ચહેરા તરીકેની તેમની સ્થિતિને કારણે પાર્ટીએ તેમનામાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

ત્રિપુરાના ઉત્તરપૂર્વીય રાજ્યમાં, યુવા ધારાસભ્ય અભિષેક દેબરોયને રાજીવ ભટ્ટાચાર્યજીના સ્થાને પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. 40 વર્ષીય દેબરોય હાલમાં ગોમતી જિલ્લાના માતાબારી વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય છે. તેમણે 2023ની ત્રિપુરા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારને મોટા માર્જિનથી હરાવીને વિધાનસભામાં એન્ટ્રી કરી હતી. ફાર્મસી ગ્રેજ્યુએટ દેબરોય યુવાન છે અને પાર્ટીના યુવા મતદારો અને કાર્યકરોમાં લોકપ્રિય છે.



# દિવસભરના ઉકળાટ બાદ બનાસકાંઠા-પાટણના વાતાવરણમાં પલટો

## પાલનપુર, વડગામ અને દાંતા સહિતના વિસ્તારોમાં ઠંડક પ્રસરી, ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી

**અમદાવાદ, તા.28**

રાજ્યમાં આગ ઝરતી ગરમી યથાવત્ રહેવા પામી છે, ત્યારે બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં દિવસભરની ગરમી અને ઉકળાટ બાદ મોડી સાંજે આકાશ વાદળછાયું બન્યું હતું. અનેક વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની શરૂઆત થઈ હતી, જેના કારણે લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળી હતી.



પાલનપુર ઉપરાંત વડગામ, દાંતા અને અમીરગઢ સહિતના વિસ્તારોમાં ભારે પવન સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. કેટલાક વિસ્તારોમાં ધૂળની ડમરીઓ ઉડતી જોવા મળી હતી.

હવામાન વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં આગામી ત્રણ દિવસ એટલે કે 30 અને 31 મે તેમજ 1 જૂનના રોજ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ અચાનક બદલાયેલા વાતાવરણ અને વરસાદની આગાહીને કારણે ખેડૂતોમાં ચિંતાનો વધારો થયો છે.

બુધવારે રાજ્યમાં ગરમીનો પારો 43 ડિગ્રી પાર રહ્યો. સુરેન્દ્રનગર સતત બીજા દિવસે 44C સાથે સૌથી ગરમ રહ્યું, અહીંનું લઘુત્તમ તાપમાન 28.6C નોંધાયું છે, જ્યારે મહત્તમ સામાન્ય કરતા 1.6C વધારે રહ્યું. અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન 43.6C નોંધાયું હતું, જે સામાન્ય તાપમાન કરતાં 1.7C જેટલું વધુ હતું, જ્યારે ત્યાંનું લઘુત્તમ તાપમાન 28.9C રહ્યું હતું, જે સામાન્ય કરતાં 0.7C વધુ હતું.

આ ઉપરાંત રાજકોટમાં મહત્તમ 43.3C અને લઘુત્તમ તાપમાન 26.6C નોંધાયું હતું. ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 42.5C, અમરેલીમાં 42.1C અને ડીસામાં 41.8C નોંધાયું હતું. હવામાન વિભાગના અહેવાલ અનુસાર, સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દીવ, દમણ, દાદરા નગર હવેલીમાં હવામાન સંપૂર્ણપણે સૂકું રહ્યું છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું છે, જ્યારે બાકીના વિસ્તારોમાં તે સામાન્ય રહ્યું છે.

ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો તેમજ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ગરમ અને ભેજવાળા પવનને કારણે રાત્રે પણ અકળામણ (ડિસ્કમ્ફર્ટ) ભર્યું વાતાવરણ રહે છે. આગામી બે દિવસ હજુ લોકોએ અસહ્ય અકળામણનો સામનો કરવો પડશે.

હવામાન વિભાગની આગાહી મુજબ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવને કારણે 30 મેથી 2 જૂન દરમિયાન ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદી માહોલ બનશે. ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ વરસે તેવી આગાહી કરવામાં આવી છે. આગામી બે દિવસ બાદ તાપમાનમાં 3થી 5 ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાઈ શકે છે, જેના કારણે લોકોને ગરમીમાંથી રાહત મળશે. સાથે જ અરેબિયન સમુદ્ર તરફથી ચોમાસા માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ રહી હોવાનું પણ જણાવાયું છે.

28 મે: આજે તમામ જિલ્લાઓમાં હવામાન સંપૂર્ણપણે સૂકું રહેશે. 30 મે: કચ્છ, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા અને તાપી જિલ્લામાં વરસાદની શક્યતા છે. 31 મે: કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે.1 જૂન: બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, પંચમહાલ, મહીસાગર, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દાદરા નગર હવેલી, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવ જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. 2 જૂન: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વરસાદી વાતાવરણ યથાવત્ રહેવાની શક્યતા છે.

દક્ષિણ-પશ્ચિમ (નૈઋત્યનું) ચોમાસું 27 મે, 2026ના રોજ અરબી સમુદ્રના કેટલાક વધુ ભાગો, લક્ષદ્વીપ, બંગાળની ખાડી અને આંદામાન સમુદ્ર તરફ આગળ વધ્યું છે. આગામી 2-3 દિવસમાં તે દેશના અન્ય ભાગોમાં વધુ આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે. આજથી (28 મે) એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તર-પશ્ચિમ ભારતને અસર કરે તેવી શક્યતા છે.

# GPNAMEC દ્વારા મેડિકલ અને પેરામેડિકલ કોર્સમાં પ્રવેશ પ્રક્રિયાની જાહેરાત.....

**અમદાવાદ, તા.28**

મેડિકલ અને પેરામેડિકલ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ એન્ડ એલાઈડ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસ દ્વારા વર્ષ 2026-27 માટે બી.એસ.સી નર્સિંગ, બી. ફિઝિયોથેરોપી, બી ઓર્થોપેડીક્સ સહિતના કોર્સમાં પ્રવેશ પ્રક્રિયાની જાહેરાત કરવામાં આવી છે. 29 મેથી ઓનલાઇન પિન ખરીદી અને રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવશે. જે બાદ વિદ્યાર્થીઓને રાજ્યભરમાં 56 હજારથી વધુ બેઠકો પર પ્રવેશ આપવામાં આવશે. વિદ્યાર્થીઓએ સમયમર્યાદામાં રજીસ્ટ્રેશન પૂર્ણ કરવાની સાથે હેલ્પ સેન્ટર પર ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવાનું રહેશે.



ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ એન્ડ એલાઈડ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસની પ્રવેશ સમિતિ એટલે કે GPNAMEC દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે વિવિધ મેડિકલ અને પેરામેડિકલ કોર્સમાં પ્રવેશ પ્રક્રિયાની જાહેરાત કરવામાં આવી છે. પ્રવેશ નિયમોમાં કરવામાં આવેલા સુધારાને પગલે બી.એસ.સી નર્સિંગ, બી. ફિઝિયોથેરાપી, જી.એન.એમ., એ.એન.એમ., બી.ઓપ્ટોમેટ્રી, બી.ઓક્યુપેશનલ થેરાપી, બી.ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ, બી.એ.એસ.એલ.પી અને બી.નેચરોપથી જેવા અભ્યાસક્રમો માટે ઓનલાઇન પિન ખરીદી અને રજીસ્ટ્રેશન પ્રક્રિયા ફરી શરૂ કરવામાં આવી છે. ગુજરાત બોર્ડ ઉપરાંત CBSE, CISCE, કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ બોર્ડ અને NIOS હેઠળ ગુજરાતની સ્કૂલોમાં અભ્યાસ કરનારા તથા લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ આ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.

પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ 29 મે 2026ના રોજ સવારે 11 વાગ્યાથી ઓનલાઈન પિન ખરીદી અને ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થશે. વિદ્યાર્થીઓ 12 જૂન 2026ના બપોરે 12 વાગ્યા સુધી ઓનલાઈન પિન ખરીદી શકશે. જ્યારે રજીસ્ટ્રેશન અને જરૂરી પ્રમાણપત્રો અપલોડ કરવાની પ્રક્રિયા 12 જૂન સાંજે 4 વાગ્યા સુધી ચાલુ રહેશે. ત્યારબાદ 30મેથી 13 જૂન સુધી વિદ્યાર્થીઓએ નજીકના હેલ્પ સેન્ટર પર જઈને અરજી અને મૂળ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે. રાજ્યભરમાં કુલ 145 હેલ્પ સેન્ટરોને મંજૂરી આપવામાં આવી છે. વિદ્યાર્થીઓએ પ્રવેશ સમિતિની સત્તાવાર વેબસાઈટ www.medadmgujarat.org પરથી 1000 રૂપિયાની નોન-રિફંડેબલ ફી ચૂકવી પિન ખરીદવાનો રહેશે. ત્યારબાદ રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર USER ID અને PIN મોકલવામાં આવશે.

રાજ્યમાં સરકારી અને સ્વનિર્ભર સંસ્થાઓમાં મળીને કુલ 56,754 બેઠકો છે. તેમાં બી.એસ.સી નર્સિંગમાં 16,245, જી.એન.એમ.માં 22,492, એ.એન.એમ.માં 12,193 અને બી. ફિઝિયોથેરાપીમાં 5,346 બેઠકોનો સમાવેશ થાય છે. તેમજ બી. ઓપ્ટોમેટ્રી, બી.ઓક્યુપેશનલ થેરાપી, બી.ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્ટેટિક્સ, બી.એ.એસ.એલ.પી અને બી.નેચરોપથી જેવા વિશેષ કોર્સમાં પણ પ્રવેશ આપવામાં આવશે. કોઈ પ્રશ્ન કે રજૂઆત માટે વિદ્યાર્થીઓ pnamec.admcommittee1@gmail.com ઈ-મેઈલ દ્વારા સંપર્ક કરી શકશે.

# AIથી સો.મીડિયા ઈન્ફ્લુએન્સર યુવતીના ન્યૂડ ફોટો બનાવનાર ઝડપાયો: ધાર્મિક ઉપદેશના નામે મિત્રતા કરી

અમદાવાદ, તા.28

અમદાવાદ સાયબર ક્રાઈમ દ્વારા 1મેથી સાયબર રક્ષિતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.જેમાં મહિલાઓના ફેક આઈડી, મોર્ફ કરેલા ફોટા સહિતની અલગ અલગ ફરિયાદ નોંધી કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે અમદાવાદની સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર યુવતીના નામથી આઠથી દસ એકાઉન્ટ બનાવી યુવતીના ફોટા AI આધારિત ન્યૂડ ફોટા બનાવી પોસ્ટ કરનાર યુવકની સાયબર ક્રાઈમે ધરપકડ કરી છે.આરોપીએ માત્ર યુવતીના જ નહીં પરંતુ તેની માતા અને માસીના પણ મોર્ફ કરેલા ફોટા બનાવીને સોશલ મીડિયામાં મૂક્યા હતા.



અમદાવાદમાં રહેતી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર યુવતીએ સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી કે, ડિસેમ્બરથી એપ્રિલ સુધી અજાણી વ્યક્તિએ તેના નામના ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર ફેક આઈડી બનાવી યુવતીના ફોટાનો ઉપયોગ કરીને ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કર્યા હતા.આ યુવતીના ફોટાને AIથી ન્યૂડ ફોટા બનાવી તે પણ અપલોડ કર્યા હતા. યુવતીને સતત હેરાન કરીને બદનામ કરવામાં આવી રહી હતી. જેથી સાયબર ક્રાઈમે યુવતીની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી.

પોલીસે તપાસ દરમિયાન દિલ્હીમાં રહેતા સુમિત નામના આરોપીની ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું હતું કે આરોપી સોશિયલ મીડિયા પર ધાર્મિક ઉપદેશ આપે છે. આરોપીએ યુવતી સાથે ધાર્મિક વાતો કરીને મિત્રતા કરી હતી.જે બાદ આરોપી યુવતીના વધુ નજીક આવવાનો પ્રયત્ન કરતો હતો.જેથી યુવતીએ આરોપી સાથેનો સંબંધ તોડી નાખ્યો હતો. આરોપીને યુવતી સાથેનો એક તરફથી પ્રેમ થયો હતો.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરની પ્રોફાઈલ ઓપન હોવાથી 100થી વધુ ફોટા મોર્ફ કરીને યુવતીના નામના જ વિવિધ એકાઉન્ટ બનાવ્યા હતા. જેમાં યુવતીના ફોટા અપલોડ કર્યા હતા.

સાયબર ક્રાઈમના ડીસીપી લવીના સિંહાએ જણાવ્યું હતું કે, યુવતીના AIથી ન્યૂડ ફોટા અને રીમોવ ક્લોથ ટુલથી બનાવેલા ફોટા અપલોડ કર્યા હતા.આ ફોટા અપલોડ કર્યા બાદ આરોપી જ યુવતીને એકાઉન્ટ ડિલીટ કરાવી દેશે તેવું કહીને સંબંધ સુધારવાનો પ્રયત્ન કરતો હતો.આરોપીએ યુવતીના માતા અને માસીના પણ મોર્ફ કરેલા ફોટાનો ઉપયોગ કર્યો હતો.જો કે ધરપકડ બાદ આરોપીએ યુવતી માટે એક તરફી લાગણી હોવાથી ફોટા અપલોડ કર્યા હોવાનું સ્વીકાર્યું છે.

## અમદાવાદના રોડ પર ભરઉનાળે પણ 'ભૂવા'

# શહેરમાં 15 દિવસમાં 5 જગ્યાએ ભૂવા પડતા વાહનચાલકોને હાલાકી, ડ્રેનેજ અને પાણીની લાઈનો વર્ષો જૂની હોવાથી રોડ બેસી ગયા

**અમદાવાદ, તા.28**

અમદાવાદમાં રોડની નીચે આવેલી ડ્રેનેજ અને પાણીની લાઈનો હવે ગમે ત્યારે તૂટી જવાના કારણે રોડ બેસી જવાની અને ભૂવા પડવાની ઘટનાઓ વધી રહી છે. સામાન્ય રીતે ચોમાસામાં આવી ઘટનાઓ વધારે બનતી હોય છે, પરંતુ હવે ગમે ત્યારે રોડ પર ભૂવો પડે છે. જેના કારણે થઈને નાગરિકોને હાલાકી પડી રહી છે. શહેરના વાડજ, ખાડિયા, વટવા, સોલા, એસજી હાઈવે સહિતના અલગ અલગ સ્થળોમાં છેલ્લા 15 દિવસમાં 5 જેટલા ભૂવા પડ્યા છે. ડ્રેનેજ લાઈનો વર્ષો જૂની થઈ ગઈ હોવાના પગલે ખવાઈ ગઈ છે અને લાઈન તૂટી જતા રોડ બેસી જવાથી ભુવો પડે છે.



મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અલગ અલગ જગ્યાએ ડ્રેનેજ લાઈનના રિપેરિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. વાડજ બ્રિજ પાસે ભુવો પડતા રોડ બંધ કરી વાહનચાલકોને ટ્રાફિક ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. જેના કારણે ગલીઓમાં થઈને વાહનો કાઢવા પડી રહ્યા છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જૂની લાઈનોને રીપેર કરવાની કામગીરી કરવામાં આવતી હોય છે. તેમ છતાં પણ અનેક જગ્યાએ જૂની લાઈન ખવાઈ ગઈ હોવાના કારણે તૂટી જાય છે. જેથી રોડ બેસી જવાની અને ભૂવો પડવાની ઘટનાઓ બનતી હોય છે. વાડજ વિસ્તારમાં નવો ફ્લાય ઓવરબ્રિજ બની રહ્યો છે જેની બાજુમાં રોડની નીચે ડ્રેનેજ લાઈન આવેલી છે, જે લાઈન જૂની હોવાના કારણે બ્રિજના બાંધકામને અડીને આવેલા મેન હોલ પાસે લાઈન તૂટી ગઈ હોવાથી રોડ બેસી ગયો હતો. રોડ બેસી જવાના કારણે તાત્કાલિક ધોરણે રોડને બંધ કરવામાં આવ્યો હતો અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રિપેરીંગ શરૂ કરવામાં આવ્યું છે.

શહેરના ખાડિયા વિસ્તારમાં ઝકરીયા મસ્જિદ પાસેના રોડ ઉપર પણ ભુવો પડ્યો છે. રોડ પર ભૂવો પડ્યો હોવાના કારણે થઈને આસપાસમાં બેરીકેડિંગ કરવાની જરૂરિયાત હોય ત્યાં યોગ્ય રીતે બેરીકેડિંગ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું નથી અને ખૂબ સાંકડો રોડ છે. જેથી આ રોડ ઉપરથી પસાર થનારા વાહનચાલકોને પણ હાલાકીનો સામનો કરવો પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ભૂવો રીપેરીંગ કરવામાં આવશે ત્યારે આ રોડને બંધ કરવામાં આવશે જેથી લોકોને ફરીને જવું પડશે. એસજી હાઈવે પર સોલા વિસ્તારમાં પણ છેલ્લા 15 દિવસથી ભૂવો રીપેરીંગ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે તેના કારણે પણ લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

શહેરના વટવા વિસ્તારમાં પણ બીબી તળાવ પાસે 20 દિવસ પહેલા ભૂવો પડ્યો હતો. દક્ષિણ ઝોનના ઈજનેર વિભાગ દ્વારા આ ભૂવાના રીપેરીંગની કામગીરી કરવામાં આવી હતી. છેલ્લા કેટલા દિવસથી આ કામગીરી ચાલી રહી હતી. ત્યારે આ કામગીરી દરમિયાન એક ક્રેન ભૂવામાં પડી ગઈ હતી. છેલ્લા 20 દિવસથી કામગીરી કરવામાં આવી રહી છે પરંતુ હજી સુધી કામગીરી પૂર્ણ થઈ નથી. ધીમી ગતિએ કામગીરી કરવામાં આવી રહી હોવાના કારણે લોકોને અવર જવરમાં પણ તકલીફ પડી રહી છે. ભૂવો પડ્યો હોવાના કારણે રોડ બંધ કરવામાં આવ્યો છે. જેથી એક તરફના રોડ પરથી જ લોકોને અવર-જવર કરવી પડી રહી છે.

# હાઈકોર્ટે વિદ્યાર્થીની અરજી નકારી: JEE મેઈન્સમાં જનરલ કેટેગરીમાં પરીક્ષા આપનાર વિદ્યાર્થીએ JEE એડવાન્સમાં EWS કેટેગરીમાં બેસવા માંગ કરી

**અમદાવાદ, તા.28**

ગુજરાત હાઈકોર્ટે JEE મેઈન્સમાં જનરલ કેટેગરીના ઉમેદવાર તરીકે હાજર રહ્યા પરંતુ JEE એડવાન્સ માટે આર્થિક રીતે નબળા વર્ગ- EWS ક્વોટામાં જેમની ઉમેદવારી સ્વીકારવામાં આવી ન હતી એવા એક વિદ્યાર્થી દ્વારા દાખલ કરાયેલી અરજીને ફગાવી દીધી છે. અરજીને ફગાવી દેતાં હાઈકોર્ટે જણાવ્યું હતું કે, JEE મેઈન્સમાં સામાન્ય ઉમેદવાર તરીકે અરજી કરનાર અને સફળ જાહેર થયેલા ઉમેદવારને ત્યારબાદ તેમની કેટેગરી બદલીને GEN-EWS કરવાની મંજૂરી આપી શકાય નહીં.



આ કેસ અમદાવાદના એક વિદ્યાર્થીનો હતો, જેણે રજૂઆત કરી હતી કે તેમણે સામાન્ય કેટેગરીમાં JEE મેઈન્સ માટે અરજી કરી હતી અને 99.5987 NTA સ્કોર મેળવ્યો હતો, જેના કારણે તેઓ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં પ્રવેશ મેળવવા માટે JEE એડવાન્સમાં બેસવા પાત્ર બન્યા હતા. JEE મેઈન્સ પાસ કર્યા પછી તેમણે પરિવારની નબળી આર્થિક સ્થિતિને કારણે 6 એપ્રિલના રોજ સત્તાવાળાઓ પાસેથી EWS પ્રમાણપત્ર મેળવ્યું હતું. જ્યારે તેમણે 23 એપ્રિલે JEE એડવાન્સ માટે અરજી કરી ત્યારે તેમને GEN-EWS કેટેગરીમાં અરજી કરવા દેવામાં આવી ન હતી.

આથી વિદ્યાર્થીએ હાઈકોર્ટમાં અરજી કરી હતી, જ્યાં તેના વકીલે રજૂઆત કરી હતી કે વિદ્યાર્થી ટેક્નિકલ ખામીને કારણે EWS કેટેગરીમાં અરજી કરી શક્યો ન હતો અને તેણે હાઈકોર્ટને IIT-રૂડકીને ક્વોટામાં અરજી કરવાની મંજૂરી આપવા માટે નિર્દેશ આપવા વિનંતી કરી હતી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, EWS સ્ટેટસ વિદ્યાર્થીને સ્કોલરશિપ મેળવવામાં મદદ કરશે, અન્યથા તેના પરિવારને તેના શિક્ષણ માટે પૈસાની વ્યવસ્થા કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

આ કેસની સુનાવણી બાદ હાઈકોર્ટે એવું જણાવ્યું છે કે, શરૂઆતમાં અરજદારે JEE મેઈન્સ હેઠળ જનરલ કેટેગરીના ઉમેદવાર તરીકે અરજી કરવાનો વિકલ્પ પસંદ કર્યો હતો. એવું ન બની શકે કે, JEE મેઈન્સ માટેની અરજી પછી અરજદારને આર્થિક ફટકો અથવા એવા પરિણામો ભોગવવા પડ્યા હોય અને તેથી તેઓ GEN-EWS કેટેગરી હેઠળ વર્ગીકૃત ઉમેદવારમાં પરિવર્તિત થઈ ગયા હોય. આ સંદર્ભમાં અરજદાર દ્વારા કોઈ ચોક્કસ દલીલો કે પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી.

હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, આવા ઉમેદવારને તેમની કેટેગરી સામાન્યમાંથી EWSમાં બદલવાની મંજૂરી આપી શકાય નહીં. કોર્ટે કહ્યું હતું કે અરજદાર દ્વારા જેને ટેકનિકલ ખામી તરીકે દર્શાવવામાં આવી રહી છે, તે વાસ્તવમાં સામાન્યમાંથી GEN-EWS કેટેગરીમાં કેટેગરી બદલવાનો એક પ્રયાસ છે, જેની પરવાનગી આપી શકાય નહીં. આથી યોગ્ય ગુણવત્તાના અભાવે આ અરજી ફગાવી દેવાને પાત્ર છે અને તે મુજબ તેનો નિકાલ કરવામાં આવે છે.

## અમદાવાદ રેલવે સ્ટેશન પર મુસાફરોનો હોબાળો

# વેરાવળ-ત્રિવેન્દ્રમ એક્સપ્રેસના 9 એસી કોચમાં AC બંધ, મુસાફરો પરેશાન.....

**અમદાવાદ, તા.28**

અમદાવાદ રેલવે સ્ટેશન પરથી એક મોટા બેદરકારીના દ્રશ્યો સામે આવ્યા છે. વેરાવળથી ત્રિવેન્દ્રમ જઈ રહેલી ટ્રેન નંબર 16333 વેરાવળ-ત્રિવેન્દ્રમ એક્સપ્રેસમાં છેલ્લા 2 થી 3 કલાકથી એસી બંધ હોવાથી મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ટ્રેનમાં નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધીના મુસાફરો ગરમી અને ઉકળાટ વચ્ચે મુશ્કેલીમાં મુકાયા છે. અમદાવાદ સ્ટેશન પર એન્જિન બદલવાના નામે ટ્રેનને લાંબા સમયથી ઊભી રાખવામાં આવતા મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.



અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 5, જ્યાં વેરાવળ-ત્રિવેન્દ્રમ એક્સપ્રેસ છેલ્લા એક કલાકથી વધુ સમયથી ઉભી રાખવામાં આવી છે. મુસાફરોના જણાવ્યા અનુસાર ટ્રેનના અંદાજે 9 જેટલા એસી કોચમાં છેલ્લા 3 કલાકથી AC સંપૂર્ણપણે બંધ છે. ગરમી અને ઘૂંટણના કારણે મુસાફરોની હાલત કફોડી બની ગઈ છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધ મુસાફરોને ભારે તકલીફ પડી રહી છે. પરિસ્થિતિથી કંટાળેલા અનેક મુસાફરો ટ્રેનમાંથી નીચે ઉતરી પ્લેટફોર્મ પર આવી ગયા હતા અને રેલવે તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. ઘટનાસ્થળે ટીસી અને રેલવે પોલીસ હાજર હોવા છતાં મુસાફરોનો આરોપ છે કે કોઈ યોગ્ય જવાબ આપવામાં આવી રહ્યો નથી. ટેકનિકલ સ્ટાફ અને ટેકનિશિયન સમયસર ન પહોંચતા સમસ્યાનો ઉકેલ પણ આવી રહ્યો નથી. મુસાફર જય વાઢેરે વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ કલાકથી ટ્રેનનું AC બંધ છે. નાના બાળકો અને વૃદ્ધ લોકો બહુ પરેશાન થઈ રહ્યા છે. અમદાવાદમાં એન્જિન બદલવાના નામે ટ્રેન ઊભી રાખી છે, પણ કોઈ જવાબ આપતું નથી. ટીસી અને પોલીસ હાજર છે છતાં કોઈ કાર્યવાહી થતી નથી. મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. અન્ય મુસાફરો પણ રોષ ઠાલવી રહ્યા છે 85 થી 90 વર્ષના વૃદ્ધો અને નાના નાના બાળકો હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે. રેલવે તંત્રની આ બેદરકારી સામે હવે મુસાફરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. હજારો રૂપિયાની AC ટિકિટ લઈને મુસાફરી કરતા લોકોને આવી ગરમીમાં હેરાન થવું પડે તે ખરેખર ગંભીર પ્રશ્ન છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# ઈરાન પછી ઓમાનને ટ્રમ્પની ધમકી: કહ્યું- હોર્મુઝ પર કોઈનો કંટ્રોલ સહન નહીં કરીએ, ઉડાવી દઈશું, મને ચૂંટણીની પરવા નથી

**વોશિંગ્ટન, તા.28**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટને લઈને ઈરાન પછી હવે ઓમાનને ધમકી આપી છે. તેમણે કહ્યું કે આ આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગ છે અને અહીં કોઈ એક દેશનો કબજો ન હોઈ શકે. દુનિયાના તમામ જહાજોને અહીંથી પસાર થવાની આઝાદી હશે.



ટ્રમ્પે કહ્યું કે અમે તેના પર નજર રાખીશું, પરંતુ તેને કોઈ નિયંત્રિત નહીં કરે. ઈરાન તેને નિયંત્રિત કરવા માંગે છે, પરંતુ આવું નહીં થાય. આ આંતરરાષ્ટ્રીય જળક્ષેત્ર છે. ઓમાનને પણ બાકીના દેશોની જેમ વર્તવું પડશે, નહીં તો તેને ઉડાવી દઈશું.

આ પહેલા ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાનને લાગ્યું હતું કે તેઓ વાતચીતમાંથી પીછેહઠ કરશે, પરંતુ હવે તેહરાન પાસે સમજૂતી કરવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી.

વ્હાઈટ હાઉસમાં કેબિનેટ બેઠક દરમિયાન ટ્રમ્પે કહ્યું, 'ઈરાનને લાગ્યું હતું કે તેઓ મને રાહ જોવડાવીને થકવી દેશે. તેમને લાગ્યું કે મારી સામે મિડટર્મ ચૂંટણીઓ છે, પરંતુ મને તેની પરવા નથી. ઈરાન હવે ફક્ત સમજૂતી કરવા માંગે છે.'

ઈરાન-અમેરિકા ડીલનો દાવો- ઈરાને દાવો કર્યો કે અમેરિકા સાથે યુદ્ધ સમાપ્ત કરવા માટે પ્રારંભિક સમજૂતીનો ડ્રાફ્ટ તૈયાર થયો છે, જેમાં હોર્મુઝ સ્ટ્રેટમાં શિપિંગ પુનઃસ્થાપિત કરવા અને અમેરિકી સૈન્યની હાજરી ઘટાડવાનો પ્રસ્તાવ સામેલ છે. અમેરિકાએ રિપોર્ટને ખોટો ગણાવ્યો- વ્હાઈટ હાઉસે ઈરાની મીડિયાની શાંતિ સમજૂતીવાળી રિપોર્ટને સંપૂર્ણપણે ખોટો ગણાવ્યો. અમેરિકાએ કહ્યું કે બંને દેશો વચ્ચે કોઈપણ પ્રકારનો સત્તાવાર ડ્રાફ્ટ તૈયાર થયો નથી.

લેબનોનમાં ઈઝરાયલી હુમલા તેજ- દક્ષિણ લેબનોનમાં ઈઝરાયલના તાજેતરના હવાઈ હુમલામાં ઓછામાં ઓછા 31 લોકોના મોત થયા અને 40 ઘાયલ થયા. સતત હુમલાઓ વચ્ચે લોકોમાં ભય છે અને મોટા પાયે સ્થળાંતર ચાલુ છે.

ઈરાને ભારતીય નાવિકોને છોડ્યા- ઈરાને લાંબા રાજદ્વારી પ્રયાસો બાદ જુલાઈ 2025થી અટકાયતમાં રાખવામાં આવેલા 10 ભારતીય નાવિકોને મુક્ત કર્યા. તમામ નાવિકો ટૂંક સમયમાં ભારત પરત ફરશે અને હાલમાં સુરક્ષિત હોવાનું જણાવાયું છે.

હમાસ કમાન્ડરને મારવાનો દાવો- ઈઝરાયલે ગાઝામાં હવાઈ હુમલામાં હમાસની સૈન્ય શાખાના નવા કમાન્ડર મોહમ્મદ ઓડેહને મારવાનો દાવો કર્યો. આ હુમલો ગાઝા સિટીની રહેણાંક ઈમારત પર ઘણા મહિનાઓની દેખરેખ બાદ કરવામાં આવ્યો હતો.

ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા મુજતબા ખામેનીએ અમેરિકા અને ઈઝરાયેલ પર ઈરાનની અંદર ભાગલા પાડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે લોકોને એકજૂટ રહેવાની અપીલ કરી.

ઈરાની સરકારી મીડિયામાં જાહેર કરાયેલા નિવેદનમાં ખામેનીએ કહ્યું કે અમેરિકા અને ઈઝરાયેલ સૈન્ય મોરચે નિષ્ફળ રહ્યા પછી હવે ઈરાનને અંદરથી નબળું પાડવા માંગે છે. તેમણે કહ્યું,

કુવૈતે તેના ક્ષેત્ર પર થયેલા ઈરાની મિસાઈલ અને ડ્રોન હુમલાઓની સખત નિંદા કરી છે. કુવૈતના વિદેશ મંત્રાલયે એક નિવેદન જારી કરીને કહ્યું કે ઈરાન તાત્કાલિક અને કોઈપણ શરત વિના હુમલા બંધ કરે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે,

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ દાવો કર્યો છે કે ઈરાને કુવૈત તરફ બેલેસ્ટિક મિસાઈલ છોડી હતી, જેને કુવૈતી સેનાએ રોકી દીધી હતી. અમેરિકાએ તેને યુદ્ધવિરામનું ગંભીર ઉલ્લંઘન ગણાવ્યું છે.

CENTCOM અનુસાર, 27 મેની રાત્રે 10:17 વાગ્યે ઈરાને કુવૈત તરફ બેલેસ્ટિક મિસાઈલ લોન્ચ કરી હતી. કુવૈતી સુરક્ષા દળોએ તેને હવામાં જ તોડી પાડ્યું હતું. અમેરિકાએ કહ્યું કે મિસાઈલ હુમલાના થોડા કલાકો પહેલા ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસ 5 વન-વે એટેક ડ્રોન પણ મોકલ્યા હતા, જેને અમેરિકી સેનાએ રોકી દીધા હતા.

CENTCOM એ દાવો કર્યો કે અમેરિકી દળોએ બંદર અબ્બાસ સ્થિત ઈરાની ગ્રાઉન્ડ કંટ્રોલ સાઈટ પરથી છઠ્ઠું ડ્રોન લોન્ચ થતું પણ અટકાવ્યું. અમેરિકી સેનાએ કહ્યું કે તે અને તેના પ્રાદેશિક સહયોગી ઈરાની આક્રમકતાથી પોતાના સૈનિકો અને હિતોની રક્ષા માટે સતર્ક છે. યુરોપિયન યુનિયન (EU) એ ચેતવણી આપી છે કે જો હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ આગામી કેટલાક અઠવાડિયા સુધી ચાલુ રહેશે, તો જેટ ફ્યુઅલની અછત થઈ શકે છે. તેની અસર એરલાઈન્સ અને હવાઈ ટિકિટોની કિંમતો પર પડી શકે છે. EU ના ઉર્જા વિભાગે કહ્યું કે અત્યાર સુધી લોકો સુધી ઓઈલ અને પેટ્રોલિયમના સપ્લાય પર સીધી અસર થઈ નથી, પરંતુ બજારમાં દબાણ વધી રહ્યું છે. યુરોપનું કહેવું છે કે જો સ્થિતિ જલ્દી સુધરશે નહીં, તો ખાસ કરીને જેટ ફ્યુઅલ મોંઘું અને ઓછું પડી શકે છે. હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી મોટા ઓઈલ સપ્લાય રૂટ્સમાંથી એક છે. અહીં તણાવ વધવાથી તેલના સપ્લાય અને કિંમતો પર અસર પડી રહી છે. નિષ્ણાતોનું માનવું છે કે જો સંકટ લાંબુ ચાલશે, તો એરલાઈન્સનો ખર્ચ વધશે અને તેની અસર મુસાફરો પર પણ પડી શકે છે. ઈરાન ફૂટબોલ ફેડરેશને FIFA પાસેથી માગ કરી છે કે 2026 ફીફા વર્લ્ડ કપ માટે ટીમને અમેરિકાના મલ્ટીપલ એન્ટ્રી વિઝા અપાવવામાં આવે. ઈરાનને આશંકા છે કે અમેરિકી વિઝા નિયમોથી ટીમની યાત્રા પ્રભાવિત થઈ શકે છે. ઈરાન ફૂટબોલ ફેડરેશનના અધ્યક્ષ મેહદી તાજે કહ્યું કે FIFA પાસેથી અપેક્ષા છે કે તે એવા વિઝા અપાવશે, જેનાથી ખેલાડીઓ અમેરિકામાં એન્ટ્રી લઈને ફરીથી મેક્સિકો પાછા ફરી શકે.

# આણંદની દીકરીની કેનેડામાં ચાકુ મારી હત્યા: પૈસા બાબતે હુમલો

કેનેડા, તા.28

વિદેશમાં રહેતા ભારતીયો પર હુમલાની ઘટનાઓ વચ્ચે હવે ગુજરાતની વધુ એક દીકરીની હત્યાના સમાચાર સામે આવ્યા છે. આણંદ જિલ્લાના બોરસદની રહેવાસી 22 વર્ષીય વિધિ મેઘાની કેનેડામાં ચાકુ મારીને હત્યા કરી દેવામાં આવી છે. આ ઘટના બાદ પરિવાર અને સમગ્ર વિસ્તારમાં શોકની લહેર છે. વિધિ છેલ્લા ચાર વર્ષથી કેનેડાના નિયાગ્રા વિસ્તારમાં રહેતી હતી. તે ત્યાં લો (કાયદા)નો અભ્યાસ કરી રહી હતી અને અભ્યાસની સાથે-સાથે નોકરી પણ કરતી હતી. આ સિવાય તે કેનેડામાં કાયમી વસવાટ એટલે કે પીઆર (PR)ની તૈયારી પણ કરી રહી હતી.



માહિતી મુજબ, 15 મેના રોજ વિધિ ઘરની બહાર નીકળી હતી. આ દરમિયાન તેના પર હુમલો થયો હતો. હુમલાખોરે ધોળાદિવસે તેના પર ચાકુથી હુમલો કર્યો હતો. પૈસાની બાબતમાં હુમલો કરવામાં આવ્યો હતો. હુમલો એટલો ખતરનાક હતો કે વિધિ ગંભીર રીતે ઘાયલ થઈ ગઈ હતી.

ઘટના બાદ સ્થાનિક લોકોએ તરત જ તેને હોસ્પિટલ પહોંચાડી હતી, પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી દીધી. આ દર્દનાક ઘટનાના સમાચાર સામે આવતા જ બોરસદ અને આસપાસના વિસ્તારમાં લોકો સ્તબ્ધ થઈ ગયા. સ્થાનિક પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી દીધી છે. પોલીસે આ મામલામાં એક આરોપીની ધરપકડ પણ કરી લીધી છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે હજુ સુધી હત્યા પાછળનું અસલી કારણ સામે આવી શક્યું નથી.

આંખોમાં સોનેરી સપના સજાવીને વિધિ 4 વર્ષ પહેલાં કેનેડા ભણવા માટે ગઈ હતી. તે ત્યાં અભ્યાસ કરવાની સાથે પાર્ટ-ટાઈમ જોબ કરીને પોતાના પગભર થઈ રહી હતી. આ ઘટનાના માત્ર 15 દિવસ પહેલા જ તે કેનેડાના હેમિલ્ટનથી સેન્ટ કેથરીન્સમાં શિફ્ટ થઈ હતી. ગત 14 મેના રોજ જ તેણે પોતાના પિતા સાથે ફોન પર ખૂબ જ ખુશ થતાં-થતાં પીઆર માટે એપ્લાય કરવાની વાત કરી હતી. પરિવાર દર 10 દિવસે ફોન પર અને રોજ મેસેજથી વિધિ સાથે વાત કરતો હતો, પરંતુ 15 મે પછી વિધિને મોકલેલા મેસેજ ક્યારેય ડિલિવર થયા ન હતા. પરિવાર દીકરીના સંપર્ક ન થવાને કારણે ચિંતિત હતો, પરંતુ તેમને અંદાજ ન હતો કે તેમની દીકરી હવે આ દુનિયામાં રહી નથી.

વિધિનો આખો પરિવાર બોરસદમાં રહે છે. બોરસદ ખાતે આવેલા વિધિના ઘરે ભારે માતમ છવાયેલો છે. દીકરીના અકાળે અવસાનથી વિધિની માતા ભાન ભૂલી ચૂકી છે અને હોશમાં આવતા જ તે રડી-રડીને કહી રહી છે કે, દીકરીને કેટલાય લાડકોડથી મોટી કરી હતી અને આજે તેનું મોઢું જોવાનું પણ નસીબ થઈ રહ્યું નથી. વિધિના માસી અને અન્ય પરિવારજનોએ સરકારને આક્રંદ સાથે વિનંતી કરી છે કે, તેમની દીકરીનો મૃતદેહ વહેલી તકે ભારત લાવવામાં આવે જેથી તેઓ તેના અંતિમ દર્શન કરી શકે.

યુવતીના પિતા મેઘા કલ્પેશભાઈએ જણાવ્યું કે, મને કાલે પોલીસ સ્ટેશનથી ખબર પડી. જે બાદ મેં એમની પાસેથી ઓફિશિયલ મેઈલ મંગાવ્યો હતો. જે બાદ ત્યાં પ્રોસીજર ચાલુ કરી. મારી દીકરી સાથે 14 તારીખે છેલ્લે વાત થઈ હતી. એણે મને કહ્યું હતું કે, ' પપ્પા હવે મારે વર્ક પરમિટ એપ્લાય કરવાની થઈ ગઈ છે, તો હું કરીશ.' જેથી મેં કહ્યું હતું કે,'સારું, વેલ એન્ડ ગુડ.' એનો અભ્યાસ પૂરો થઈ ગયો હતો એટલે વર્ક પરમિટ એપ્લાય કરવાની હતી. જે બાદ 15મીએ આ બનાવ બન્યો.

વધુમાં જણાવ્યું કે, મને કાલે ખબર પડી કે એ ઘટનાસ્થળે હતી, ત્યાં એના પર પૈસા માટે ઓચિંતો હુમલો થયો હતો. તો એણે સામે બચવાનો પ્રયાસ કર્યો હતો. પણ બચી શકી ન હતી. આરોપી ડ્રગીસ્ટ છે અને એણે આગળ એક મર્ડર પણ કર્યું છે. આરોપી હાલ પકડાઈ ગયો છે, અત્યારે કસ્ટડીમાં છે. મારી દીકરી વિધિ ત્યાં નાયગ્રામાં સેન્ટ કેથરીન એરિયામાં રહેતી હતી. એણે 15 દિવસ પહેલાં જ ઘર બદલાવ્યું હતું. પહેલાં એ હેમિલ્ટનમાં રહેતી હતી

સરકાર પાસેથી મારી એ જ અપેક્ષા કે, આવું વારંવાર થયા કરે છે, ખાસ કરીને ગુજરાતી હોય કે ઈન્ડિયન ગમે તે હોય, છોકરીઓ પર હુમલા થાય છે, છોકરાઓ પર હુમલા થાય છે, તો આ બધી વસ્તુની એ પ્રોટેક્શન આપે.

# બાંગ્લાદેશમાં 700 કિલો વજનના ટ્રમ્પ પાડાની કુરબાની રોકવામાં આવી: ત્રણ લાખ રૂપિયામાં ઈદ માટે હરાજી થઈ હતી, હવે નેશનલ ઝૂ મોકલવામાં આવ્યો

**ઢાકા, તા.28**

બાંગ્લાદેશમાં ડોનાલ્ડ ટ્રમ્પ નામથી જાણીતા સફેદ પાડાની ઈદ પર કુરબાની રોકી દેવામાં આવી છે. આ પાડાને 3.85 લાખ ટકામાં (લગભગ 3 લાખ રૂપિયા) વેચવામાં આવ્યો હતો.



ન્યૂઝ એજન્સી ANI અનુસાર, પાડાને જિંજીરાના રસૂલપુર વિસ્તારના રહેવાસી મોહમ્મદ શોરોને 23 મેના રોજ ઈદ-ઉલ-અઝહા પર કુરબાની માટે ખરીદ્યો હતો.

આ પહેલા તે રાજધાની ઢાકા નજીક નારાયણગંજ સ્થિત રબેયા એગ્રો ફાર્મમાં રહેતો હતો. 700 કિલોના આ પાડાની કિંમત 550 ટકા પ્રતિ કિલોગ્રામ નક્કી કરવામાં આવી હતી.

જ્યારે પાડાની લોકપ્રિયતા વધી, ત્યારે સરકારનું ધ્યાન પણ તેની તરફ ગયું. આ પછી બાંગ્લાદેશના ગૃહ મંત્રાલયે બુધવારે કુરબાની રોકવાનો આદેશ આપ્યો.

ગૃહમંત્રી સલાહુદ્દીન અહેમદે અધિકારીઓને એમ પણ કહ્યું કે જે વ્યક્તિએ બલિદાન માટે આ પાડો ખરીદ્યો હતો, તેને તેના પૂરા પૈસા પાછા આપવામાં આવે. હાલમાં આ પાડાને બાંગ્લાદેશ નેશનલ ઝૂમાં રાખવામાં આવ્યો છે.

ઝૂ પ્રશાસને તેના માટે અલગ વાડો તૈયાર કર્યો છે અને તેની સંભાળ માટે ખાસ કર્મચારીઓ પણ રાખવામાં આવ્યા છે. ઝૂના ક્યુરેટર અતીકુર રહેમાને જણાવ્યું કે પાડાને હાલમાં બે અઠવાડિયા સુધી દેખરેખ અને ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવશે. આ પછી સામાન્ય લોકો તેને ઝૂમાં જોઈ શકશે.

આ પાડાની સૌથી ખાસ વાત તેના માથા પર રહેલા સોનેરી વાળ છે, જે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હેરસ્ટાઈલ જેવા દેખાય છે. આ જ કારણે લોકોએ મજાકમાં તેનું નામ ડોનાલ્ડ ટ્રમ્પ રાખી દીધું હતું.

વાયરલ થયા પછી લોકોની ભીડ ફાર્મ પર જમા થવા લાગી હતી. સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સે તેને વધુ લોકપ્રિય બનાવ્યો જેના પછી તેની ચર્ચા આખી દુનિયામાં થવા લાગી.


બાંગ્લાદેશમાં સફેદ અથવા આલ્બિનો જાતિ અત્યંત દુર્લભ માનવામાં આવે છે. ત્યાં મોટાભાગે કાળા રંગના જ જોવા મળે છે. આવી સ્થિતિમાં, આ પાડાનો અલગ રંગ અને તેના માથાના સોનેરી વાળ લોકો માટે આકર્ષણનું મોટું કારણ બની ગયા.

નિષ્ણાતોના મતે, હજારો સામાન્ય પશુઓમાં ક્યારેક એક આલ્બિનો જન્મે છે. તેમની ત્વચા અને આંખો સંવેદનશીલ હોય છે, તેથી તેમને સૂર્યપ્રકાશ, ચેપ અને ત્વચા સંબંધિત રોગોથી વધુ જોખમ રહે છે.

# દુનિયાને ભડકે બાળીને ટ્રમ્પ જલસા કરશે: બર્થ ડે પર UCF ફાઈટર ઈવેન્ટ, વ્હાઈટ હાઉસમાં જ સેટ ઊભો થઈ રહ્યો છે, 575 કરોડ રૂપિયા ખર્ચશે

**વોશિંગ્ટન, તા.28**

વ્હાઈટ હાઉસ અમેરિકાનું રાષ્ટ્રપતિ ભવન, જ્યાં દુનિયાના મોટા-મોટા નેતાઓ આવ્યા, ઈતિહાસના ઘણા મોટા નિર્ણયો થયા. પરંતુ હવે ત્યાં કંઈક એવું થવા જઈ રહ્યું છે, જેને જોઈને આખી દુનિયા આશ્ચર્યચકિત છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસના મોટા ગાર્ડનમાં એક વિશાળ "કેજ ફાઈટ" એરેના બનાવડાવ્યું છે. અહીં મંગળવારે મોટા-મોટા ક્રેન લોખંડના વિશાળ માળખા લગાવતા દેખાયા.



આ બધું 14 જૂને યોજાનાર યુએફસી (UFC) ઈવેન્ટ માટે કરવામાં આવી રહ્યું છે, જે ટ્રમ્પના 80મા જન્મદિવસ પર આયોજિત થશે. એટલે કે ટ્રમ્પના શોખ નવાબી દેખાઈ રહ્યા છે. પહેલા જેમ રાજા પોતાના જન્મદિવસ પર પહેલવાનોને લડાવતા હતા અને આનંદ લેતા હતા, તેવું જ ટ્રમ્પ કરવાના છે. આના માટે ટ્રમ્પ 6 કરોડ ડોલર (ભારતીય 575 કરોડ રૂપિયા)નો ખર્ચ કરશે.

આ મહિનાની શરૂઆતમાં ઓવલ ઓફિસમાં થયેલા એક કાર્યક્રમમાં ટ્રમ્પે કહ્યું હતું, "અમે એક ખૂબ મોટી ફાઈટ કરાવવા જઈ રહ્યા છીએ. આવું પહેલા ક્યારેય થયું નથી, અને કદાચ ફરી ક્યારેય નહીં થાય." તે સમયે તેમની સાથે આ ઈવેન્ટમાં ભાગ લેનારા ચાર ફાઈટર્સ પણ હાજર હતા.

ટ્રમ્પે યુએફસીના પ્રખ્યાત "ઓક્ટેગન"ની તસવીર પણ બતાવી. આ આઠ ખૂણાવાળી ફાઈટિંગ રિંગ હોય છે, જેના ચારેય તરફ લોખંડની જાળી લાગેલી હોય છે. તેની પાછળ વ્હાઈટ હાઉસ દેખાઈ રહ્યું હતું અને આસપાસ દર્શકોના બેસવાની વ્યવસ્થા હતી.

અબજોપતિ રિપબ્લિકન નેતા ટ્રમ્પનું કહેવું છે કે લગભગ 4,500 લોકો સીધા લૉનમાં બેસીને મેચ જોઈ શકશે. જ્યારે વ્હાઈટ હાઉસની બહાર મોટી સ્ક્રીન લગાવવામાં આવશે, જ્યાં લગભગ 1 લાખ લોકો મફતમાં આ મુકાબલો જોઈ શકશે.

ટ્રમ્પ પોતે UFCના મોટા ચાહક છે. તેઓ ઘણી ફાઈટ ઈવેન્ટ્સમાં જઈ ચૂક્યા છે. આનાથી યુવા પુરુષોમાં તેમની લોકપ્રિયતા વધી છે, જે 2024ની અમેરિકી ચૂંટણીમાં અત્યંત મહત્વપૂર્ણ વોટર્સ માનવામાં આવે છે. આ ઈવેન્ટનું નામ "UFC ફ્રીડમ 250" રાખવામાં આવ્યું છે. ટ્રમ્પનો દાવો છે કે આ ઈવેન્ટ અમેરિકાની સ્થાપનાની 250મી વર્ષગાંઠની ઉજવણી સાથે સંબંધિત છે. આ મુકાબલો "ફ્લેગ ડે" ના દિવસે થશે, જે ખરેખર ટ્રમ્પનો જન્મદિવસ પણ છે.

UFC એ માર્ચમાં જાહેરાત કરી હતી કે છ મુકાબલાવાળી આ ઈવેન્ટની મુખ્ય ફાઈટમાં ઈલિયા ટોપુરિયા અને જસ્ટિન ગેથજે સામસામે હશે. આ લાઈટવેઈટ ચેમ્પિયનશિપ મુકાબલો હશે.

જોકે, આ ઈવેન્ટને લઈને ઘણા સવાલો પણ ઉઠી રહ્યા છે. ખાસ કરીને તેની ભારે કિંમત અને વ્હાઈટ હાઉસ જેવા ઐતિહાસિક સ્થળે આયોજનને લઈને. યુએફસીની પેરેન્ટ કંપનીએ ફેબ્રુઆરીમાં કહ્યું હતું કે આ ફાઈટનું આયોજન કરવામાં ઓછામાં ઓછા 6 કરોડ ડોલરનો ખર્ચ થશે. જોકે કંપનીને આશા છે કે કોર્પોરેટ સ્પોન્સરશિપ અને અન્ય સ્ત્રોતોમાંથી લગભગ અડધા પૈસા પાછા મળી જશે. વ્હાઈટ હાઉસનું કહેવું છે કે આખો ખર્ચ યુએફસી ઉઠાવી રહી છે. વ્હાઈટ હાઉસના એક અધિકારીએ ન્યૂઝ એજન્સી એએફપીને કહ્યું, "કરદાતાઓનો એક પણ ડોલર વાપરવામાં આવી રહ્યો નથી." પરંતુ આ અત્યંત ભવ્ય ઈવેન્ટ એવા સમયે થઈ રહી છે, જ્યારે અમેરિકા ઈરાન સાથે યુદ્ધમાં ફસાયેલું છે. આ કારણે ઓઈલની કિંમતો અને સામાન્ય અમેરિકનોના રહેવા-ખાવાનો ખર્ચ ઘણો વધી ગયો છે. આ યુએફસી સ્ટેજ ટ્રમ્પ દ્વારા વ્હાઈટ હાઉસમાં કરવામાં આવેલા વધુ એક મોટા ફેરફારનો પણ એક ભાગ છે. આ પહેલા તેમણે પ્રખ્યાત રોઝ ગાર્ડનનું ઘાસ હટાવી દીધું હતું અને એક વિશાળ 40 કરોડ ડોલરનો બોલરૂમ બનાવવા માટે આખી ઈસ્ટ વિંગ તોડી પાડી હતી. છેલ્લા ઘણા દાયકાઓથી વ્હાઈટ હાઉસની સાઉથ લૉન અમેરિકી ઈતિહાસની ઘણી મોટી ક્ષણોનો સાક્ષી રહી છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે આગામી 14 જૂને વ્હાઈટ હાઉસના લૉનમાં યોજાનારી UFC ફાઈટને પ્રોત્સાહન આપવા માટે બુધવારે બપોરે ઓવલ ઑફિસમાં UFC ફાઈટ્સનું આયોજન કર્યું. 'આ પૃથ્વી પરનો સૌથી મોટો શો હશે,' ટ્રમ્પે સ્પર્ધકોને બોલવા માટે કહેતા પહેલા આયોજિત કાર્યક્રમની તસવીરો બતાવતા કહ્યું. આ તસવીરોમાં 4,000 બેઠકોવાળો અખાડો અને આઠ ખૂણાવાળું પાંજરું દર્શાવવામાં આવ્યું છે, જેનું નિર્માણ વ્હાઈટ હાઉસના 'મુખ્ય દરવાજાની બરાબર સામે' કરવામાં આવશે, વ્હાઈટ હાઉસ બેકગ્રાઉન્ડમાં દેખાશે.

# જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી નેટવર્ક ફરીથી સક્રિય

પહેલગામ આતંકવાદી હુમલા પછી સુરક્ષા દળોની ચોકસાઈને કારણે મોટો આતંકવાદી હુમલો થયો નથી. જોકે હવે ભારતીય ઈન્ટેલિજન્સ એજન્સીઓને એવી જાણકારી મળી છે કે, જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિ વધી શકે છે. એજન્સીઓના જણાવ્યા પ્રમાણે લાંબા સમયથી નબળા પડેલા અલ-ભદ્ર ફરીથી એકવાર ખીણ પ્રદેશમાં સક્રિય થવાની કોશિષ કરે છે. આ માટે આ સંગઠન હિઝબુલ મુઝાહીદ્દીન સાથે મળીને રણનીતિ નક્કી કરી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાનમાં અલ-બદ્રના મુખ્ય કમાન્ડર હમઝા બુરહાનની હત્યાને કારણે અલ-બદ્રને ફટકો પડયો હતો. જોકે ભારતીય એજન્સીઓ પણ માને છે કે, આ આતંકવાદી સંગઠનને નબળુ માનવાની ભૂલ કરવા જેવી નથી. ઈન્ટરસેપ્ટસ કરવામાં આવેલા સંદેશાઓને આધારે એવી જાણકારી મળી છે કે અલ-બદ્ર અને હિઝબુલ મુઝાહીદ્દીન મળીને આવનારા દિવસોમાં મોટા આતંકવાદી હુમલા કરી શકે એમ છે.

ભાજપ જે રાજ્યમાં સત્તા મેળવે છે ત્યાર પછી સત્તાના મૂળિયા ઉંડા નાખવા વિરોધપક્ષના અગત્યના નેતાઓને પોતાના કરવા માંડે છે. ઓડિશામાં પણ ભાજપે સત્તા મેળવ્યા પછી મજબૂત વિરોધ પક્ષ બીજેડીના નેતાઓને ભાજપમાં લાવવા માંડયા છે. ઓડિશાના ભૂતપૂર્વ રાજ્યસભા સાંસદ બેબાશીષ સામંતરાય ભાજપમાં જોડાઈ ગયા છે. બીજેડીના નેતાઓએ જોકે બેબાશીષને સ્વાર્થી ગણાવ્યા છે. બીજેડીમાંથી રાજીનામું આપ્યા પછી બેબાશીષએ બીજા પાટલી બદલુઓની જેમ જ કહ્યું હતું કે, 'હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનવા માંગુ છું. એમના કાર્યક્રમો અને વ્યક્તિત્વથી પ્રેરિત થઈને હું ભાજપમાં જોડાયો છું. ઓડિશામાં મારે ભાજપ માટે ઘણું કામ કરવું છે. હું પક્ષને મજબૂત કરવાનો પ્રયત્ન કરીશ.' જોકે રાજકીય નીરિક્ષકો જાણે જ છે કે લાલો લાભ વગર લોટતો નથી. બેબાશીષને થોડા સમયમાં જ ભાજપમાં કોઈક હોદ્દો મળી જશે.

અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચના કેસરબાગ સ્થિત સિવિલ કોર્ટ કમ્પાઉન્ડની આસપાસ ગેરકાયદેસર દબાણો છે. આ દબાણો હટાવવા બાબતે હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે, વકીલો વચ્ચે લાઠીઓ વહેંચાતી હોવાનો વીડિયો અમે જોયો છે. તમે લોકો શું સમજો છો? લાઠીઓ વહેંચીને તમે શાસનને યોગ્ય કામ કરતા રોકી શકશો? કોર્ટે કહ્યું હતું કે, છેલ્લા એક અઠવાડિયાથી જનપથ કોર્ટનું કામ ઠપ્પ કરવામાં આવ્યું છે. બધી હકીકતો જોઈને અમે ક્રિમિનલ કન્ટેમ્પ્ટની કાર્યવાહી શરૂ કરવાનું વિચારીશું. આ ટીપ્પણી જસ્ટીસ રાજેશ સિંહ ચૌહાણ અને જસ્ટીસ રાજીવ ભારતીની ખંડપીઠે કરી હતી. ગેરકાયદેસર દબાણો હટાવવાની કાર્યવાહીનો વિરોધ કરતા વકીલોએ દલીલ કરી હતી કે, નગર નીગમએ કોઈપણ નોટીસ આપ્યા વગર દબાણો દુર કર્યા હતા. એક ફોટો કોપીની દુકાન જેનું ભાડુ જનપથ કોર્ટના ખાતામાં જમા થાય છે એને પણ તોડવામાં આવી હતી. કોર્ટે પુનરાવર્તન કર્યું હતું કે દબાણને કારણે એમ્બ્યુલન્સ પણ ફસાઈ જાય છે.



સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)ના ૧૨માં ધોરણના વિદ્યાર્થી વેદાંત શ્રિવાસ્તવની ફિઝિક્સ વિષયની આન્શરશીટને લઈને એક વિવાદ થયો હતો અને સોશ્યલ મીડિયા પર પણ ચર્ચા થઈ હતી. વેદાંતનો આરોપ હતો કે રી ઈવેલ્યુએશન પ્રોસેસ હેઠળ એણે જે સ્કેન કોપી ડાઉનલોડ કરી હતી એ એની નહોતી, પરંતુ બીજા કોઈની હતી. આ વિવાદ પછી વેદાંતને ઘણા લોકોએ ટેકો આપ્યો હતો જ્યારે કેટલાકે ટ્રોલિંગ કરીને એને દેશ વિરોધી ગણાવ્યો હતો. જોકે પાછળથી સીબીએસઈએ પોતાની ભૂલ સ્વિકારીને કહ્યું હતું કે વેદાંતને એની સાચી આન્શરશીટ મોકલી આપવામાં આવી છે. સીબીએસઈએ સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મૂકી હતી જેમાં લખ્યું હતું કે, 'ડિયર, વેદાંત ફિઝિક્સ આન્શરશીટને લઈને તમારી જે ચિંતા હતી એના પર અમારૂ ધ્યાન દોરવા બદલ આભાર. સમીક્ષા પછી કિસ્સાની તપાસ ચાલુ છે અને તમારી આન્શરશીટની સાચી કોપી તમને મોકલી આપવામાં આવી છે.'

બાંગ્લાદેશની સરકારના ભૂતપૂર્વ મુખ્ય નેતા મોહમદ યુનુસની કામગીરી વિશે ઘણી હકીકતો બહાર આવી રહી છે. કામચલાઉ સરકારમાં વિદેશી બાબતોના સલાહકાર રહી ચૂકેલા તોહીન હુસૈનએ આરોપ મૂક્યો છે કે ૭ સભ્યોની એક કીચન કેબિનેટ ખરેખર કામચલાઉ સરકારના તમામ નિર્ણયો લેતી હતી. દર મંગળવારે એની બેઠક મળતી હતી. શરૂઆતમાં એમને તમામ નિર્ણય લેનારાઓ વિશે કોઈ જાણકારી હતી નહીં અને એમણે બહારથી એમના પ્રભાવ વિશે સાંભળ્યું હતું. આ ૭ લોકો જ બધુ નક્કી કરતા હતા કે સરકારે શું કરવું. એમના મંત્રાલય પર સલાહકારોનો દબદબો હતો. કંટાળીને એમણે ત્રણ વખત રાજીનામું આપવાનો વિચાર કર્યો હતો, પરંતુ એમને અટકાવવામાં આવ્યા હતા. તોહીનની વાત પરથી લાગે છે કે બાંગ્લાદેશની સરકાર 'ડીપ સ્ટેટ' ચલાવતું હતું અને સીઆઈએના કહેવાથી બાંગ્લાદેશના સત્તાધીશો નિર્ણય લેતા હતા.

બિહાર ભાજપના પ્રદેશ પ્રમુખ સંજય સરાગવી પણ બીજા રાજ્યોની જેમ વિરોધીઓને પોતાની તરફ કરવા માંડયા છે. આરજેડીમાંથી હાંકી કઢાયેલા રીતુ જયસ્વાલ હવે ભાજપમાં જોડાઈ ગયા છે. પટણા સ્થિત ભાજપ કાર્યાલયમાં એક કાર્યક્રમ રાખીને રીતુ જયસ્વાલનું સ્વાગત પક્ષમાં કરવામાં આવ્યું હતું. ભાજપમાં જોડાતા બીજા નેતાઓની જેમ જ રીતુ જયસ્વાલે કહ્યું હતું કે, ભાજપ સાથે જોડાઈને એમને ગૌરવની લાગણી થાય છે. રીતુએ નિવેદન આપ્યું હતું કે, 'અત્યાર સુધી હું એક ધારાની સાથે કામ કરતી હતી અને એમની જ વાતો સાંભળતી હતી. મને અપક્ષ તરીકે ચૂંટણી લડવાનો મોકો મળ્યો તો મને બળવાખોર ગણવામાં આવી. હકીકત એ છે કે, પરીહાર વિધાનસભાની દરેક વ્યક્તિ બળવાખોર થઈ ગઈ હતી.'

પશ્ચિમ બંગાળની નવી સરકારે કોલકત્તાના સોલ્ટ લેક સ્ટેડિયમના વીવીઆઈપી ગેટની બહાર લાગેલી ફૂટબોલ થીમની મૂર્તિને હટાવી દીધી છે. બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ડિઝાઈન કરેલી આ મૂર્તિ દુર કરવાની જાહેરાત રમતગમત મંત્રી નિશિષ પ્રમાણીકએ કરી છે. એમનું કહેવું છે કે સ્ટેડિયમનું માળખું સુધારવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે કોલકત્તામાં લિયોનેસ મેસીની પ્રતિતિ ૭૦ ફૂટ ઊંચી પ્રતિમા પણ હટાવવામાં આવશે. આ પ્રતિમાનું અનાવરણ ગયા વર્ષે ખુદ ફૂટબોલ સુપરસ્ટારએ કર્યું હતું. સ્થાનિક લોકોની ફરિયાદ હતી કે આ પ્રતિમામા ઘણી ભૂલો છે. સરકારી અધિકારીઓએ આ પ્રતિમાને તપાસીને જોયું ત્યારે ઘણી ખામીઓ જોવા મળી હતી. પ્રતિમાનું ગુરુત્વાકર્ષણ કેન્દ્ર હટી ગયું છે અને ગમે ત્યારે તૂટી પડે એમ છે.

## તંત્રી લેખ

# કર્ણાટકમાં નેતૃત્વ પરીવર્તન, સીએમ આજે રાજીનામું આપી શકે છે

કર્ણાટક રાજકીય નાટકનો અંત આવી રહ્યો છે. આજે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા રાજીનામું આપી શકે છે. એમણે સવારે ૧૦.૩૦ વાગ્યે રાજ્યપાલની મુલાકાત માટે સમય માંગ્યો છે. રાજભવન જતા પહેલા તેઓ ઉપમુખ્યમંત્રી ડી કે શિવકુમાર સાથે નાસ્તો કરશે. દિલ્હીમાં કોંગ્રેસ હાઈકમાન્ડને મળ્યા પછી એમનું મો પડી ગયું હતું. એમણે કોઈ નિવેદન આપ્યું નથી, પરંતુ સૂત્રો જણાવી રહ્યા છે કે, એમનું રાજીનામું લઈને એમને રાજ્યસભામાં મોકલવામાં આવશે. રાજ્યના ગૃહમંત્રી જી પરમેશ્વરએ નિવેદન આપ્યું છે કે, પક્ષના નેતા કોંગ્રેસ હાઈકમાન્ડનો નિર્ણય માથે ચઢાવશે. એમના કહેવા પ્રમાણે પક્ષના મહામંત્રી અને કર્ણાટકના પ્રભારી રણદીપ સિંહ સુરજેવાલા પ્રેસ કોન્ફરન્સ કરવાના છે. આ બાબતે તેઓ સ્પષ્ટીકરણ આપશે. મુખ્યમંત્રીએ ગુરુવારે કેબિનેટ મંત્રીઓની એક બેઠક પણ બોલાવી છે. કર્ણાટકના કેટલાક મંત્રીઓ અને સિનિયર નેતાઓ મુખ્યમંત્રીના ઘરે પહોંચી રહ્યા છે. સુરજીત ભલ્લા સપ્ટેમ્બર ૨૦૧૭ થી ડિસેમ્બર ૨૦૧૮ સુધી વડાપ્રધાનની આર્થિક સલાહકાર સમીતીના સભ્ય રહ્યા છે. ઓક્ટોબર ૨૦૧૮માં ભલ્લાએ કહ્યું હતું કે મોદી સરકારના પહેલા ચાર વર્ષ ભારતીય અર્થવ્યવસ્થાના સૌથી સારા વર્ષો રહ્યા છે. પદ પરથી દુર થયા પછી પણ ભલ્લા મોદી સરકારની નીતિના વખાણ કરતા હતા. ભલ્લાની ઓળખ મોદી સમર્થક અર્થશાસ્ત્રી તરીકેની હતી. જોકે હવે એમનો અભિપ્રાય બદલાય ગયો છે. હવે તેઓ જાહેરમાં મોદી સરકારની નીતિઓની ટીકા કરી રહ્યા છે. સુરજીત ભલ્લાએ થોડા દિવસો પહેલા એક અખબારમાં લેખ લખ્યો હતો જેનું મથાળુ હતું 'ભાજપ ચૂંટણી જીતે છે, પરંતુ અર્થવ્યવસ્થા હારી રહી છે.' આ લેખમાં ભલ્લાએ મોદી સરકારની ભારે ટીકા કરી છે. ભલ્લાએ લખ્યું છે કે, 'પશ્ચિમ બંગાળમાં ભાજપની જીત રાજકીય સફળતા છે. જોકે હમણાના સમયમાં અર્થવ્યવસ્થા સંભાળવા બાબતે ભાજપનો દેખાવ તળીયે છે. કોઈ ગેરંટી નથી કે પરિસ્થિતિ વધુ ખરાબ નહીં થાય.' તામિલનાડુમાં ભાજપની સફળતા માટે અન્નામલાઈ ખુબ અગત્યની વ્યક્તિ ગણાય છે. થોડા દિવસો પહેલા અન્નામલાઈ મોદી - શાહના માનીતા ગણાતા હતા. હવે અન્નામલાઈએ એકાએક મોદી સરકારના એક નિર્ણયનો વિરોધ કર્યો છે. કેન્દ્રીય શીક્ષા મંત્રાલયે નવમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓ માટે ત્રણ ભાષા ફરજીયાત કરવનો નિર્ણય કર્યો છે જે અન્નામલાઈને પસંદ આવ્યો નથી. એમણે આ નિર્ણય પરત લેવાની માંગણી કરી છે. એમણે મંત્રાલયને વિનંતી કરી છે કે, ૨૦૨૯ - ૩૦ના શૈક્ષણીક વર્ષથી આ નિયમ લાગુ કરવામાં આવે. અન્નામલાઈએ આ નિયમ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે આંચકાજનક ગણાવ્યો છે. વિદ્યાર્થીઓએ છઠ્ઠા ધોરણમાં જ પોતાની પસંદગીની ભાષા પસંદ કરી લીધી છે ત્યારે વાલીઓ ચિંતીત થઈ ગયા છે.

છત્તીસગઢ ભાજપના સિનિયર નેતા અને ભરતપુર - સોનહત વિધાનસભા બેઠકના ધારાસભ્ય રેણુકા સિંહનો એક ઓડિયો વાયરલ થઈ રહ્યો છે. છત્તીસગઢના રાજકારણમાં આ વાયરલ ઓડિયોને કારણે ધરતીકંપ આવ્યો છે. ધારાસભ્યના બે ઓડિયો એક પછી એક વાયરલ થયા છે. વાયરલ ઓડિયોમાં ધારાસભ્ય પોતાની સરકાર સામે જ આક્ષેપો કરી રહ્યા છે. ઓડિયોમાં ભાજપ સરકારની કાર્યપદ્ધતિ પર પ્રશ્નો કરવામાં આવ્યા છે. સંગઠનના નેતાઓ સામે પણ નારાજગી જાહેર કરવામાં આવી છે. વીડિયોમાં ભાજપના ધારાસભ્ય કહે છે કે, સરકારનું સંચાલન ઉપરથી થાય છે. કોઈને મુખ્યમંત્રી બનાવ્યા પછી તરત હટાવી શકાતા નથી, પરંતુ એમનાથી લોકો ખુશ નથી. રાજ્યમાં ભૂપેશ બહેલ પરત ફરશે અને કોંગ્રેસના મુખ્યમંત્રી બન્યા પછી આ બધાને જેલમાં મોકલશે.

અકુદરતી ડેમોગ્રાફીક ફેરફાર અને ઘૂસણખોરોનો અભ્યાસ કરવા માટે એક હાઈ લેવલ કમીટી બનાવવામાં આવી છે. આ કમીટીના અધ્યક્ષ તરીકે જસ્ટીસ પ્રકાશ પ્રભાકર નાવલેકર (નિવૃત્ત)ની નિમણૂક કરવામાં આવી છે. ઘણાને પ્રશ્ન થાય છે કે આટલી અગત્યની કમીટીના અધ્યક્ષ પ્રકાશ નાવલેકર કોણ છે. જસ્ટીસ નાવલેકર સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ જજ અને મધ્યપ્રદેશના ભૂતપૂર્વ લોકાયુક્ત છે. મધ્યપ્રદેશના જબલપુરમાં ૧૯૪૩ના વર્ષમાં ૨૩મી જૂને જન્મેલા નાવલેકરનો સંબંધ પ્રતિસ્થિત વકીલ કટુંબ સાથે છે. એમણે જબલપુર યુનિવર્સિટીમાંથી ૧૯૬૫માં એલએલબીની ડીગ્રી મેળવી હતી. એમણે જસ્ટીસ એપી સેન અને જસ્ટીસ જે એસ વર્મા હેઠળ વકીલાતની શરૂઆત કરી હતી.

દર વર્ષે દાવાનળના કારણે દેશભરના જંગલો બળીને ખાખ થઈ રહ્યા છે. તેનાથી પ્રાકૃતિક વારસાનો તો નાશ થાય છે પણ સાથે સાથે વન્ય જીવો, પર્યાવરણ અને અર્થતંત્રને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે. જંગલોમાં આગ લાગવાની ઘટના છેલ્લાં કેટલાક વર્ષોમાં ચિંતાજનક રીતે વધી છે. ગ્લોબલ વોર્મિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ, માણસોની બેદરકારી, તંત્રની અનિચ્છા જેવા ઘણા પરિબળો આ સ્થિતિને અસર કરી રહ્યા છે : દેશના કુલ ભૌગોલિક વિસ્તારના માત્ર 25.17 ટકા વિસ્તારમાં જ જંગલો અને ગ્રીન કવર છે. સ્ટેટ ઓફ વાઈલ્ડ ફાયર્સના રીપોર્ટમાં જણાવાયું છે કે, જંગલોમાં વર્ષ 2000થી 2019 વચ્ચે આગ લાગવાની ઘટનાઓમાં 10 ગણો વધારો થયો છે

# ભડકે બળતા જંગલો : પ્રકૃતિ અને પર્યાવરણ સામે મોટું સંકટ!

## કસૌલીમાં પર્વતો ઉપર આવેલું જંગલ બળીને ખાખ થઈ ગયું, દર વર્ષે આકરા ઉનાળામાં ભારત સહિત દુનિયાના ઘણા જંગલો ભડકે બળે છે



ઉત્તરાખંડ, હિમાચલ અને પંજાબના જંગલોને પણ વ્યાપક નુકસાન થયું છે. હિમાલય વિસ્તારમાં આવેલા જંગલોમાં ચીડના વૃક્ષો ઝડપથી આગ પડકી લે છે. તેમાંય ચીડના અણિદાર લાંબા પાંદડા આગ ફેલાવાનું સૌથી મોટું કારણ હોય છે : નવેમ્બર 2024થી જૂન 2025 સુધીમાં જંગલોમાં આગ લાગવાની ઘટનાઓમાં તોતિંગ વધારો નોંધાયો હતો. સુઓમી નેશનલ પોલર ઓર્બિટિંગ પાર્ટનરશિપ સેટેલાઈટના સેન્સર દ્વારા જે ડેટા આપવામાં આવ્યો તેમાં આ વનવિસ્તારો સૌથી વધુ પ્રભાવિત થયા હોવાનું સામે આવ્યું હતું. આ સિવાય ગત વર્ષે જંગલોમાં લાગેલી આગના કારણે 1.50 કરોડ લોકો અસરગ્રસ્ત થયા હતા

દેશમાં એક તરફ ભયાનક ગરમી વધી રહી છે અને બીજી તરફ ગરમીના કારણે એક નવી જ સમસ્યાએ આકાર લીધો છે. ભારતના ઘણા જંગલોમાં દાવાનળ ફાટવાની ઘટનાઓ બની રહી છે. તાજતરમાં કસૌલી ખાતે પર્વતો ઉપર આવેલું જંગલ મોટાપાયે નષ્ટ થઈ ગયું હતું.

જંગલનો અનેક વિસ્તાર દાવાનળની ઝપેટમાં આવી ગયો હતો. જંગલોમાં લાગેલી આગ ત્યાં આવેલા એરફોર્સ સ્ટેશન સુધી પહોંચી ગઈ હતી. સ્થાનિક તંત્ર અને ફાયરબ્રિગેડ દ્વારા આગ કાબુ કરવા મથામણ કરવામાં આવી રહી હતી પણ સફળતા મળતી નહોતી. એરફોર્સ દ્વારા ત્યારબાદ હેલિકોપ્ટરની મદદથી મોટાપાયે પાણી છાંટીને આગને કાબુ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, આ માત્ર આ વર્ષની કે એક જ ઘટના નથી. દર વર્ષે ઉનાળા દરમિયાન હિમાચલના જંગલોમાં આગ લાગે છે અને તેના કારણે વૃક્ષો, વન્યજીવો, આસપાસ રહેતા લોકોના જીવ જોખમમાં આવી જાય છે. મોટાભાગે માણસો દ્વારા કરવામાં આવતી એક ભુલને પગલે જંગલ ભડકે બળતું હોય છે. કેટલાક કિસ્સામાં વૃક્ષ એકબીજા સાથે ટકરાય અને ઘર્ષણને પગલે ગરમીથી આગ લાગે તેવું પણ થતું હોય છે.

કસૌલીમાં પણ કેટલાક લોકો દ્વારા ચીડના પાંદડા સળગાવવામાં આવ્યા હોવાનું મનાય છે. તેના કારણે સમગ્ર જંગલમાં આગ ફેલાઈ ગઈ અને લાખો વૃક્ષોને ખાખ કરી નાખ્યા. એરફોર્સના બે એમઆઈ ૧૭ અને ચિનૂક હેલિકોપ્ટર દ્વારા ચંડીગઢના સુખના સરોવર ખાતેથી વારંવાર પાણી ભરીને કલાકોની મહેનત બાદ આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો.

ચિંતાજનક વાત એવી છે કે, દર વર્ષે દાવાનળના કારણે દેશભરના જંગલો બળીને ખાખ થઈ રહ્યા છે. તેનાથી પ્રાકૃતિક વારસાનો તો નાશ થાય છે પણ સાથે સાથે વન્ય જીવો, પર્યાવરણ અને અર્થતંત્રને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે.

જંગલોમાં આગ લાગવાની ઘટના છેલ્લાં કેટલાક વર્ષોમાં ચિંતાજનક રીતે વધી છે. ગ્લોબલ વોર્મિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ, માણસોની બેદરકારી, તંત્રની અનિચ્છા જેવા ઘણા પરિબળો આ સ્થિતિને અસર કરી રહ્યા છે. જંગલોની જે હાલની પરિસ્થિતિ છે તે જોતાં લાગી રહ્યું છે કે, હવે જાગ્રત થવાની જરૂર છે અને સભાનતા સાથે જંગલો બચાવવા માટે નક્કર પગલાં લેવા પડશે.

ઉલ્લેખનીય છે કે, ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રીપોર્ટ ૨૦૨૩ના આંકડા જણાવે છે કે, દેશના કુલ ભૌગોલિક વિસ્તારના માત્ર ૨૫.૧૭ ટકા વિસ્તારમાં જ જંગલો અને ગ્રીન કવર છે. સ્ટેટ ઓફ વાઈલ્ડ ફાયર્સના રીપોર્ટમાં જણાવાયું છે કે, જંગલોમાં વર્ષ ૨૦૦૦થી ૨૦૧૯ વચ્ચે આગ લાગવાની ઘટનાઓમાં ૧૦ ગણો વધારો થયો છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ઉત્તર પ્રદેશના જંગલમાં આગની ઘટના બની હતી. તે સમયે આ જંગલ સૌથી વધારે અસરગ્રસ્ત રહ્યું હતું. ઉત્તરાખંડ, હિમાચલ અને પંજાબના જંગલોને પણ વ્યાપક નુકસાન થયું છે.

હિમાલય વિસ્તારમાં આવેલા જંગલોમાં ચીડના વૃક્ષો ઝડપથી આગ પડકી લે છે. તેમાંય ચીડના અણિદાર લાંબા પાંદડા આગ ફેલાવાનું સૌથી મોટું કારણ હોય છે. તેના સુકા પાંદડામાં પણ તેલનું પ્રમાણ વધારે હોય છે જે આગમાં ઘી જેવું કામ કરે છે.

બીજી તરફ મધ્યભારતની વાત કરીએ તો મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા અને મહારાષ્ટ્રમાં સાલ અને વાંસના જંગલો આવેલા છે. માર્ચ મહિનાથી જૂન મહિના દરમિયાન અહીંયા અત્યંત શુષ્ક વાતાવરણ હોય છે.

આ બંને પ્રકારના વૃક્ષો ઝડપથી આગની ઝપેટમાં આવી જાય છે. દર વર્ષે અહીંયા જંગલોમાં આગ લાગે જ છે. તેમાંય એપ્રિલ અને મે મહિના દરમિયાન સૌથી ભીષણ આગ લાગવાની શક્યતાઓ રહેલી છે. દક્ષિણ બારતની વાત કરીએ તો આંધ્ર પ્રદેશ, તમિલનાડુ અને કર્ણાટકના જંગલો પણ દાવાનળનો ભોગ બને છે. તેવી જ રીતે અસમ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપુરાના જંગલો પણ દાવાનળ મામલે અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે. અહીંયા પણ આગની ઘટનાઓ ઉનાળા દરમિયાન અવારનવાર થતી જ હોય છે.

આ વર્ષે પણ ભારતમાં અસહ્ય ગરમી પડી છે અને હાલમાં પણ પડી રહી છે. તેના કારણે જંગલોને વ્યાપક અસર થઈ છે. થોડા સમય પહેલાં જ આવેલા સેટેલાઈટ ઈમેજિસ અને અહેવાલો જણાવે છે કે, દેશના એક ડઝનથી વધારે રાજ્યોના જંગલોમાં આગ લાગવાની ઘટનાઓ બની છે. તાજેતરમાં ઉત્તરાખંડની વિગતો સામે આવી તેના પહેલાં મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢના જંગલોમાં આગની ઘણી ઘટનાઓ બની છે. તે ઉપરાંત તમિલનાડુના જંગલોમાં પણ ભીષણ આગ લાગ્યાના બનાવો છે.

તમિલનાડુના નિલગિરિ જિલ્લાના મુદુમલઈ, કોયંબતુર અને ઈરોડના જંગલોમાં ભયાનક આગ લાગવાની ઘટનાઓ બની છે. અહીંયા પણ વાયુસેનાની મદદથી આગ ઠારવાનું કામ કરવામાં આવ્યું છે. તેવી જ રીતે અસમ અને મણિપુરના જંગલોમાં પણ વ્યાપક દાવાનળ ફાટી નીકળ્યો છે.

ગત વર્ષે પણ ઘણા અહેવાલો સામે આવ્યા હતા જેમાં જણવાયું હતું કે, ભારતના જંગલોમાં દાવાનળ ફાટવાની ઘટનાઓ અને તેની અસરો ખૂબ જ મોટાપાયે વધી રહી છે. નવેમ્બર ૨૦૨૪થી જૂન ૨૦૨૫ સુધીમાં જંગલોમાં આગ લાગવાની ઘટનાઓમાં તોતિંગ વધારો નોંધાયો હતો.

સુઓમી નેશનલ પોલર ઓર્બિટિંગ પાર્ટનરશિપ સેટેલાઈટના સેન્સર દ્વારા જે ડેટા આપવામાં આવ્યો તેમાં આ વનવિસ્તારો સૌથી વધુ પ્રભાવિત થયા હોવાનું સામે આવ્યું હતું. આ સિવાય ગત વર્ષે જંગલોમાં લાગેલી આગના કારણે ૧.૫૦ કરોડ લોકો અસરગ્રસ્ત થયા હતા.

આ માત્ર ભારતમાં જ થાય છે તેવું નથી. વૈશ્વિક સ્તરે ગત વર્ષે કેનેડા અને અમેરિકાના લાખો વર્ગકિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા જંગલો પણ બળીને ખાખ થઈ ગયા હતા.

ખાસ વાત એવી છે કે, માત્ર ભારતમાં જ જંગલોમાં ભીષણ આગ લાગે છે તેવું નથી. અમેઝોનના જંગલોમાં આવી ઘટનાઓ બને છે.

બ્રાઝિલ સહિત અનેક દેશોમાં ફેલાયેલા આ વર્ષાવનને વિશ્વના ફેફસાં કહેવાય છે. તેમાં કરોડોની સંખ્યામાં વૃક્ષો આવેલા છે. અહીંયા પણ ગમે ત્યારે દાવાનળ ફેલાય છે. તેના દ્વારા માત્ર વૃક્ષોને નુકસાન થાય છે તેવું નથી. તેના દ્વારા જાનવરો, છોડ, પક્ષીઓ અને દુર્લભ જીવજંતુઓને પણ અસર થાય છે. અહીંયા રહેનારા આદિવાસી સમુદાયો પોતાની રોજીરોટી અને જમીન પણ ગુમાવે છે. તે ઉપરાંત કાર્બનડાયોક્સાઈડ અને કાર્બન મોનોક્સાઈડ જેવા ઝેરી ગેસ હવામાં ભળે છે જે વધારે નુકસાન કરે છે.

તાજેતરમાં જાણકારોએ ચેતવણી ઉચ્ચારી હતી કે, જો જંગલોની આગને ધ્યાનમાં રાખીને કામ નહીં કરવામાં આવે તો આગળ જતાં વિશ્વના ફેફસાંને વ્યાપક નુકસાન થશે. તેવી જ રીતે ઓસ્ટ્રેલિયામાં પણ દર વર્ષે વ્યાપક રીતે જંગલોમાં આગ લાગે છે. અહીંયા ૨૦૧૯-૨૦માં ભયાનક દાવાનળ ફાટયો હતો. આ આગમાં આસપાસા હજારો મકાનો પણ સગળી ગયા હતા.

અનેક શહેરોમાં નારંગી રંગની આગ અને કાળો ધુમાડો આકાશમાં દેખાતો હતો. તેમાંય કોઆલા જેવા પ્રાણીના જંગલને ખૂબ જ નુકસાન ગયું ગતું. તેવી જ રીતે ૨૦૨૩માં કેનેડામાં ભયાનક આગ લાગી હતી. આ આગ એટલી વિશાળ હતી કે, તે અમેરિકાના કેટલાક શહેરો સુધી પહોંચી હતી અને લોકો માટે કફોડી સ્થિતિનું સર્જન થયું હતું.

થોડા સમય પહેલાં જ એક અહેવાલ આવ્યો હતો જેમાં જણાવાયું હતું કે, ભારતમાં જંગલોમાં આગ લાગવાની ઘટનાઓમાં ૯૦ ટકા ઘટનાઓ માનવ સર્જિત હોય છે. તેમાં સીધી કે આડકતરી રીતે માણસો જ જવાબદાર હોય છે.

ખેતરોમાં પરાળી સળગાવવા દરમિયાન ઘણી વખત જંગલો નજીક હોય તો આગ ત્યાં ફેલાઈ જાય છે. બીજી તરફ જંગલોમાંથી આયુર્વેદિક વનસ્પતીઓ, છોડ અને વસ્તુઓની દાણચોરી કર્યા બાદ, ગેરકાયદે કાપણી અને ખનન કર્યા બાદ પુરાવા ન મળે તે માટે આગ લગાડવામાં આવે છે અને આગ જંગલમાં ફેલાઈ જાય છે. બીજી તરફ પ્રવાસીઓ, સ્થાનિકો દ્વારા જંગલમાં ફરવા દરમિયાન બીડી અને સિગારેટ તથા ઘણી વખત માચીસની સળગતી સળી નાખી દેવામાં આવે છે અને આગ ફેલાવા લાગે છે. તે સિવાય શિકારીઓ અને મેલીવિદ્યા કરનારા જંગલોમાં આગ લગાડે છે અને સ્થિતિ કાબુ બહાર જતી રહે છે.

જંગલોમાં લાગતી આગ ગ્લોબલ વોર્મિંગનું પણ પરિણામ છે. ક્લાઈમેટ ચેન્જના કારણે ગરમીનો સમયગાળો વધી ગયો છે. તેમાંય શુષ્ક વાતાવરણ, ઝડપી પવન અને અત્યંત વધારે તાપમાનને કારણે ચીડ અને યુકેલિપ્ટરના વૃક્ષોમાં આગ લાગતી હોય છે અને તેના જ પાંદડા દ્વારા આગ વધારવામાં મોટી ભૂમિકા ભજવવામાં આવે છે. જાણકારોના મતે જંગલમાં ફેલાતા દાવાનળમાં લાખો જીવજંતુઓ અને પશુ-પક્ષીઓનાં મોત થતા હોય છે. વૃક્ષો સળગી જાય છે. તેના કારણે કાર્બન ઉત્સર્જન પણ વધે છે. દર વર્ષે વૈશ્વિક સ્તરે જંગલોમાં જે આગ લાગે છે તેના કારણે ૧૪.૩ કરોડ ટન ઝેરી પ્રદુષકો હવામાં ભળતા હોય છે. તેના કારણે લોકો ગંભીર બિમારીઓનો ભોગ બને છે. વિદેશોમાં આગ ફેલાતી અટકાવવા માટે ટેક્નોલોજી, જનભાગીદારી અને નીતિગત પ્રયાસો કરવામાં આવે છે. તેના માટે વિવિધ સરકારી રણનીતિઓ અને પોલિસી બનાવાય છે. ભારતમાં પણ આવી દુર્ઘટનાઓ અટકાવવી હશે તો વ્યાપક રીતે વિચારવું પડશે અને પગલાં લેવા પડશે.

# ત્રીજા મૂંડક ઉપનિષદનો ઋષિ કહે છે કે, જીવ અને બ્રહ્મ એક સત્યનાં બે પાસાં છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.આજે શુક્રવાર એટલે કે ઉપનિષદીય જ્ઞાનનો સહજ સરળ અર્થ કરી વ્યવહાર જગતમાં સ્થાપી જીવનને શાંતિ પ્રદાન કરવાનો દિવસ.આજનાં સમયને શિક્ષણ અને સંશોધનનો સમય કહેવામાં આવે છે. હાં શિક્ષણમાં સ્પર્ધા પ્રવેશી ગઈ છે, અને શિક્ષણે એક વ્યવસાયનું સ્થાન લઈ લીધું છે, એ એક વાત જુદી છે. શિક્ષણની કેટકેટલી શાખાઓમાં આજે વિદ્યાર્થીઓ સ્નાતક થઈ પોતાની કેરિયર બનાવી રહ્યાં છે અને, માનવ જીવનને કેમ વધુ ને વધુ સુખ સુવિધા પૂરી પાડવી! એ ઉપરાંત દરેકની જરૂરિયાતને પૂરી કંઈ રીતે કરી શકાય! તેમજ બદલાતાં પ્રાકૃતિક સમીકરણોમાં મનુષ્ય પોતાની જાતને કંઈ રીતે ગોઠવી શકે! એટલે કે એને અંતરિક્ષ જેમ ઓછાં ઓક્સિજન, પાણી,કે ખોરાક સાથે જીવન જીવવું પડે તો શું કરવું! કે પછી સતત સામાજિક અશાંતિનાં વાતાવરણમાં શાંતિ કંઈ રીતે મેળવી શકાય, એ માટે આપણાં વૈદિક શાસ્ત્રો પર સંશોધન થાય છે! આજે વિદ્યાર્થીઓ માત્ર અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરે છે, પરંતુ વૈદિક શાસ્ત્રોનાં મંથનથી સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આપણે ચોથા ઉપનિષદ મૂંડકનાં ત્રીજા ભાગમાં શું કહેવામાં આવ્યું છે, અને ઋષિ દ્વારા સાધકને બ્રહ્મ જ્ઞાનની સહજ સમજ કંઈ રીતે આપવામાં આવી છે, એનાં મહત્વનાં શ્લોક વિશે વાત કરીશું.

દ્વા સુપર્ણા સયુજા સખાયા
સમાનં વૃક્ષં પરિષસ્વજાતે।
તૈયોરન્યઃ પિપ્પલં સ્વાદ્વત્તિ
અનશ્નન્નન્યો અભિચાકશીતિ
॥

એટલે કે એક જ વૃક્ષ પર બે પક્ષીઓ બેઠાં છે, એક ફળ ખાય છે એ જીવાત્મા છે, અને બીજો માત્ર સાક્ષી બની જુએ છે પરમાત્મા છે.

અર્થ તો સાવ સીધોસાદો અને સિમિત છે, પરંતુ જીવાત્મા છે, એટલે અજ્ઞાનને કારણે કર્મ અને ભોગને જ ફળ સમજી ખાય છે! જ્યારે બીજું પક્ષી એટલે કે પરમાત્મા શાંત અને નિર્લેપભાવે સાક્ષી બની જીવાત્માને ભવભવની ભ્રમણામાં ફસાતો જુવે છે.

સત્યમેવ જયતે નાનૃતં
સત્યેન પન્થા વિતતો દેવયાનઃ॥

એટલે કે સત્યનો જ વિજય થાય છે, અસત્યનો નહીં.

આ સૂત્રને ભારતના રાષ્ટ્રીય સૂત્ર તરીકે સ્વીકારવામાં આવ્યું છે, પરંતુ અહીં માનવ જીવનનું મૂળ સત્ય શું છે? એ સત્યની વાત છે. એણે આમ કહ્યું! ને મેં આમ કહ્યું! એવાં આપણાં નિવેદનોની સચ્ચાઈ માત્રમાં સત્યની પરિભાષા પૂરી થઈ જતી નથી! સત્યને સમજવું અઘરું છે! આપણે સત્ય અને અસત્ય ને એક સિક્કાની બે બાજુ તરીકે જોઈએ છીએ! હકીકતમાં જીવ અને બ્રહ્મ એક સત્યની બે બાજુ છે.

૩. નાયમાત્મા પ્રવચનેન લભ્યઃ

નાયમાત્મા પ્રવચનેન લભ્યો
ન મેધયા ન બહુના શ્રુતેન।
યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ
તસ્યૈષ આત્મા વિવૃણુતે તનું સ્વામ્॥

એટલે કે આત્માનો અનુભવ માત્ર વક્તૃત્વ, બુદ્ધિ પ્રેરક પ્રવચનો સાંભળવાથી થતો નથી, સાચા સાધકમાં આત્મા પોતે પ્રગટ થાય છે.

આ શ્લોક સમજવો બહુ જરૂરી છે! કારણકે માહિતી કે જાણકારીને નામે આપણે ખૂબ બધું જાણીએ છીએ, પરંતુ એનાથી નથી આત્મ શુદ્ધિ થતી, કે નથી શાંતિ અનુભવાતી! ઉલટું હું કંઈક જાણું છું! એવો અહમ વધે છે.

૪. બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ
બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ॥

એટલે કે જે બ્રહ્મને જાણે છે, તે પોતે બ્રહ્મરૂપ બની જાય છે. આત્મજ્ઞાન પછી હું અને પરમાત્મા અલગ છીએ, એવો ભેદ રહેતો નથી.

ઋષિએ સહજતાથી કહી દીધું કે, આ રીતે બ્રહ્મ સ્વરૂપ બની શકાય છે, પણ બ્રહ્મને જાણવાની કોશિશ તો કરવી પડે! થોડું કંઈક તપ ત્યાગ કે દાન કરવું પડે! આત્મ શુદ્ધિ માટે કંઈક સુધારાની ક્યાં જરૂર છે? એવું ચિંતન કરવું પડે! જ્યારે જીવ તો અભિમન્યુ જેમ હું ના ચક્રવ્યૂહમાં ફસાઈ ગયો છે.

ભિદ્યતે હૃદયગ્રંથિઃ
ભિદ્યતે હૃદયગ્રંથિઃ
છિદ્યન્તે સર્વસંશયાઃ।
ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ
તસ્મિન્ દૃષ્ટે પરાવરે॥

એટલે કે પરમાત્માનો સાક્ષાત્કાર થતાં હૃદયની ગાંઠો, સંશયો અને કર્મબંધન નાશ પામે છે.


ઋષિ કહે છે એ રીતે જીવને પરમાત્માનો સાક્ષાત્કાર થવો સરળ નથી, પણ આપણે ઉંધા ચાલીએ તો! એટલે કે 'હું પણું' છોડી હૃદયની આગ્રહ, દૂરાગ્રહ, કે પૂર્વાગ્રહની ગાંઠો ખોલવાની કોશિશ કરીએ, સમાજ, સંબંધ, કે સંસાર પ્રત્યેનાં સંશયોનું સમાધાન શોધીએ! અને થોડી જાગૃતિ રાખી કર્મ કરતી વખતે નિમિત્ત માત્રનો ભાવ રાખીએ તો, આપોઆપ આત્મ શુદ્ધિ થશે અને પરમતત્વ અંદર જ છે, એવી અનૂભૂતિઓને સરવાળે પરમાત્માનાં સાક્ષાત્કાર સુધી પહોંચી શકાય!

ત્રીજા મુંડકનો મુખ્ય બોધ એ છે કે, જીવ અને બ્રહ્મ એક જ સત્યના બે પાસાં છે, અને આ બ્રહ્મ રુપી સત્ય સુધી પહોંચવા તપ, ત્યાગ, સંયમ, શ્રદ્ધા નામક પરિબળોથી જીવને આત્મચિંતન થાય છે, અને પોતાની અંદર આત્મ રુપે પરમાત્માનો અંશ છે એવું બ્રહ્મજ્ઞાન મળે છે, અને આવું જ્ઞાન મુક્તિ તરફ દોરે છે.

ભગવાન કે આત્માની અનુભૂતિ બાહ્ય ક્રિયાથી નહીં, પરંતુ આંતરિક શુદ્ધિ અને અનુભૂતિથી થાય છે.અંતે આત્મજ્ઞાન મનુષ્યને મુક્તિ તરફ લઈ જાય છે, એટલે કે પરમ બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરવાથી મનુષ્ય જન્મ મરણના બંધનમાંથી મુક્ત થાય છે, અને એટલે આ ઉપનિષદનો ઋષિ આત્મજ્ઞાન, બ્રહ્મસાક્ષાત્કાર અને મુક્તિનાં માર્ગ પર ભાર મૂકે છે.

મુંડક ઉપનિષદનાં ત્રીજા મુંડકને અનેક આચાર્યો અને મહાનુભાવોએ અત્યંત ઊંડાણપૂર્વક સમજાવ્યો છે. આદિ શંકરાચાર્ય કહે છે કે "બે પક્ષીઓનું રૂપક મનુષ્યનાં આંતરિક જીવનનું ચિત્ર છે, જેમાં અજ્ઞાનને કારણે જીવ પોતાને મર્યાદિત માને છે. જ્યારે જ્ઞાન થાય છે ત્યારે સમજાય છે, કે જીવ અને બ્રહ્મ અલગ નથી, અને ખુદમાં જ એ દિવ્ય પ્રકાશનો અનુભવ કરે છે.

# કર્મના બંધનથી મુક્તિનો માર્ગ દૃઢધન્વાના પ્રશ્નો અને વાલ્મીકિનો અનાસક્તિનો બોધ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભારતીય સનાતન પરંપરામાં પુરુષોત્તમ માસ એટલે કે અધિક માસને સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે પોતાનું નામ આપીને સર્વોત્તમ બનાવ્યો છે. આ માસમાં કરવામાં આવેલું જપ, તપ, દાન અને કથા-શ્રવણ અનેકગણું ફળ આપે છે. આવા પાવન માસના મહાત્મ્યમાં 13મો અધ્યાય ખાસ મહત્વ ધરાવે છે. આ અધ્યાયમાં વર્ણવાયેલી દ્રઢધન્વા રાજાની કથા માત્ર એક પૌરાણિક પ્રસંગ નથી, પણ દરેક જીવાત્માને પોતાના અસ્તિત્વના મૂળ પ્રશ્નો તરફ દોરી જતી ચાવી છે. 'હું કોણ છું? મારા દુ:ખ-સુખનું કારણ શું? કર્મોનું રહસ્ય શું?' આવા સનાતન પ્રશ્નોના જવાબ આ અધ્યાયમાં મહર્ષિ વાલ્મીકિ દ્વારા સરળ ભાષામાં આપવામાં આવ્યા છે. આ કથા કર્મ, જ્ઞાન અને ભક્તિના ત્રિવેણી સંગમ સમાન છે, જે જીવને સંસારના આવરણમાંથી બહાર કાઢીને પ્રભુના ચરણો સુધી પહોંચાડે છે.

*દ્રઢધન્વા રાજાની જિજ્ઞાસા: જીવનનું સત્ય શોધવાની તડપ

પ્રાચીન કાળમાં દ્રઢધન્વા નામના પ્રતાપી અને ધર્મનિષ્ઠ રાજા થઈ ગયા. રાજ્ય, વૈભવ, કુટુંબ બધું હોવા છતાં તેમનું મન અશાંત રહેતું. તેમના મનમાં સતત એક પ્રશ્ન ઘૂમરાતો: 'મારા જીવનમાં આવતી ઘટનાઓ પાછળનું કારણ શું? પૂર્વજન્મ અને કર્મોનું શું રહસ્ય છે? હું રાજા હોવા છતાં દુ:ખથી મુક્ત કેમ નથી?' આ જિજ્ઞાસા એટલી તીવ્ર બની કે રાજપાટનું સુખ પણ તેમને ફિક્કું લાગવા માંડ્યું. સત્યની શોધ માટે તેઓ રાજમહેલ છોડીને મહર્ષિ વાલ્મીકિના પવિત્ર આશ્રમે પહોંચ્યા. રાજાનો વિનમ્ર ભાવ અને સત્ય જાણવાની તીવ્રતા જોઈને વાલ્મીકિ ઋષિ પ્રસન્ન થયા. આ પ્રસંગ આપણને શીખવે છે કે જ્યાં સુધી જીવને સંસારની ક્ષણભંગુરતા ન સમજાય અને અંદરથી સત્ય જાણવાની તડપ ન જાગે, ત્યાં સુધી જ્ઞાનના દ્વાર ખુલતા નથી.

*મહર્ષિ વાલ્મીકિનો ઉપદેશ: અનાસક્ત કર્મનો સિદ્ધાંત

વાલ્મીકિ ઋષિએ દ્રઢધન્વાને જે પહેલો બોધ આપ્યો તે હતો કર્મ અને અનાસક્તિનો. ઋષિ કહે છે, 'હે રાજન, સંસાર છોડીને જંગલમાં જવાથી મુક્તિ નથી મળતી. સાચી મુક્તિ તો સંસારમાં રહીને, પોતાના બધા કર્તવ્યો બજાવીને, છતાં કમળની જેમ અલિપ્ત રહેવામાં છે.' મનુષ્યે કર્મ તો કરવા જ જોઈએ, કારણ કે કર્મ વિના શરીરયાત્રા પણ શક્ય નથી. પરંતુ એ કર્મોમાં 'હું કરું છું' એવો અહંકાર અને 'આ મારું છે' એવો મોહ ન હોવો જોઈએ. જેમ નટ નાટકમાં વિવિધ પાત્ર ભજવે છે પણ અંદરથી જાણે છે કે તે માત્ર ભૂમિકા છે, તેમ જીવે સંસારમાં પોતાની ભૂમિકા ભજવવાની છે. પુત્ર, પિતા, રાજા,સેવક બધા ધર્મો નિભાવો, પણ મનને પ્રભુમાં જોડી રાખો. આ જ ગીતામાં કહેલો નિષ્કામ કર્મયોગ છે. જ્યારે કર્મ ફળની આસક્તિ વિના થાય, ત્યારે તે બંધન નથી બનતું પણ મુક્તિનું સાધન બને છે.

*કર્મનું ચક્ર અને પાપોનું નિવારણ ઋષિએ રાજાને સમજાવ્યું કે સુખ-દુ:ખ, જન્મ-મરણ બધું જ પૂર્વ કર્મોનું પરિણામ છે.આપણે અજાણતા માં પણ અનેક પાપ કરતા હોઈએ છીએ. મનથી, વચનથી, કર્મથી થયેલા આ દોષ જીવને જન્મોજન્મ ભટકાવે છે. ત્યારે પ્રશ્ન એ થાય કે આ કર્મ બંધનથી છૂટવાનો ઉપાય શું? આ અધ્યાયનો મહિમા એ છે કે પુરુષોત્તમ માસ દરમિયાન શ્રદ્ધાપૂર્વક આ ૧૩મા અધ્યાયનું શ્રવણ કે પઠન કરવાથી મનુષ્ય ના જાણ્યે-અજાણ્યે થયેલા પાપો નષ્ટ થાય છે. કેમ? કારણ કે આ કથા સાંભળવાથી મનમાં વિવેક જાગે છે. જીવને સમજાય છે કે સંસાર નાશવંત છે અને પ્રભુ જ એક માત્ર શાશ્વત સત્ય છે. આ જ્ઞાન જ અગ્નિ બનીને કર્મોના બીજને બાળી નાખે છે. અહીં કેવળ યાંત્રિક પાઠ કરવાની વાત નથી, પણ કથાના મર્મને સમજીને જીવનમાં ઉતારવાની વાત છે.

*સંસારની અસ્થિરતા અને ભક્તિનું શરણ દ્રઢધન્વાની કથા દ્વારા ઋષિ સંસારનું વાસ્તવિક સ્વરૂપ બતાવે છે. આજે જે આપણું છે તે કાલે બીજાનું થઈ જશે. દેહ, સંબંધ, સંપત્તિ - બધું જ પાણીના પરપોટા જેવું ક્ષણભંગુર છે. જે આ સત્ય સમજી જાય છે તેનો મોહ તૂટી જાય છે. અને મોહ તૂટે એટલે ચિંતા આપોઆપ ખતમ થઈ જાય. ત્યારે મન નિર્મળ બનીને પ્રભુ તરફ વળે છે. આ અધ્યાયનો અંતિમ સંદેશ એ જ છે કે બધી સાંસારિક દોડધામ મૂકીને એકમાત્ર શ્રીહરિને શરણે જવું. 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' - આ ભાવ દૃઢ થવો જોઈએ. જ્યારે જીવ બધા આધાર છોડીને એકમાત્ર પ્રભુનો આધાર લે છે, ત્યારે પ્રભુ પોતે તેનો યોગક્ષેમ વહન કરે છે. ભક્તિ એટલે જ ડરથી મુક્તિ.

*આજના સમયમાં અધ્યાયની પ્રસ્તુતતા આજે જ્યારે માણસ ભૌતિક સુખની પાછળ આંધળી દોટ મૂકી રહ્યો છે, ત્યારે દ્રઢધન્વાની કથા આરસી સમાન છે. આપણી પાસે બધું હોવા છતાં મન બેચેન છે, કારણ કે આપણે 'હું કોણ છું' એ ભૂલી ગયા છીએ. આ અધ્યાય આપણને રોકીને વિચારતા કરે છે.તેશીખવે છે કે ઓફિસ,ઘર,જવાબદારી બધું નિભાવો,પણ મનથી અનાસક્ત રહો.પરિણામની ચિંતા પ્રભુ પર છોડી દો. પુરુષોત્તમ માસનો આ 13મો અધ્યાય માત્ર વાંચવા માટે નથી, પણ જીવવા માટે છે. તેનું દરરોજ મનન કરવાથી ચિત્ત શુદ્ધ થાય છે, કર્મોનું બંધન શિથિલ પડે છે અને જીવ ધીમે ધીમે પ્રભુમય બને છે. સાચી આત્મશુદ્ધિ એ જ છે કે કર્મ કરતા કરતા પણ મન સતત પ્રભુના સ્મરણમાં રહે. એ જ દ્રઢધન્વાને મળેલું સત્ય છે, અને એ જ આપણા સૌ માટેનો માર્ગ છે.અસ્તુ.

# અમદાવાદ મંડળ પર વ્યાપક પર્યાવરણ જાગૃતિ અભિયાન

## અમદાવાદ મંડળનું મહા-અભિયાન : 'વિશ્વ પર્યાવરણ દિવસ' પર હરિત અને ટકાઉ રેલવે તરફ પગલું

**અમદાવાદ, તા.28**

ભારતીય રેલવે દ્વારા "વિશ્વ પર્યાવરણ દિવસ" ના ઉપક્રમે 15 મે 2026 થી 5 જૂન 2026 સુધી દેશવ્યાપી વ્યાપક પર્યાવરણ જાગૃતિ અભિયાન ચલાવવમાં આવી રહ્યું છે. આ જ ક્રમમાં, પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને ટકાઉ જીવનશૈલી (Sustainable Lifestyle) ને પ્રોત્સાહન આપવા માટે વિવિધ રેલવે સ્ટેશનો, રેલવે કોલોનીઓ તથા રેલવે સ્વાસ્થ્ય એકમોમાં કેટલાક ઉચ્ચ સ્તરના કાર્યક્રમ અને જનજાગૃતિ પ્રવૃત્તિઓ આયોજિત કરવામાં આવી રહી છે.

આ ત્રણ અઠવાડિયા લાંબા અભિયાનનું મંડળ દ્વારા જુદા-જુદા તબક્કાઓમાં વિભાજિત કરીને અત્યંત યોજનાબદ્ધ અને અસરકારક ઢબે અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જેનું વિગતવાર વર્ણન નીચે જણાવ્યા પ્રમાણે છે :

હરિત રેલવે સંચાલન અને 'એક પેડ માં કે નામ'

હાલમાં ચાલી રહેલા આ તબક્કામાં પર્યાવરણને નવું જીવન આપવા માટે હરિત આવરણ (Green Cover) વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે :

બહોળું વૃક્ષારોપણ : માનનીય વડાપ્રધાન જી ની હાકલ પર મંડળ ભરમાં "એક પેડ માં કે નામ" અભિયાન હેઠળ મોટા પાયે સઘન વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવી રહ્યા છે. રેલવે કોલોનીઓ, સ્ટેશનોના આસપાસના વિસ્તાર અને ખાલી ભૂખંડોને હર્યાભર્યા બનાવવા અને પાકોના સુંદરીકરણ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

ટકાઉ જીવશૈલી પ્રવૃત્તિઓ : ઈ-વેસ્ટ (E-Waste) વ્યવસ્થાપન, કચરાના રિસાઈકલિંગ (Recycling) તથા પર્યાવરણ અનુકૂળ જીવનશૈલી હેઠળ શારીરિક સજ્જતા અને આઉટડોર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

OSOP નો સહયોગ : 'વન સ્ટેશન વન પ્રોડક્ટ' (OSOP) યોજના હેઠળ સ્થાનિક કારીગરો દ્વારા બનાવવામાં આવી રહેલા કપડાં અને શણના થેલાના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે જેથી પ્લાસ્ટિક બેગનો વિકલ્પ મળી શકે.

હરિફાઈઓ અને નિરીક્ષણ : રેલવે કર્મચારીઓના બાળકો અને યાત્રીઓ માટે પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન વિષય પર ચિત્રકળા, નિબંધ લેખન અને પ્રશ્નોત્તરી (Quiz) હરિફાઈઓ આયોજિત કરવામાં આવી રહી છે. આની સાથે જ, સ્ટેશનો પર ટ્રેનો પર બાયો-ટોઈલેટ અને કચરાના નિકાલની પદ્ધતિઓનું અધિકારીઓ દ્વારા નિયમિત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

અભિયાનનો શુભારંભ અને ડિજિટલ જાગૃતિ

અભિયાનના પ્રથમ તબક્કામાં સંપૂર્ણ અમદાવાદ મંડળમાં વ્યવહારિક ઉદઘાટન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. આ હેઠળ ડિજિટલ ઈન્ડિયા અને પેપરલેસ સિસ્ટમને પ્રોત્સાહન આપતાં મોટા પાયે કામ કરવામાં આવ્યું. :

ડિજિટલ આઉટરીચ : સોશિયલ મીડિયા પ્લેટફોર્મો પર ★MissionLiFE WED 2026 થી હેઠળ સઘન અભિયાન ચલાવવામાં આવ્યું.

યાત્રી સંવેદીકરણ : રેલવે સ્ટેશનો અને કાર્યાલય સંકુલોમાં જળવાયુ પરિવર્તન, "સિંગલ યૂઝ પ્લાસ્ટિકને ના કહો" તથા



પર્યાવરણ અનુકૂલ જીવનશૈલીથી જોડાયેલા આકર્ષક પોસ્ટરો, બેનર અને ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ પ્રદર્શિત કરવામાં આવ્યા.

પેપરલેસ યાત્રાને પ્રોત્સાહન : યાત્રીઓને RailOne અને અન્ય ઑનલાઈન એપ મારફતે ડિજિટલ ટિકિટીંગ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા જેથી કાગળની બચત કરી શકાય.

કાર્યશાળાઓ અને ક્ષમત નિર્માણ : રેલવે કર્મચારીઓ માટે જળવાયુ પરિવર્તન, કચરો વ્યવસ્થાપન (Waste Management) અને પર્યાવરણ-અનુકૂળ જીવનશૈલી પર વિશેષ કાર્યશાળાઓ આયોજિત કરવામાં આવી. સાથે જ યાત્રીઓને "પોતાની પાણીની બોટલ સાથે રાખો" સંદેશ હેઠળ પુનઃઉપયોગ લાયક બોટલો અને કન્ટેનરોનો ઉપયોગ કરવાના સંકલ્પ લેવડાવવામાં આવ્યા.

સ્વચ્છતા, કચરો વ્યવસ્થાપન અને ઊર્જા સંરક્ષણના કઠોર પગલાં

આ તબક્કા દરમિયાન કચરાના યોગ્ય નિકાલ અને ઊર્જાની ભારે બચત માટે ઉદાહરણરૂપ પગલાં લેવામાં આવ્યા :

કચરો પૃથક્કરણ (Waste Segregation): પ્લેટફોર્મો પર ભીનો અને સૂકો કચરો જુદો તારવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું. સ્થાનિક સમુદાયો અને સ્વયંસેવી સંસ્થાઓ (NGOs) ના સંકલનથી સ્ટેશનોની આસપાસ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યા.

ઈકો-ફ્રેન્ડલી કેટરિંગ : IRCTC ના સહયોગથી વેન્ડિંગ સ્ટૉલો અને ટ્રેનોમાં બાયોડિગ્રેડેબલ (Biodegradable) અને પ્લાસ્ટિક-મુક્ત કટલરીના ઉપયોગને મૂળભૂત રીતે પ્રોત્સાહન આપવામાં આવ્યું.

ઊર્જા સંરક્ષણનું ઉદાહરણ (Energy Conservation): મંડળ રેલવે મેનેજર (DRM), અમદાવાદના કુશળ દિશા-નિર્દેશ મુજબ ઊર્જા સંરક્ષણ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતાને દર્શાવતાં 19 મે 2026 ના રોજ મંડળ કાર્યાલય અમદાવાદમાં તમામ એર કન્ડીશનર (AC) અને લાઈટો એક કલાક માટે બંધ રાખવામાં આવી. આ જ રીતે, 20 મે 2026 ના રોજ સવારે 10:00 કલાકેથી બપોરે 12:00 કલાક સુધી મંડળની તમામ રેલવે કોલોનીઓમાં લાઈટો બંધ રાખીને સમાજને વીજળી બચાવવાનો મોટો સંદેશ આપવામાં આવ્યો.

પ્લાસ્ટિક નાબૂદી, રિસાયકલિંગ અને શેરી નાટક

પ્લાસ્ટિક પ્રદૂષણને મૂળથી ખલાસ કરવા માટે અમદાવાદ મંડળ દ્વારા મૂળભૂત રીતે કઠોર પ્રયત્નો કરવામાં આવ્યા :

કડક દેખરેખ : સ્ટેશનો પર રખાયેલ પ્લાસ્ટિક બોટલ ક્રશિંગ મશીનો (PBCM) ના સુવ્યવસ્થિત સંચાલનની સમીક્ષા કરવામાં આવી. સ્ટેશન વેન્ડર સ્ટૉલો પર સિંગલ યૂઝ પ્લાસ્ટિક (SUP) ના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ સુનિશ્ચિત કરવા માટે ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા દેખરેખ રાખવામાં આવી.

માઈક્રોપ્લાસ્ટિક નિયંત્રણ : વિક્રેતાઓ અને પેન્ટ્રી કર્મચારીઓને દૂધ, છાશ અને અન્ય ખાદ્ય પદાર્થોની પેકેજિંગ બેગને પૂર્ણરૂપે જુદી ન કાપતાં, આંશિકરૂપે કાપવા (Partial Cutting) માટે શિક્ષિત કરવામાં આવ્યા, જેથી કચરાના નાના ટૂકડા પર્યાવરણમાં ભળીને માઈક્રોપ્લાસ્ટિક પ્રદૂષણ ન ફેલાવે.

સાંસ્કૃતિક માધ્યમથી ધૂણી : યાત્રીઓને જાગૃત કરવા માટે અસારવા સ્ટેશન અને ઈએલએફ (ELF) વટવામાં સ્થાનિક કલાકારો દ્વારા પર્યાવરણ કેન્દ્રિત શેરી નાટકોનું મંચન કરવામાં આવ્યું, જેમાં યાત્રીઓથી ખૂબ પ્રશંસા મળી. સાથે જળ પુનઃસંગ્રહણ (Water Recharging) કેન્દ્રોનું સઘન નિરીક્ષણ પણ કરવામાં આવ્યું.

'ભારતીય રેલવે દ્વારા ચલાવવામાં આવી રહેલું આ 21 દિવસનું અભિયાન ફક્ત સરકારી કાર્યક્રમ જ નથી, પરંતુ આ પર્યાવરણ સંરક્ષણ, ઊર્જાની બચત અને ટકાઉ વિકાસ પ્રત્યે સામાન્ય જનતાને જોડવાનું એક પવિત્ર જન-આંદોલન પણ છે. અમદાવાદ મંડળ ભવિષ્યમાં પણ પર્યાવરણને અનુકૂળ, કાર્બન-ન્યૂટ્રલ અને હરિત રેલવે સંચાલન માટે પૂર્ણરૂપે પ્રતિજ્ઞાબદ્ધ છે.'

ભારતીય રેલવે દ્વારા આ અભિયાન પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા, ઊર્જા સંરક્ષણ અને ટકાઉ વિકાસ પ્રત્યે સામાન્ય જનતામાં જાગૃતિ વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે.

## એન્જિનિયરિંગ વર્કશોપ સાબરમતી ખાતે 'ભગવદ ગીતા'ના જ્ઞાન દ્વારા કાર્યસ્થળના તણાવ વ્યવસ્થાપન પર વિશેષ સત્રનું આયોજન

**અમદાવાદ, તા.28**

રેલવે કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્ય અને અસરકારક તણાવ વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા માટે, પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝને 28 મે 2026 ના રોજ સાબરમતી સ્થિત એન્જિનિયરિંગ વર્કશોપ ખાતે 'પરિસીવ્ડ સ્ટ્રેસ એન્ડ કોપિંગ વિદ દ હેલ્પ ઓફ ભગવદ ગીતા' (તણાવ અને ભગવદ ગીતા ની મદદ થી તેનો સામનો કરવો) વિષય પર એક ખાસ સત્રનું આયોજન કર્યું હતું.



રેલવે સંચાલન અને એન્જિનિયરિંગના અત્યંત તણાવપૂર્ણ વાતાવરણમાં માનસિક સ્થિતિસ્થાપકતા અને સંતુલન જાળવવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ મહત્વપૂર્ણ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, અમદાવાદ ડિવિઝનના ઉપ મુખ્ય તબીબી અધિક્ષક (ACMS/A&H) ડૉ. મનોજકુમાર દેવ દ્વારા એક ઈન્ટરેક્ટિવ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. વર્કશોપમાં આશરે 30 વરિષ્ઠ ગૌણ અધિકારીઓએ ભાગ લીધો હતો.

સત્ર દરમિયાન, ડૉ. દેવ એ તણાવ થી જોડાયેલ આધુનિક મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો અને ભગવદ ગીતાના વ્યવહારિક અને પ્રાચીન જ્ઞાન વચ્ચેના અંતર ખૂબ જ સરળતાથી પૂરું કર્યું. વિશિષ્ટ શ્લોકોનો સંદર્ભ આપતા, તેમણે દર્શાવ્યું કે કેવી રીતે આ શિક્ષાઓ રેલવે કર્મચારીઓને કાર્યસ્થળના તણાવને જોવાના તેમના વલણને સકારાત્મક રીતે બદલવામાં મદદ કરી શકે છે.

વર્કશોપના મુખ્ય બિંદુ :

વ્યવહારુ વ્યૂહરચનાઓ: સહભાગીઓને રોજિંદા વ્યવસાયિક પડકારોનો સામનો કરવા માટે વ્યવહારુ રીતો શીખવવામાં આવી હતી.

માનસિક દ્રઢતા: મહત્વપૂર્ણ રેલવે સંચાલન દરમિયાન માનસિક શાંતિ અને સ્પષ્ટતા જાળવવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

તણાવ વ્યવસ્થાપન નો સમગ્ર દ્રષ્ટિકોણ : કાર્યસ્થળના આધુનિક પડકારો અને તણાવનો સામનો કરવા માટે પરંપરાગત જ્ઞાનનો સમાવેશ.

આ પહેલ અમદાવાદ ડિવિઝનની તેના કર્મચારીઓ અને અધિકારીઓના સમગ્ર સ્વાસ્થ્ય અને ભાવનાત્મક કલ્યાણ પ્રત્યેની સતત પ્રતિબદ્ધતાને દર્શાવે છે. ડિવિઝન દ્વારા ટેકનિકલ કૌશલ્યની સાથે માનસિક સ્વાસ્થ્ય અને આંતરિક સશક્તિકરણ પર પણ ખાસ ભાર મૂકી રહ્યું છે, જેનાથી કર્મચારીઓ વધુ અસરકારક અને સમર્પણ રૂપે તેમની સેવાઓ પ્રદાન કરી શકે.

## અમદાવાદ મંડળ પર મંડળ રેલવે ઉપભોક્તા સલાહકારસમિતિનીપાંચમીબેઠકનુંઆયોજન

**અમદાવાદ, તા.28**

પશ્ચિમ રેલવના અદમવાદ મંડળમાં તારીખ 28.05.2026 ના રોજ મંડળ રેલવે ઉપભોક્તા સલાહકાર સમિતિ (DRUCC) ની પાંચમી બેઠક મંડળ રેલવે મેનેજર કાર્યાલય, અમદાવાદમાં આયોજિત કરવામાં આવી. બેઠકના આરંભમાં મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ તમામ સભ્યોનું સ્વાગત અને અભિવાદન કરતાં તેમના-પોતાના ક્ષેત્રોથી સંબંધિત સૂચનો આમંત્રિત કર્યા.



પોતાના સંભાષણમાં મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું કે નલિયા-વાયોર વચ્ચે માલગાડી પરિવહન સપ્ટેમ્બર 2026 સુધી આરંભ કરવાની યોજના છે. તેમણે માહિતી આપી કે ભારતીય રેલવેનું સૌથી મોટું 98 લાઈનો વાળું કોચિંગ હબ વટવામાં વિકસિત કરવામાં આવશે તથા વંદે ભારત મેઈન્ટેનન્સ ડિપોનું કામ પણ ઝડપી ગતિથી પ્રગતિ પર છે. આની સાથે જ સરખેજ-ધોલેરા સેમી હાઈ સ્પીડ રેલવે પરિયોજના વિશે વિગતવાર માહિતી શેર કરવામાં આવી.

સમિતિના સચિવ અને સિનિયર મંડળ કોમર્શિયલ મેનેજર શ્રી અન્નૂ ત્યાગીએ ઉપપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત કરતાં અમદાવાદ મંડળમાં ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓ અને વિકાસાત્મક પરિયોજનાઓની માહિતી આપી. તેમણે પ્રેઝેન્ટેશન મારફતે મંડળની મુખ્ય સિદ્ધિઓ અને વિકાસ કામો પર પ્રકાશ નાંખ્યો.

શ્રી ત્યાગીએ જણાવ્યું કે અમદાવાદ, સાબરમતી અને ભુજ સ્ટેશનોનું મેજર રિડેવલેપમેન્ટ કામ પ્રગતિ પર છે, જેમાં સાબરમતી અને ભુજ સ્ટેશનોનું કામ અપગ્રેડ તબક્કામાં પહોંચી ગયું છે. આ ઉપરાંત મંડળના અન્ય મુખ્ય સ્ટેશનોનો પુનઃવિકાસ "અમૃત ભારત સ્ટેશન યોજના" હેઠળ કરવામાં આવી રહ્યો છે.

અમદાવાદ મંડળની મહત્વપૂર્ણ સિદ્ધિઓ અને વિકાસ કામ

અમદાવાદ પશ્ચિમ રેલવેનું ટોચનું પ્રદર્શન કરનારૂં મંડળ છે.

મંડળ દ્વારા 412 જોડી મેલ/એક્સપ્રેસ અને યાત્રી ટ્રેનોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે, જેમાં 118 મૂળ ટ્રેનો સામેલ છે.

નાણાંકિય વર્ષ 2025-26 માં દરરોજ લગભગ 1.1 લાખ યાત્રીઓએ અમદાવાદ મંડળથી યાત્રા પ્રારંભ કરી.

મંડળે પશ્ચિમ રેલવેની કુલ યાત્રી આવકમાં 21% તથા માલ લોડિંગમાં 49% નું યોગદાન આપ્યું.

ભારતીય રેલવેમાં અમદાવાદ મંડળ માલ લોડિંગમાં 8માં તથા માલ આવકમાં 7મા સ્થાન પર રહ્યું.

મંડળ દ્વારા મુન્દ્રા પોર્ટ, દીનદયાળ પોર્ટ (કંડલા) અને ટૂના પોર્ટ જેવા મહત્વપૂર્ણ બંદરોને રેલવે કનેક્ટિવિટી આપવામાં આવી રહી છે.

મંડળમાં 143 યાત્રી સ્ટેશન, 33 રેલવે ફ્રેઈનટ ટર્મિનલ અને 7 ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ કાર્યરત છે.

સ્ટેશન પુનઃવિકાસ અને અમૃત ભારત સ્ટેશન યોજના

અમદાવાદ સ્ટેશનનું રૂ 2379 કરોડના ખર્ચે વિશ્વસ્તરનું પુનઃવિકાસ કામ ઝડપથી પ્રગતિ પર છે.

સાબરમતી BG અને સાબરમતી જંક્શન સ્ટેશન પુનઃવિકાસનું કામ લગભગ 73% સુધી પૂર્ણ થઈ ગયું છે.

ન્યૂ ભુજ સ્ટેશન પુનઃવિકાસ કામ 76% સુધી પૂર્ણ થઈ ગયું છે.

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ મંડળના 16 સ્ટેશનોનો વિકાસ રૂ. 515.03 કરોડના ખર્ચે કરવામાં આવી રહ્યો છે.

સામાખિયાળી સ્ટેશનનું કામ પૂર્ણ થઈ ગયું છે જ્યારે કલોલ, હિમ્મતનગર, ભચાઉ વગેરે સ્ટેશનો પર ઝડપથી કામ થઈ રહ્યું છે. નવી ટ્રેન સેવાઓ અને વિશેષ ટ્રેનો

ગ્રીષ્મકાળની રજાઓ દરમિયાન યાત્રીઓની સુવિધા માટે કેટલીય વિશેષ ટ્રેનોનું સંચાલન કરવામાં આવ્યું.

ભુજ-દિલ્લી એક્સપ્રેસની નવી ટ્રેન સેવાનું સંચાલન 22 મે 2026 ના રોજ શરૂ થયું છે.

ઉદયપુર સિટી-અસારવા વંદે ભારત એક્સપ્રેસનો શુભારંભ 16 ફેબ્રુઆરી 2026 ના રોજ કરવામાં આવ્યો.

ગૌરવપૂર્ણ સિદ્ધિઓ અને માલ વ્યવસાય

વડાપ્રધાન ક્ષી નરેન્દ્ર મોદી દ્વારા હાલમાં જ ખેડબ્રહ્મા-હિમ્મતનગર સેક્શન રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું.

મંડળે સ્ટેનલેસ સ્ટીલ કન્ટેનરો દ્વારા ઔદ્યોગિક મીઠું લોડિંગ કરવાની અનન્ય શરૂઆત કરી.

બેચરાજીથી ACT-1 ઑટોમોબાઈલનું રેક લોડ કરીને 264 વાહનોનું પરિવહન કરવામાં આવ્યું.

ઊંઝાથી મિર્જા (આસામ) સુધી મસાલાઓની પહેલી પાર્સલ રેક ચલાવવામાં આવી.

લિંચથી જમ્મૂ-કાશ્મીર સુધી દૂધ ઉત્પાદનોની પહેલી કાર્ગો રેક મોકલવામાં આવી.

બેઠક દરમિયાન સમિતિના સભ્યો દ્વારા પોત-પોતાના ક્ષેત્રથી સંબંધિત રેલવે સમસ્યાઓ, ટ્રેનોના સ્ટોપેજ, ટ્રેનોના વિસ્તરણ, ટ્રેનોના સ્ટોપેજ આપવા, નવી ટ્રેન સેવા શરૂ કરવાના અને અંડર બ્રિજ અને ઓવર બ્રિજ બનાવવાના તથા નવી પરિયોજનાના વહેલાં સર અમલીકરણ તથા સ્ટેશન પર ઉત્તમ યાત્રી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા, સ્ટેશન પર ઠંડા પાણીની યોગ્ય વ્યવસ્થા, સાફ-સફાઈ જેવા મહત્વપૂર્ણ સૂચનો રજૂ કર્યા.

આ અવસર પર સમિતિના સભ્ય અને અપર મંડળ રેલવે મેનેજર શ્રીમતી મંજૂ મીણા અને મંડળના તમામ સિનિયર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા અને બેઠકમાં સક્રિય રીતે ભાગ લીધો.

## 35 લાખથી વધુ યુઝર્સ અને 6 લાખથી વધુ ડ્રાઇવર્સ સાથે 'ભારત ટેક્સી' બની વિશ્વની સૌથી મોટી મોબિલિટી કોઓપરેટિવ

**ગાંધીનગર, તા.28**

સામાન્ય રીતે જ્યારે પણ 'સહકારિતા' શબ્દનો ઉલ્લેખ થાય, ત્યારે સૌને અમૂલની દૂધ ક્રાંતિ યાદ આવે છે. પરંતુ, આજે ગુજરાતની સડકો પર એક નવી ડિજિટલ ક્રાંતિ દોડી રહી છે જેનું નામ છે 'ભારત ટેક્સી'. આ માત્ર એક ઍપ નથી, પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના સપનાને સાકાર કરતી એ હજારો ડ્રાઈવરોની ગાથા છે, જે હવે કોઈ કંપનીના કર્મચારી નહીં, પણ આ મોબિલિટી પ્લેટફૉર્મના સ્વયં માલિક છે. 5 ફેબ્રુઆરીએ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા લૉન્ચ કરવામાં આવેલી આ પહેલ ટેક્નોલૉજી અને માનવીય ગરિમાના સંગમનું વિશ્વનું સૌથી મોટું ઉદાહરણ બની રહી છે.

ભારત ટેક્સીના ચૅરમૅન અને અમૂલના એમડી જયેન મહેતાના મતે આ પરિવર્તન એક મોટી ક્રાંતિ સમાન છે. તેમણે કહ્યું કે, "ભારત ટેક્સીએ ડ્રાઈવર-ઓન્ડ મૉડલને વાસ્તવિકતા બનાવીને એ સુનિશ્ચિત કર્યું છે કે, રાઇડની 100% કમાણી કોઈપણ કપાત વિના સીધી ડ્રાઈવરો સુધી પહોંચે. આજે તે દુનિયાની સૌથી મોટી મોબિલિટી કોઓપરેટિવ તરીકે ઊભરીને ડ્રાઈવરોના સ્વાભિમાનને વધારી રહી છે, સાથે જ 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનનો વૈશ્વિક સ્તરે એક નવો બેન્ચમાર્ક પણ સ્થાપિત કરી રહી છે.

મોબિલિટી ક્ષેત્રમાં અત્યાર સુધી ડ્રાઈવરો માટે સૌથી મોટી મુશ્કેલી ભારે કમિશન અને અનિશ્ચિત આવક રહી છે. પરંતુ 'ભારત ટેક્સી'એ આ જૂની પેટર્નને બદલી નાખી છે. અહીં કોઈ વચેટિયા કે




કોર્પોરેટ નથી, પરંતુ ડ્રાઈવર્સ જ આ કોઓપરેટિવના સ્ટેકહોલ્ડર્સ છે. તેનો સીધો પ્રભાવ પાયાના સ્તરે જોવા મળી રહ્યો છે. આ પ્લેટફૉર્મમાં જોડાયા પછી, એક સરેરાશ ડ્રાઈવરની માસિક આવક 25% થી 30% વધી છે. આ આંકડો ફક્ત કમાણીનો નહીં, પરંતુ એ હજારો પરિવારોની સમૃદ્ધિનો દસ્તાવેજ છે, જેઓ હવે પરંપરાગત એગ્રીગેટર મૉડલથી બહાર નીકળી રહ્યા છે.

ડ્રાઈવરોના જીવનમાં આવેલા આ બદલાવને પ્રવીણ ઠાકોરના અનુભવથી સારી રીતે સમજી શકાય છે. તેઓ કહે છે કે, "અન્ય કંપનીઓ સાથે કામ કરવું હવે ફાયદાકારક રહ્યું ન હતું. પરંતુ, 'ભારત ટેક્સી' સાથે જોડાયા પછી અમને વધુ સારો રેટ અને પ્રતિસાદ મળી રહ્યા છે. આ મૉડલ સાથે જોડાઈને કોઈપણ ડ્રાઈવર સારી કમાણી કરીને પોતાના પરિવારનું ભવિષ્ય સુરક્ષિત બનાવી શકે છે."

ભારત ટેક્સી ફક્ત ડ્રાઈવર્સની આવક વધારવા સુધી સીમિત નથી, પરંતુ તેણે 'પેસેન્જર એક્સપીરિયન્સ'ને પણ નવો આયામ આપ્યો છે. ખાનગી એગ્રીગેટર પ્લેટફોર્મ્સમાં ઘણીવાર ડાયનેમિક પ્રાઇસિંગને કારણે ફેરમાં અનિશ્ચિતતા રહેતી હોય છે. જો કે, ભારત ટેક્સીએ આ માળખું સ્થિર અને પારદર્શક રાખ્યું છે.

# ડોન-3 કા રણવીર કો પકડના ના મૂમકીન હૈ: અહમનો ખેલ

## રણવીર અને ફરહાન અખ્તર વચ્ચેની કોલ્ડ વોર ધૂરંધર પછી ભડકી ઉઠી હતી, લોસ ફરહાનને જવાનો છે

ડોન-૩ના વિવાદ પાછળ ધૂરંધરની સફળતા છૂપાયેલી છે. જ્યારે રણવીર સિંહ પર ફિલ્મ માર્કેટ નિષ્ફળ કલાકારનું લેબલ માર્યું હતું ત્યારે ડોન-૩ માટે કરાર થયા હતા. ત્યારે પણ ફિલ્મની સ્ક્રીપ્ટ બાબતે વિવાદ ચાલતો હતો. ત્યારે રણવીર ફ્લોપ હિરોની યાદીમાં હતો તેથી તેના સજેશનો ધ્યાનમાં લેવાતા નહોતા પરંતુ હવે ધૂરંધરની સફળતાએ રણવીરને સોદાબાજ બનાવી દીધો છે. રણવીરનું નામ જ્યાં પડે ત્યાં સફળતા જોવા મળે છે. અનેક માર્કેટિંગ કંપનીઓ રણવીરની ઓફિસે પોતાની બ્રાન્ડની જાહેરાત માટે ઉભી છે.

ધૂરંધર પહેલાનો રણવીર અને ધૂરંધરની ભવ્ય સફળતા પછીનો રણવીર બંનેમાં ઘણો ફર્ક છે. હાલના સંજોગો એવા છે કે રણવીરના નામ માત્રથી કોઈ પણ ફિલ્મ હીટ જઈ શકે છે. ડોન-૩ની સફળતા રણવીરના નામ માત્રથી હીટ જવાની હતી. પરંતુ રણવીર અને ફરહાન અખ્તર વચ્ચેની કોલ્ડ વોર ધૂરંધર પછી ભડકી ઉઠી હતી. ડોન-૩ માટે રણવીરના પોતાના આઈડયા હોય તે સ્વભાવિક છે.

અમિતાભ બચ્ચનના ડોનની સફળતાના પગલે શાહરૂખખાનને લઈને ડોન-૨ બનાવાઈ હતી. પરંતુ તે ફ્લોપ ગઈ હતી. આ વિવાદ હવે વળતરના દાવા, સર્જનાત્મક મતભેદો અને ફિલ્મ ઉદ્યોગના અસહકારના નિર્દેશ સુધી વિસ્તર્યો છે. જ્યારે ૨૦૨૩ માં રણવીર સિંહને નવા ડૉન તરીકે જાહેર કરવામાં આવ્યો હતો, જે અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન દ્વારા ક્યારેક નિભાવવામાં આવેલા પાત્રમાં કદમ મૂકી રહ્યો હતો, ત્યારે ચાહકો ઉત્સુક અને ઉત્સાહિત હતા. પરંતુ આ સફરમાં ક્યાંક ને ક્યાંક, બધું વિખેરાઈ ગયું.જેમાં રણવીર અને ફરહાન અખ્તરનો અહમ આડે આવી ગયો છે.

જ્યારે ૨૦૨૩ માં રણવીર સિંહને નવા ડૉન તરીકે જાહેર કરવામાં આવ્યો, અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન દ્વારા આઈકોનિક બનેલી ભૂમિકા વારસામાં મેળવી, ત્યારે ચાહકો ઉત્સાહિત પણ થયા હતા અને બે ભાગમાં વહેંચાયેલા જોવા મળતા હતા. એક વર્ગ કહેતો હતો કે ડોનના નામને બહુ વટાવાયું છે. ડોન આધારીત ફિલ્મો અભિનેતા કોણ છે તેના નામ પર ચાલશે. ધૂરંધરની સફળતા પહેલાં રણવીરનુ



નામ ડોન-૩ માટે જાહેર કરાયું હતું.

જ્યારે રણવીર ડોન-૩માં એક્શન સીન અને ફિલ્મી મસાલા ઉમેરવા માંગતો હતો ત્યારે ફરહાન અખ્તરે તેનો બહુ પ્રતિભાવ આપ્યો નહોતો.અહીંથી પર્સનાલીટી ક્લેશની શરૂઆત થઈ હતી.

અહેવાલો અનુસાર, રણવીર વારંવાર પ્રોડક્શનમાં થતા વિલંબ અને લોક થયેલી (ફાઈનલ) સ્ક્રિપ્ટની ગેરહાજરીથી નાખુશ હતો. એવા પણ દાવાઓ હતા કે તે ડૉનનું વધુ ડાર્ક, વધુ આક્રમક સંસ્કરણ ઈચ્છતો હતો, જેમાં વધુ ધારદાર એક્શન અને વધુ વાસ્તવિકનો ટોન હોય, જ્યારે ફરહાન કથિત રીતે અગાઉની ફિલ્મોમાંની નકલને વળગી રહ્યો હતો.

એવું પણ ચર્ચાય છે કે રણવીરને જ્યારે ખબર પડી કે તે ફિલ્મ સાથે જોડાયેલો હોવા છતાં પણ તેની જગ્યાએ નવો હિરો શોધાઇ રહ્યો છે ત્યારે વિકલ્પો શોધી રહ્યા છે, ત્યારે પરિસ્થિતિ વધુ વણસી ગઈ. ત્યારબાદ તરત જ, તેની બહાર નીકળવાના અહેવાલો સત્તાવાર બન્યા.

કોઇ સામાન્ય હિરો ફિલ્મ છોડીને જાય તો તકેની નોંધ પણ ના લેવાય પરંતુ જ્યારે ધૂરંધર ફેઈમ હિરો ફિલ્મ છોડે ત્યારે સંભવિત નફાનું સપનું રોળાઈ જાય છે.

બોલીવૂડ ઉદ્યોગના અહેવાલોએ પાછળથી દાવો કર્યો હતો કે પ્રી-પ્રોડક્શન દરમિયાન થયેલા નાણાકીય નુકસાનને ટાંકીને એક્સેલ એન્ટરટેઈનમેન્ટે અભિનેતા પાસેથી આશરે ૪૦-૪૫ કરોડના નુકસાનીની માંગણી કરી હતી. આ બાબત આખરે ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (ખઉૈંભઈ) પાસે પહોંચતા પહેલા મધ્યસ્થતા માટે પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા સુધી પહોંચી હોવાનું અહેવાલ છે. સવાલ એ પણ છે કે શું કોઈને રોકી શકાય..સંસ્થાએ આક્ષેપ કર્યો હતો કે અભિનેતા ચર્ચા માટે સંસ્થા સમક્ષ હાજર થવાની વારંવારની વિનંતીઓનો જવાબ આપવામાં નિષ્ફળ રહ્યો હતો.

રણવીરે, જોકે, આ આરોપો પર સીધી કોઈ ટિપ્પણી ન કરવાનું પસંદ કર્યું. તેની ટીમે પાછળથી એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે અભિનેતાએ 'સભાનપણે મૌન જાળવવાનું પસંદ કર્યું છે' કારણ કે તે માને છે કે 'વ્યવસાયિક ચર્ચાઓ અને વ્યક્તિગત સમીકરણો ગરિમા, પરિપક્વતા અને પરસ્પર આદર સાથે શ્રેષ્ઠ રીતે હેન્ડલ કરવામાં આવે છે.'

નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે રણવીર 'ડૉન' ફ્રેન્ચાઇઝી સાથે જોડાયેલા તમામ લોકો માટે 'ઊંડો આદર અને સદ્ભાવના' રાખવાનું ચાલુ રાખે છે. હાલ પૂરતું, ડૉન ૩ નું ભાવિ અધ્ધરતાલ છે. રણવીર કે ફરહાન બંનેમાંથી કોઈએ પણ જાહેરમાં આખી વાર્તા શેર કરી નથી. તાજેતરના વર્ષોમાં ડોન-૩નો વિવાદ બોલીવૂડમાં સૌથી તોફાની વિવાદોમાંનો એક બની ગયો છે.

# ભારત-ઈંગ્લેન્ડ વિમેન્સ ટી20 સિરીઝનો આજથી પ્રારંભ

## આગામી ટી20 વર્લ્ડ કપ અગાઉ તૈયારી માટે બંને ટીમ પાસે ઉત્તમ તક, રાત્રે 11.00થી પ્રારંભ



**ચેમ્સફોર્ડ, તા.28**

ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમ આવતા મહિને યોજાનારા આઈસીસી ટી20 વિમેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ માટેની અંતિમ તૈયારીઓના ભાગરૂપે ગુરુવારથી ઈંગ્લેન્ડ સામે ત્રણ મેચની ટી20 સિરીઝ રમનારી છે. ગુરુવારે બંને ટીમ વચ્ચે અહીં પ્રથમ મેચ રમાશે. ભારતીય સમય અનુસાર રાત્રે 11.00 કલાકે મેચનો પ્રારંભ થશે.

12મી જૂનથી શરૂ થનારી મેગા ઈવેન્ટ અગાઉ બંને ટીમ માટે તૈયારી કરવા આ સિરીઝ ઉત્તમ તક મનાય છે.હરમનપ્રિત કૌરની આગેવાની હેઠળની ટીમ માટે આ સિરીઝ અત્યંત મહત્વની છે કેમ કે ટીમ છેલ્લા એક વર્ષમાં સતત લય જાળવી રાખવા માટે સંઘર્ષ કરી રહી છે. જોકે ટી20 વર્લ્ડ કપ અગાઉ ભારતની વર્લ્ડ કપની તૈયારીઓ મિશ્ર રહી છે. ગયા ડિસેમ્બરમાં શ્રીલંકા સામે 5-0થી શ્રેણી જીત્યા બાદ ભારતે ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં 2-1થી ઐતિહાસિક વિજય હાંસલ કર્યો હતો. જોકે ત્યારબાદ સાઉથ આફ્રિકાના પ્રવાસમાં ટીમને 1-4થી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. જેમાં બેટિંગની અસંગતતા અને મિડલ ઓર્ડરના સંઘર્ષ જેવા પ્રશ્નો સામે આવ્યા હતા. હવે ઈંગ્લેન્ડ સામેની આ સિરીઝ અત્યંત મહત્વપૂર્ણ છે ત્યારે હરમનપ્રિત કૌરની ટીમને પોતાની નબળાઈઓ સુધારવાની તક મળશે. બોલિંગમાં રેણુકા સિંઘ ઠાકુર, ક્રાંતિ ગૌડ અને અરૂંધતી રેડ્ડી આક્રમણની જવાબદારી સંભાળશે.

વિમેન્સ પ્રીમિયર લીગ (WPL) માં સારું પ્રદર્શન કરનારી યુવા ઝડપી બોલર નંદિની શર્માને પણ તક મળી શકે છે. આ ઉપરાંત વિકેટકીપર યાસ્તિકા ભાટિયા (ACL ઈજામાંથી સાજા થયા બાદ) અને અનુભવી સ્પિનર રાધા યાદવનું ટીમમાં પુનરાગમન થયું છે. આ બાબત ટીમ માટે સકારાત્મક સંકેત છે.

સ્પિન બોલિંગ વિભાગમાં રાધા યાદવ સાથે દિપ્તી શર્મા, શ્રી ચરણી અને શ્રેયંકા પાટીલ ટીમમાં છે. ભારત ગયા વર્ષે ઈંગ્લેન્ડની ધરતી પર 3-2થી સિરીઝ જીત્યું હોવાથી આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરશે.ભારત તેની પ્રથમ વર્લ્ડ કપ મેચ 14મી જૂને પાકિસ્તાન સામે રમશે. બંને ટીમઃ ભારતઃ હરમનપ્રિત કૌર (સુકાની), સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, જેમિમાહ રોડ્રિગ્સ, ભારતી ફૂલમાલી, દિપ્તી શર્મા, રિચા ઘોષ, શ્રી ચરણી, યાસ્તિકા ભાટીયા, નંદિની શર્મા, અરૂંધતી રેડ્ડી, રેણુકા સિંઘ ઠાકુર, ક્રાંતિ ગૌડ, શ્રેયંકા પાટીલ, રાધા યાદવ.ઈંગ્લેન્ડઃ ચાર્લોટ ડીન (સુકાની), સોફિયા ડન્કલી, ડેની વેઈટ-હોજ, એલિસ કાપ્સે, હિથર નાઈટ, ડેનિલી ગિબ્સન, ફ્રેયા કેમ્પ, એમી જોન્સ, લૌરેન બેલ, ટ્રીની કોલમેન, સોફી એકેલ્સ્ટન, લૌરેન ફિલર, લિન્સે સ્મિથ, ઈસ્સી વોંગ.

# જંગી સ્કોરનું દબાણ અને કંગાળ ફિલ્ડિંગે ગુજરાતને હરાવ્યાઃ ફિલિપ્સ

■ **રોયલ ચેલેન્જર્સ સામે કારમી હાર બાદ બીજી ક્વોલિફાયરમાં સારા દેખાવની ગ્લેન ફિલિપ્સને આશા**

**ધરમશાલા, તા.28**

આઈપીએલની ટી20 ક્રિકેટ ટુર્નામેન્ટમાં મંગળવારે રમાયેલી પ્રથમ ક્વોલિફાયરમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે ગુજરાત ટાઈટન્સનો કારમો પરાજય થયો હતો. જોકે તેની પાસે હજી પણ ફાઈનલમાં પ્રવેશવાની તક છે પરંતુ મંગળવારે ટીમે જે પ્રદર્શન કર્યું તેનાથી ગુજરાત ટાઈટન્સનો સ્ટાર ક્રિકેટર ગ્લેન ફિલિપ્સ સંતુષ્ટ નથી. તેણે જણાવ્યું હતું કે બેંગલોરના જંગી સ્કોરના દબાણને ટીમ વશ થઈ ગઈ હતી અને ટીમની ફિલ્ડિંગ પણ અપેક્ષા મુજબની ન હતી.



મંગળવારે અહીં રમાયેલી પ્રથમ ક્વોલિફાયરમાં બેંગલોરના 254 રનના વિશાળ સ્કોર સામે રમતાં ગુજરાત ટાઈટન્સની ટીમ 92 રનથી હારી ગઈ હતી. એક સમયે ટીમ 100 રન સુધી પહોંચે તેવી પણ શક્યતા ન હતી પરંતુ રાહુલ તેવટિયાએ આક્રમક 68 રન ફટકારતાં ટીમ 162 રનના સ્કોર સુધી પહચી શકી હતી. કારમી હાર બાદ ગુજરાત ટાઈટન્સના બેટર ગ્લેન ફિલિપ્સે સ્વીકાર્યું હતું કે 254 રનનો પીછો કરતી વખતે સ્કોરબોર્ડનું દબાણ અને મેદાન પરની નબળી ફિલ્ડિંગ ટીમને ભારે પડી હતી. જોકે, તેણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ટીમ આ હારને ભૂલીને આગામી મેચ (ક્વોલિફાયર-2) માટે ઝડપથી તૈયાર થઈ જશે.

255 રનના મોટા લક્ષ્યનો પીછો કરવો કોઈ પણ ટીમ માટે મુશ્કેલ છે અને જ્યારે શરૂઆતમાં વિકેટો પડે ત્યારે દબાણ અનેકગણું વધી જાય છે આમ કહીને ફિલિપ્સે ખાસ કરીને રજત પાટીદારનો કેચ છોડવાને હારનું નિર્ણાયક પાસું ગણાવ્યું હતું. પાટીદાર ત્યારે 20 રન પર હતો અને ત્યારબાદ તેણે આક્રમક બેટિંગ કરી હતી. તેણે 33 બોલમાં 93 રન ફટકાર્યા હતા. ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ગ્લેન ફિલિપ્સના મતે આ ફિલ્ડિંગની નિષ્ફળતા કૌશલ્ય કરતા માનસિક અભિગમનો અભાવ દર્શાવે છે. તેણે કહ્યું હતું કે પિચ બેટિંગ માટે સારી હતી, જે રજત પાટીદાર અને રાહુલ તેવટિયાની બેટિંગ પરથી સ્પષ્ટ થતું હતું.

# ફ્રેન્ચ ઓપનમાં સાબાલેન્કા, ગૌફ, ઓસાકા અને સિન્નરની આગેકૂચ જારી

■ **ઝળહળતા સૂર્યપ્રકાશમાં સાબાલેન્કાના ડાયમન્ડની ચમકનું આકર્ષણ, અતિશય ગરમી વચ્ચે મેડવેડેવ હાર્યો**

**પેરિસ, તા.28**

ફ્રેન્ચ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ 2026માં બુધવારે તપતી ગરમી વચ્ચે રમાઈ રહેલી મેચોમાં રમતની સાથે ખેલાડીઓની ફેશન અને આશ્ચર્યજનક પરિણામોએ સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. પેરિસમાં સતત ત્રીજા દિવસે તાપમાન 35 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચતા ટેનિસ કોર્ટ પર સ્થિતિ અત્યંત ગરમ રહી હતી.

મોખરાનો ક્રમાંક ધરાવતી આર્યના સબાલેન્કાએ ગળામાં બે ભારે ડાયમન્ડ નેકલેસ પહેરીને કોર્ટ પર પ્રવેશ કર્યો હતો. જેસિકા બુઝાઝ માનેરો સામે તેણે 6-4, 6-2થી વિજય હાંસલ કર્યા બાદ સાબાલેન્કાએ કહ્યું કે, "જ્યારે હું જે પહેરું છું તેમાં



મને સારું લાગે છે, ત્યારે મારું પ્રદર્શન પણ ઘણું સારું રહે છે. મને ટેનિસ કોર્ટ પર થોડી ફેશન લાવવી ગમે છે." તેણે મજાકમાં ઉમેર્યું કે સુરક્ષા માટે તેની પાસે તેનો મંગેતર અને જુજિત્સુ જાણતો ફિઝિયો છે. દરમિયાન કોકો ગૌફ અને નાઓમી ઓસાકાએ પણ પોતપોતાની મેચો જીતી લીધી હતી. ગૌફે અમેરિકાની ટેલર ટાઉનસેન્ડને 6-4, 6-0થી હરાવી પોતાના ટાઈટલ ડિફેન્ડનો પ્રારંભ કર્યો હતો. જ્યારે નાઓમી ઓસાકાએ સોનેરી ડ્રેસમાં રમીને લૌરા સિગમન્ડને 6-3, 7-6થી પરાજય આપ્યો હતો.

જોકે એક વિપરીત પરિણામ પણ આવ્યું હતું જેમાં અસાધારણ ગરમી અને ઝડપી કોર્ટ પર ડેનિલ મેડવેડેવનો સંઘર્ષ જારી રહ્યો હતો. આ વખતે વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી મેળવનારા 97મા ક્રમના ઓસ્ટ્રેલિયન ખેલાડી એડમ વોલ્ટને મેડવેડેવને પાંચ સેટની રોમાંચક મેચમાં 6-2, 1-6, 6-1, 1-6, 6-4થી હરાવીને ટુર્નામેન્ટમાંથી બહાર કરી દીધો હતો. જોકે યાનિક સિન્નરે તેની શાનદાર રમત જારી રાખી હતી. ગરમી કે અન્ય કોઈ બહારના દબાણને વશ થયા વિના સિન્નરે ક્લેમેન્ટ ટેબુરને 6-1, 6-3, 6-4થી હરાવ્યો હતો. રોલેન્ડ ગેરોસ ખાતે આ તેનો સતત 30મો વિજય હતો.

# રેકોર્ડ નહીં IPLની ટ્રોફી જીતવી છે...: 15 વર્ષનો વૈભવ સૂર્યવંશી સેન્ચુરી ચૂક્યો પણ લોકોના દિલ જીત્યા....

**નવી દિલ્હી, તા.28**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની એલિમિનેટર મેચમાં રાજસ્થાન રોયલ્સે (RR) સનરાઈઝર્સ હૈદરાબાદને એકતરફી મુકાબલામાં હરાવીને ક્વોલિફાયર-2 માં જગ્યા બનાવી લીધી છે. મુલ્લાંપુરના મેદાન પર રમાયેલી આ મેચમાં રાજસ્થાને મેળવેલી ભવ્ય જીત બાદ હવે આગામી મેચ માટે ગુજરાત ટાઈટન્સ (GT) માટે પણ જોખમની ઘંટી વાગી ગઈ છે. રાજસ્થાન રોયલ્સ હવે શુક્રવારે (29 મે) ના રોજ આ જ મેચ ગ્રાઉન્ડ પર ગુજરાત ટાઈટન્સ સામે ટકરાશે. આ મેચ જીતનારી ટીમ ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામે ટાઈટલ માટે જંગ ખેલશે.



રાજસ્થાનની આ વિસ્ફોટક જીતનો સૌથી મોટો હીરો 15 વર્ષનો યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી રહ્યો. વૈભવે હૈદરાબાદના બોલરોની લાઈન-લેન્થ બગાડતા માત્ર 29 બોલમાં 97 રનની તોફાની ઈનિંગ રમીને મેચનું પાસું સંપૂર્ણપણે પલટી નાખ્યું હતું. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

IPL ઈતિહાસની સૌથી ફાસ્ટેસ્ટ સેન્ચુરી (સૌથી ઝડપી સદી) ચૂકવા અંગે જ્યારે વૈભવને પૂછવામાં આવ્યું ત્યારે તેણે પરિપક્વતા બતાવતા કહ્યું કે, હું જ્યારે આઉટ થઈને પેવેલિયન પરત ફર્યો ત્યારે મને ખબર પડી કે હું કોઈ રેકોર્ડની નજીક હતો. મારો ફોકસ કોઈ વ્યક્તિગત રેકોર્ડ પર નથી, પરંતુ ટીમ માટે વધુમાં વધુ યોગદાન આપવા પર હતો. સદી તો ભવિષ્યમાં પણ બનશે, પરંતુ અત્યારે અમારો એકમાત્ર ટાર્ગેટ IPL ટ્રોફી જીતવાનો છે. વૈભવે ઉમેર્યું કે, તે વિરોધી ટીમની રણનીતિ પર વધારે ધ્યાન નથી આપતો. તે મેચ પહેલા માત્ર બોલર્સ, વિકેટનું વલણ અને બાઉન્ડ્રીની સાઈઝ સમજી લે છે. જો બેટ્સમેન પોઝિટિવ માઈન્ડસેટ સાથે રમે, તો પ્રેશર આપોઆપ બોલરો પર આવી જાય છે.

રાજસ્થાન રોયલ્સ માટે સૌથી મોટી રાહતના સમાચાર એ છે કે ટીમ અત્યારે સુપર ફોર્મમાં જોવા મળી રહી છે. વૈભવ સૂર્યવંશી, ધ્રુવ જુરેલ અને યશસ્વી જયસ્વાલ જેવા યુવા ખેલાડીઓ શાનદાર ફોર્મમાં છે. આ ઉપરાંત જોફ્રા આર્ચરની ઘાતક સ્પીડ વિરોધી ટીમો માટે સતત મુશ્કેલીઓ ઊભી કરી રહી છે. ક્વોલિફાયર-2 ની મેચ પણ મુલ્લાંપુરના આ જ મેદાન પર રમવાની હોવાથી રાજસ્થાન અહીંની પિચ અને પરિસ્થિતિઓથી હવે સંપૂર્ણ વાકેફ થઈ ચૂક્યું છે. ક્રિકેટ ફેન્સ આશા રાખી રહ્યા છે કે શુક્રવારે રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે ફાઈનલની ટિકિટ મેળવવા માટે કાંટાની ટક્કર જોવા મળશે.

# અનન્યા પાંડેને ચાંદ મેરા દિલમાં ભરતનાટ્યમ ફ્યુઝન માટે ટ્રોલ કરાઈ

■ **ક્લાસિકલ ડાન્સર કમ્યુનિટીએ આ ડાન્સની આકરી ટીકા કરી**

**મુંબઈ, તા.28**

અનન્યા પાંડે અને લક્ષ્યની નવી ફિલ્મ ચાંદ મેરા દિલ સોમવાર સવારે સોશિયલ મીડિયા પર ભારે ચર્ચામાં રહી, ફિલ્મના બે મહત્વના સિક્વન્સમાં અનન્યા દ્વારા કરવામાં આવેલા ફ્યુઝન ભરતનાટ્યમના ક્લિપ્સ સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ભારે ટીકા થઈ, જેમાં અનેક લોકોએ આરોપ મૂક્યો કે આ કોરિયોગ્રાફીએ શાસ્ત્રીય નૃત્ય પરંપરાનું અપમાન કર્યું છે.

ચાંદ મેરા દિલમાં અનન્યા પાંડે ચાંદનીનું પાત્ર ભજવે છે, જે ભરતનાટ્યમ નૃત્યાંગના તરીકે દેખાડવામાં આવેલી ચારુ શંકરની



દીકરી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા દ્દશ્યમાં તેનું પાત્ર પરંપરાગત ભરતનાટ્યમ પ્રસ્તુતિના બદલે ફ્યુઝન પરફોર્મન્સ પસંદ કરે છે, જેમાં ભરતનાટ્યમનું હિપ-હોપ અને લોકિંગ સાથે ફ્યુઝન કરવામાં આવ્યું છે. આવા પ્રકારના ફ્યુઝન પરફોર્મર્સ પહેલેથી જ અસ્તિત્વમાં હોવા છતાં, X પર ઘણા લોકોનું માનવું છે કે આ દ્દશ્ય જે રીતે રજૂ કરાયું છે તે યોગ્ય અસર પેદા કરવામાં નિષ્ફળ રહ્યું છે.

પદ્મવિભુષણ નૃત્યાંગના સોનલમાનસિંહે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું, "અનન્યાનું આ કહેવાતું ભરતનાટ્યમ દર્શાવતી તાજેતરની ફિલ્મ ક્લિપ ફિલ્મ નિર્માતાઓ, અભિનેતાઓ અને સંગીતકારો માટે સમયસરની ચેતવણી છેઃ અમારી પરંપરાનું માન રાખો. જે વસ્તુ તમે શીખ્યા નથી કે સમજતાં નથી તેમાં હાથ ન અજમાવો. મેં હોલિવૂડ ફિલ્મોમાં જોયું છે કે બેલે માટે પ્રતિભાશાળી અને તાલીમપ્રાપ્ત નૃત્યાંગનાઓનો ઉપયોગ થાય છે; તેઓ એક્ટર્સને ફક્ત કૂદાકૂદી કરવા નથી કહેતાં. બોલિવૂડમાં આ અણગમતી બેદરકારી સામે મને વાંધો છે. એક ભરતનાટ્યમ નૃત્યાંગના તરીકે હું દુઃખી છું. નટરાજ શિવ કદાચ કૈલાસ પર રડી રહ્યા હશે. થોડો તો આદર રાખો."


ભરતનાટ્યમ ગુરુ રમા વૈદ્યનાથને એક ઈન્ટરવ્યુમાં કહ્યું, "જો તમે તે નૃત્યમાં તાલીમ લીધી નથી, તો તેને કરવાનો પ્રયાસ જ ન કરો! જો તમારે ફિલ્મમાં ભરતનાટ્યમ બતાવવું હોય, તો એવી અભિનેત્રી લો જેને યોગ્ય તાલીમ હોય; આપણી પાસે આવાં અનેક કલાકારો છે. ફ્યુઝન સામે મને કોઈ વાંધો નથી, કારણ કે અંતે તમે તમારા નૃત્ય સ્વરૂપને સકારાત્મક રીતે રજૂ કરી રહ્યાં છો. પરંતુ જ્યારે તમે તાલીમપ્રાપ્ત નૃત્યાંગના નથી, ત્યારે તમે આ નૃત્યને યોગ્ય રીતે રજૂ કરતાં નથી."

# ફરહાન આશુતોષ ગોવારિકરની ક્રિકેટર લાલા અમરનાથ પર આધારિત બાયોપિકમાં આમિર ખાન સાથે જોડાશે...

**મુંબઈ, તા.28**

ફરહાન અખ્તર લેજેન્ડ ભારતીય ક્રિકેટર લાલા અમરનાથ પર આધારિત આશુતોષ ગોવારિકરની આગામી સ્પોર્ટ્સ ડ્રામામાં આમિર ખાન સાથે જોડાશે એવી ચર્ચા છે.

આઈકોનિક લગાનની જોડી આમિર ખાન અને ફિલ્મમેકર આશુતોષ ગોવારિકર ફરી એકવાર સાથે આવવાની તૈયારીમાં છે. આ મજબુત જોડી 25 વર્ષ બાદ એક વિશાળ અને મોટાં રોકાણ સાથે બની રહેલી પીરિયડ સ્પોર્ટ્સ બાયોપિક માટે ફરી સાથે આવી રહી છે, જે લેજેન્ડ ભારતીય ક્રિકેટર લાલા અમરનાથના જીવન પર આધારિત છે. હવે આ ફિલ્મ અંગેની તાજી અપડેટ એ છે કે અભિનેતા-ફિલ્મમેકર ફરહાન અખ્તર પણ ફિલ્મમાં મહત્વની ભુમિકા ભજવવા માટે ચર્ચામાં છે.




એક સુત્રના જણાવ્યા અનુસાર, ફરહાન અખ્તર એક પાકિસ્તાની ક્રિકેટર અને લાલા અમરનાથના નજીકના મિત્રનાં પાત્રમાં જોવા મળશે. સુત્રએ વધુમાં જણાવ્યું, "ભલે આ એક લાંબો કેમિયો હોય, ફરહાનનું પાત્ર ફિલ્મની વાર્તા માટે ભાવનાત્મક રીતે ખુબ જ મહત્વનું છે. તે લાલા અમરનાથના એવા મિત્રની ભુમિકા ભજવે છે, જે ભાગલા પછી પાકિસ્તાનમાં જ રહે છે." આગળ સુત્રે જણાવ્યું, "આ ફિલ્મ ફક્ત ક્રિકેટ વિશે નથી; તે દેશના ઈતિહાસના સૌથી ઉથલપાથલભર્યા સમયમાં ટકેલી મિત્રતા વિશે પણ છે. આશુતોષે ફરહાનને આ ભૂમિકા અંગે વિચારવા કહ્યું છે, પરંતુ હજુ બધું નક્કી થયું નથી." ફરહાનનું પાત્ર ફિલ્મના ભાવનાત્મક કેન્દ્ર માટે અત્યંત મહત્વનું ગણાવવામાં આવે છે. ઈન્ડસ્ટ્રીમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, આમિર ખાન પ્રોડક્શન ઉપરાંત ફરહાનનું એક્સેલ એન્ટરટેઈન્મેન્ટ અને જાણીતા ફિલ્મમેકર રાજકુમાર હિરાની પણ નિર્માતા તરીકે જોડાયા છે. પ્રી-પ્રોડક્શનનું કામ ઝડપથી આગળ વધી રહ્યું હોવાથી ચાહકોને ફિલ્મ શરૂ થવા માટે વધુ રાહ નહીં જોવી પડે. અહેવાલો મુજબ ફિલ્મનું શૂટિંગ ઓક્ટોબર 2026 આસપાસ શરૂ થવાની શક્યતા છે.

# હોરર ફિલ્મના પ્રમોશનનો નવો નુસખો 'સ્ક્રીમર્સ'

## 'હોન્ટેડ થ્રીડી- ઈકોઝ ઓફ ધ પાસ્ટ'ના પ્રમોશન માટે બાઈટ સાઈઝ હોરર પ્રોમો બનાવાશે

**મુંબઈ, તા.28**

આનંદ પંડિત અને વિક્રમ ભટ્ટની આવનારી હોરર ફિલ્મ 'હોન્ટેડ થ્રીડીઃ ઈકોઝ ઓફ ધ પાસ્ટ'ની રિલીઝની તૈયારી થઈ રહી છે. મિમોહ ચક્રવર્તી અને ચેતના પાંડે આ ફિલ્મમાં લીડ રોલમાં હશે, જે 12 જૂન, 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. આજકાલ હોરર ફિલ્મ અને હોરર કોમેડી ફિલ્મમાંથી કેટલીક ચાલે છે અને કેટલીક ફિલ્મો ફ્લોપ થાય છે, ત્યારે ફિલ્મની ટીમ દ્વારા પ્રમોશન માટે અલગ સ્ટ્રેટેજી અપનાવવામાં આવી છે.



પરંપરાગત ટ્રેલર કેમ્પેઈન છોડીને, વિક્રમ ભટ્ટે ફિલ્મને પ્રમોટ કરવા માટે "સ્ક્રીમર્સ" નામના ટૂંકા હોરર પ્રોમો વીડિયોઝની સિરીઝ લોંચ કરવાની યોજના બનાવી છે. આ નાના હોરર ક્લિપ્સ સોશિયલ મીડિયા પર દિગ્દર્શક, નિર્માતા અને ફિલ્મના કલાકારો દ્વારા સતત શેર કરવામાં આવશે.

આ વિચાર પાછળનું કારણ સમજાવતા વિક્રમ ભટ્ટે કહ્યું, "આજની યુવા પેઢી કન્ટેન્ટની ટૂંકા સમયમાં મજા લેવા માંગે છે, રીલ કલ્ચરે એ સાબિત કર્યું છે. એટલે હું લોકોને મારી ફિલ્મનો 15થી 20 સેકન્ડનો સ્વાદ સતત આપવાનો છું."

ફિલ્મનું પહેલું સ્ક્રીમર પહેલેથી જ રિલીઝ થઈ ચૂક્યું છે, જેમાં દર્શકોને ફિલ્મની ડરાવની દુનિયાની એક નાની પરંતુ ડરાવી દે એવી ઝલક જોવા મળે છે. પ્રોડ્યુસર્સનો દાવો છે કે ફિલ્મ માત્ર વિઝ્યુઅલ કે સાઉન્ડથી ઉભા થતા ડર પર આધારીત નથી, પરંતુ ભાવનાત્મક સંઘર્ષ સાથે જોડાયેલ હોરર પર વધુ ભાર મુકવામાં આવ્યો છે. ટીમ દ્વારા જાહેર થયેલી માહિતી અનુસાર, આ ફિલ્મ અધુરા પ્રેમ, દબાયેલા જુના રહસ્યો અને અલૌકિક તત્વોની અશાંતિ જેવા વિષયો પર આધારિત છે. ફિલ્મમાં ભાવનાત્મક ઊંડાણ અને ડરને એકસાથે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે, વિક્રમ ભટ્ટ પહેલાં પણ રાઝ અને 1920 જેવી ફિલ્મોમાં આ પ્રકારની વાર્તા રજુ કરી ચુક્યા છે.

ફિલ્મમાં શ્રુતિ પ્રકાશ, ગૌરવ બાજપાઈ અને પ્રણીત ભટ્ટ પણ મહત્વના રોલમાં છે. ફિલ્મ 12 જૂન, 2026ના રોજ હિન્દી, તમિલ અને તેલુગુ ભાષામાં રિલીઝ થશે.

# અલ્લુ અર્જુને 'રાકા'નું બજેટ સાચવવા ચાર્ટર ફ્લાઈટ્સને ઈનકાર કર્યો

■ **સ્ટાર્સના સ્ટારડમ અને ઓન્ટ્રાજના ખર્ચ વચ્ચે અલ્લુ અર્જુનના નિર્ણયથી ચર્ચા**

**મુંબઈ, તા.28**

અલ્લુ અર્જુન ભારતના સૌથી મોટા પેન-ઈન્ડિયા સુપરસ્ટાર્સમાંનો એક છે, તેનો 'રાકા'નો લૂક જાહેર થયા બાદ દર્શકોમાં સનસનાટી મચાવી દીધી છે. હવે તે એક અલગ જ કારણસર ચર્ચામાં છે. આજના સમયમાં, જ્યારે સુપરસ્ટારડમ અને સ્ટાર્સના ઓન્ટ્રાજના વૈભવી અને અતિશય ખર્ચ ચર્ચામાં રહે છે, ત્યારે અલ્લુ અર્જુનના સરળ અને શિસ્તબદ્ધ સ્વભાવ માટે વખાણ થઈ રહ્યા છે.

છેલ્લાં કેટલાક અઠવાડિયાઓ દરમિયાન અલ્લુ અર્જુનન હૈદરાબાદ અને મુંબઈ વચ્ચે અનેક વખત કોમર્શિયલ ફ્લાઈટ્સમાં મુસાફરી કરતો જોવા મળ્યો છે.



પુષ્પા 2: ધ રૂલની ઐતિહાસિક સફળતા બાદ તેની લોકપ્રિયતા અને હાલમાં ચાલી રહેલા મોટા પ્રોજેક્ટ્સને ધ્યાનમાં લેતા, ઘણા લોકો માની રહ્યા હતા કે તે ચાર્ટર ફ્લાઈટ્સ પસંદ કરશે. પરંતુ પ્રોડક્શન સાથે જોડાયેલા સુત્રો જણાવે છે કે ખાનગી વ્યવસ્થાઓ ઓફર કરવામાં આવી હોવા છતાં અલ્લુ અર્જુને સ્વેચ્છાએ કોમર્શિયલ ફ્લાઈટ પસંદ કરી છે.

રસપ્રદ વાત એ પણ છે કે સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર અલ્લુ અર્જુન ઘણીવાર વ્યવહારિકતા અને એરલાઈનની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે છે અને કેટલીકવાર લક્ઝરી વ્યવસ્થાઓને પ્રાથમિકતા આપવાને બદલે ઈકોનોમી અથવા સામાન્ય કોમર્શિયલ સીટિંગ પણ પસંદ કરે છે.

એક સુત્રએ જણાવ્યું, "તેના વ્યસ્ત શીડ્યુલ અને આરામને ધ્યાનમાં રાખીને નિર્માતાઓ વારંવાર ચાર્ટર ફ્લાઈટ્સની વ્યવસ્થા કરવાનો આગ્રહ રાખતા હતા. પરંતુ અલ્લુ અર્જુનનો મજબુત વિશ્વાસ છે કે પ્રોડક્શનના પૈસા સ્ક્રીન પર દેખાવા જોઈએ, બેકસ્ટેજ બિનજરુરી ખર્ચમાં નહીં. તેનું ધ્યાન હંમેશા લક્ઝરી કરતાં સિનેમેટિક આઉટપુટને વધુ ઉત્તમ બનાવવામાં રહ્યું છે."

આ વલણ હવે પ્રોડક્શન સર્કલ્સમાં પણ ચર્ચાનો વિષય બની રહ્યું છે. હાલ જ્યારે સુવિધાઓ સહેલાઈથી આદત બની શકે, ત્યારે અલ્લુ અર્જૂન ખાસ કરીને મોટા બજેટ અને ભારે અપેક્ષાઓ ધરાવતી ફિલ્મોમાં ખર્ચ અને સંસાધનો અંગે સજાગ રહે છે.

ભારતીય સિનેમાની સૌથી મોટી બ્લોકબસ્ટર્સમાંની એક પુષ્પા 2 આપ્યા પછી અલ્લુ અર્જુન સરળતાથી સલામત ઝોનમાં રહી શકતો હતો. પરંતુ તેના બદલે તે સતત પોતાને વધુ આગળ ધપાવી રહ્યો છે – ભલે તે કઠોર શારીરિક તૈયારી હોય, સતત નવીનતા હોય કે પછી રાકા જેવી આગામી ફિલ્મોમાં નાની નાની વિગતો પ્રત્યેની તેની તકેદારી હોય.

# વોટ્સએપ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ માટે પૈસા આપવા પડશે

## મેટાએ પેઈડ પ્લાન લૉન્ચ કર્યા, એપ્સના 'પ્લસ' વર્ઝનમાં યુઝર્સને મળશે 5 ફાયદા

**વોશિંગ્ટન, તા.28**

સોશિયલ મીડિયા કંપની મેટાએ ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને વોટ્સએપ માટે નવા સબ્સ્ક્રિપ્શન પ્લાન રજૂ કર્યા છે. આ અંતર્ગત એપ્સના 'પ્લસ' વર્ઝન રોલ આઉટ કરવામાં આવી રહ્યા છે. આ પ્લાન લેનારા યુઝર્સને સ્પેશિયલ ટૂલ્સ અને કસ્ટમાઈઝેશનના વિકલ્પો મળશે.

આ પગલું મેટાની જાહેરાત ઉપરાંત કમાણીનો નવો સ્ત્રોત બનાવવાની રણનીતિનો એક ભાગ છે. નવા પ્લસ પ્લાન કંપનીના હાલના 'મેટા વેરિફાઈડ' પ્લાનની જગ્યા લેશે નહીં.

મેટાએ હજુ આ નવા 'પ્લસ' સબ્સ્ક્રિપ્શન પ્લાનને વૈશ્વિક સ્તરે રોલઆઉટ કરવાની જાહેરાત કરી છે, પરંતુ કંપનીએ ભારતમાં તેની લોન્ચિંગ તારીખની જાહેરાત કરી નથી.

કારણ કે, ભારત મેટા માટે વિશ્વનો સૌથી મોટો યુઝર બેઝ ધરાવતું બજાર છે, તેથી કંપની સામાન્ય રીતે અહીં કોઈપણ મોટી સુવિધાને તબક્કાવાર રીતે રોલઆઉટ કરે છે.

ઈન્સ્ટાગ્રામ પ્લસ અને ફેસબુક પ્લસ મુખ્યત્વે સોશિયલ એક્સપ્રેશન અને ક્રિએટર્સને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં યુઝર્સને એ જોવાની સુવિધા મળશે કે કુલ કેટલા લોકોએ તેમની સ્ટોરીને ફરીથી જોઈ છે. આ ઉપરાંત આ 5 ફાયદા પણ મળશે

મનપસંદ લોકોની અલગ-અલગ યાદી: અત્યારે તમે ફક્ત 'ક્લોઝ ફ્રેન્ડ્સ'ની એક જ યાદી બનાવી શકો છો. નવા ફીચરથી તમે તમારી મરજી મુજબ ઘણી અલગ-અલગ યાદીઓ બનાવી શકશો અને નક્કી કરી શકશો કે કયો ફોટો કે વીડિયો કોને દેખાય.

24 કલાક પછી પણ સ્ટોરી નહીં હટે: અત્યારે સ્ટોરી 24 કલાકમાં હટી જાય છે. હવે તમે તેને 24 કલાકથી વધુ સમય સુધી તમારી પ્રોફાઈલ પર રાખી શકશો. અઠવાડિયામાં એકવાર તમે તમારી કોઈ સ્ટોરીને 'સ્પોટલાઈટ' કરી શકશો, જેથી તેને વધુમાં વધુ લોકો જોઈ શકે.

છુપાઈને જોઈ શકશો બીજાની સ્ટોરી: તમે સામેવાળાની સ્ટોરી જોઈ પણ લેશો અને તેને ખબર પણ નહીં પડે, કારણ કે તેનું નામ જોનારાઓની યાદીમાં નહીં આવે.




આ ઉપરાંત તમે તમારી સ્ટોરી જોનારાઓના નામ પણ સર્ચ કરી શકશો.

બીજાને ખલેલ પહોંચાડ્યા વિના પ્રોફાઈલ અપડેટ: તમે કોઈપણ ફોટો કે વીડિયો સીધા તમારી પ્રોફાઈલ અથવા હાઈલાઈટ્સમાં સેવ કરી શકો છો. આ માટે તમારા મિત્રોના હોમ પેજ પર કોઈ નોટિફિકેશન કે નવી પોસ્ટ નહીં જાય.

સજાવટની નવી રીતો: તમારી પ્રોફાઈલને સુંદર બનાવવા માટે નવા પ્રકારના ફોન્ટ્સ, સ્ક્રીન પર તરતા 'સુપર હાર્ટ' રિએક્શન્સ અને મનપસંદ એપ આઈકોન્સ મળશે.

આ સંપૂર્ણપણે પર્સનલાઈઝેશન અને મેસેજિંગ પર કેન્દ્રિત છે. તેમાં યુઝર્સને એપ થીમ્સ, કસ્ટમ રિંગટોન્સ, એડિશનલ પિન્ડ ચેટ્સ, લિસ્ટ કસ્ટમાઈઝેશન અને પ્રીમિયમ સ્ટીકર્સ જેવા ફીચર્સ મળશે.

બંનેમાં ફીચર્સ સમાન છે, પરંતુ પ્રીમિયમ પ્લાન મુશ્કેલ કાર્યો માટે ડીપર રીઝનિંગ અને હાઈ કમ્પ્યુટ ક્વેરીઝની ક્ષમતા અનલોક કરશે. તેનાથી મેટા એપ્સ પર શ્રેષ્ઠ વીડિયો અને ઈમેજ-જનરેશનની સુવિધા મળશે. સામાન્ય યુઝર્સ માટે મેટા AI મફત રહેશે.

મેટા વન એસેન્શિયલ ($14.99/મહિનો - આશરે 1,450): તેમાં વેરિફાઈડ બેજ, નકલી એકાઉન્ટ્સથી સુરક્ષા અને એક લિંકશીટ મળશે. તેનાથી યુઝર પોતાની બધી સોશિયલ ચેનલોની લિંક એક જગ્યાએ જોડી શકશે.

મેટા વન એડવાન્સ ($49.99/મહિનો - આશરે 4,800): તેમાં એસેન્શિયલના ફાયદાઓ સાથે ફેસબુક ફીડમાં ફીચર થવા, સર્ચ રિઝલ્ટમાં ઉપર દેખાવા, રીલ્સ પર બોલ્ડ 'ફોલો' બટન અને એન્ગેજ કરનારા લોકોને ઓટોમેટિક ફોલો ઈન્વિટેશન મોકલવાની સુવિધા મળશે.

આ પ્લાન કંપનીઓને તેમની વેબસાઈટ અથવા શોપ પર ટ્રાફિક વધારવામાં મદદ કરશે. તેમાં ડીપર કોમ્પિટિટિવ ઈનસાઈટ્સ જેવા કે એનાલિટિક્સ ટૂલ્સ, ઑપ્ટિમાઈઝ્ડ શેડ્યુલિંગ ટૂલ્સ, પાસવર્ડ શેર કર્યા વિના અન્ય મોડરેટર્સને એક્સેસ આપવાની સુવિધા મળશે.

સાથે જ, જો કોઈ અન્ય યુઝર તેમનું કન્ટેન્ટ ફરીથી ઉપયોગ કરે છે, તો નોટિફિકેશન મળશે જેથી તેઓ ઓરિજિનલ રીલનું ક્રેડિટ લેબલ માંગી શકે.

વર્ષો સુધી ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ સંપૂર્ણપણે મફત રહ્યા કારણ કે કંપનીઓ યુઝર્સના ડેટા અને જાહેરાતોમાંથી અબજો કમાતી હતી. પરંતુ હવે આખી દુનિયામાં આ એપ્સના યુઝર્સની સંખ્યા ચરમસીમાએ પહોંચી ગઈ છે, એટલે કે નવા યુઝર્સ મળવાની ગતિ ધીમી પડી ગઈ છે.

સાથે જ પ્રાઈવસી નિયમો કડક થવાથી જાહેરાતોથી થતી કમાણી પર અસર પડી છે. આ જ કારણ છે કે મેટા, ઈલોન મસ્કના X (એક્સ)ની જેમ હવે સીધા યુઝર્સ પાસેથી પૈસા લઈને પોતાની કમાણીનો સ્ત્રોત સુરક્ષિત કરી રહી છે.

# બકરી ઈદ પર ભારતીય શેરબજાર બંધ: કોમોડિટી માર્કેટ ખુલશે, સાઉથ કોરિયાનું બજાર 3%થી વધુ તૂટ્યું




**મુંબઈ, તા.28**

બકરી ઈદના અવસરે ગુરુવાર 28 મેના રોજ ભારતીય શેરબજાર બંધ છે. જ્યારે કોમોડિટી માર્કેટમાં બપોર સુધી કામકાજ બંધ રહેશે. અહીં સાંજે 5 વાગ્યાથી ટ્રેડિંગ શરૂ થશે.

27 મેના રોજ સેન્સેક્સ 142 પોઈન્ટના ઘટાડા સાથે 75,868 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 7 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 23,907 પર બંધ થયો. બેંકોના શેરમાં ઘટાડો જોવા મળ્યો.

અમેરિકા-ઈરાન તણાવ વચ્ચે ગુરુવારે બ્રેન્ટ ક્રૂડ ઓઈલ લગભગ 4% મોંઘું થઈને 98 ડોલર પ્રતિ બેરલની આસપાસ પહોંચી ગયું છે. ક્રૂડ ઓઈલની વધતી કિંમતો વૈશ્વિક બજાર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે મોંઘા ઈંધણથી મોંઘવારી, પરિવહન ખર્ચ અને સમગ્ર અર્થતંત્ર પર સીધી અસર પડે છે. આવી સ્થિતિમાં, વિશ્વભરના રોકાણકારોની નજર ક્રૂડ ઓઈલ પર ટકેલી છે.

ભારત તેની જરૂરિયાતનું લગભગ 80-85% ક્રૂડ ઓઈલ બહારથી આયાત કરે છે. જ્યારે ક્રૂડ મોંઘું થાય છે, ત્યારે દેશના ડોલર બહાર જાય છે જેનાથી રૂપિયો નબળો પડે છે. આ ઉપરાંત, કંપનીઓની પડતર વધે છે, જેનાથી તેમનો નફો ઘટે છે. નફો ઘટવાની આશંકાથી રોકાણકારો શેર વેચવા માંડે છે અને બજારમાં ઘટાડો આવે છે.

# પગાર સિવાય અન્ય કમાણી હોય તો ITR-2 ભરો: એસેસમેન્ટ યર 2026-27 માટે ઓનલાઈન ફાઈલિંગ શરૂ, 31 જુલાઈ સુધી રિટર્ન ભરી શકાશે

**નવી દિલ્હી, તા.28**

આવકવેરા વિભાગે એસેસમેન્ટ યર 2026-27 (ફાઈનાન્સિયલ યર 2025-26) માટે ITR ફોર્મ-2 ની એક્સેલ યુટિલિટી લાઈવ કરી દીધી છે. હવે કરદાતાઓ વિભાગના પોર્ટલ પરથી તેને ડાઉનલોડ કરીને પોતાનો ટેક્સ હિસાબ તૈયાર કરી શકે છે. આ પહેલા વિભાગે 17 મેના રોજ ITR-1 અને ITR-4 ની સુવિધા શરૂ કરી હતી.




હવે તમે ઈન્ટરનેટ વગર પણ એક્સેલ શીટ પર તમારો ટેક્સ ડેટા ભરી શકો છો. ફોર્મ સંપૂર્ણ ભર્યા પછી એક 'JSON' ફાઈલ બનશે, જેને તમારે આવકવેરા પોર્ટલ પર અપલોડ કરવી પડશે. જો તમે પહેલીવાર રિટર્ન ભરી રહ્યા છો, તો તમારે તમારા PAN અને આધાર દ્વારા પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવું પડશે.

સામાન્ય કરદાતાઓ માટે રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ 2026 છે. જ્યારે, બિઝનેસ ક્લાસ (ITR-3 અને 4) ના કેટલાક લોકો માટે તે 31 ઓગસ્ટ છે. જો તમે 31 જુલાઈ સુધીમાં ચૂકી જાઓ છો, તો 31 ડિસેમ્બર સુધી દંડ ભરીને 'બિલેટેડ રિટર્ન' ફાઈલ કરી શકો છો.

જો તમે નોકરીયાત છો, તો ઉતાવળ ન કરો. કંપનીઓ પાસે TDS ડેટા જમા કરાવવા માટે 31 મે સુધીનો સમય હોય છે. તે પછી તમારા ફોર્મ 26AS અને AIS માં તેને અપડેટ થવામાં 10-15 દિવસ લાગે છે. જો તમે 15 જૂન પહેલા રિટર્ન ભરો છો, તો ડેટા મિસમેચ થવાનો ડર રહે છે, જેનાથી તમારું રિફંડ અટકી શકે છે.

AIS/TIS: પોર્ટલ પર લોગિન કરીને તપાસો કે તમારા બેંક વ્યાજ અને શેરબજારનો સંપૂર્ણ હિસાબ સાચો છે કે નહીં.

રજીસ્ટ્રેશન: ખાતરી કરો કે તમારો મોબાઈલ નંબર આધાર અને PAN સાથે લિંક થયેલો છે જેથી ઈ-વેરિફિકેશન સરળતાથી થઈ શકે.

# ખાવા-પીવાની વસ્તુઓ અને પર્સનલ કેર પ્રોડક્ટ્સ મોંઘા થશે

## કંપનીઓ પર કાચા માલના ખર્ચનું દબાણ, પેકેજિંગ મટિરિયલ 56% સુધી મોંઘું થયું

**નવી દિલ્હી, તા.28**

આવનારા દિવસોમાં રોજિંદા વપરાશની આવશ્યક વસ્તુઓ મોંઘી થઈ શકે છે. સિસ્ટમેટિક્સ રિસર્ચના રિપોર્ટ અનુસાર, કાચા માલની વધતી કિંમતોને કારણે કંપનીઓ સતત મોંઘવારીના દબાણ હેઠળ છે, જેના કારણે તેઓ પોતાની પ્રોડક્ટ્સના ભાવ વધારી શકે છે.

રિપોર્ટમાં જણાવાયું છે કે અલગ-અલગ કેટેગરીની કંપનીઓએ છેલ્લા એકથી બે મહિનામાં જ પોતાની પ્રોડક્ટ્સની કિંમતોમાં સરેરાશ 3% થી 7% સુધીનો વધારો કર્યો છે. તેનું મુખ્ય કારણ એ છે કે કંપનીઓની રો મટિરિયલ બાસ્કેટની કિંમતમાં સરેરાશ લગભગ 10% નો વધારો થયો છે.

એપ્રિલની રિટેલ મોંઘવારી વધીને 3.48% પર પહોંચી ગઈ છે. આ પહેલા માર્ચમાં તે 3.40% હતી. મોંઘવારી વધવાનું સૌથી મોટું કારણ ખાવા-પીવાની વસ્તુઓના ભાવમાં વધારો થવો છે. ફૂડ ઈન્ફ્લેશન એપ્રિલમાં વધીને 4.20% પર પહોંચી ગયું. માર્ચમાં આ આંકડો 3.87% હતો.



ઈનપુટ કોસ્ટમાં થયેલા આ વધારાની ભરપાઈ કરવા માટે કંપનીઓ કિંમતો વધારવાની સાથે-સાથે 'ગ્રામ કટ' એટલે કે પેકેટનું વજન ઘટાડવાનો રસ્તો પણ અપનાવી શકે છે.

પેકેજિંગ મટિરિયલ (HDPE): શેમ્પૂની બોટલ, ડિટર્જન્ટ કન્ટેનર અને ફ્લેક્સિબલ પેકેજિંગમાં વપરાતા પ્લાસ્ટિક (HDPE)ની કિંમતો 56% સુધી વધી ગઈ છે.

ક્રૂડ અને પામ ઓઈલ: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ વચ્ચે બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમતો 32% સુધી ઉછળી ગઈ છે. જ્યારે પામ ઓઈલના ભાવમાં પણ 11%નો વધારો થયો છે.

કાચા માલની આ મોંઘવારીની અસર માર્ચ ક્વાર્ટર (Q4FY26) માં જ દેખાવા લાગી હતી, જ્યારે મોટી કંપનીઓનું ગ્રોસ માર્જિન ઘટ્યું હતું. વાર્ષિક ધોરણે તે 0.50% ઘટ્યું છે. આ વર્તમાન મોંઘવારીની સૌથી મોટી અસર નાણાકીય વર્ષ 2027ના પ્રથમ છ માસિક ગાળા (H1FY27)માં જોવા મળશે. વર્તમાન ખર્ચ વૃદ્ધિની ભરપાઈ કરવા માટે કંપનીઓ તેમના ઉત્પાદનોના ભાવ વધારી રહી છે, જેથી તેઓ નુકસાનથી બચી શકે. પરંતુ મોંઘવારી એટલી વધારે છે કે વર્ષ 2026-27માં કંપનીઓનો કુલ નફાનો ટકાવારી (માર્જિન) ઓછો રહેવાની આશંકા છે. રિપોર્ટમાં એ પણ ચેતવણી આપવામાં આવી છે કે વધતી રિટેલ મોંઘવારીને કારણે આગામી મહિનાઓમાં વપરાશના જથ્થા (સામાનનો કુલ વપરાશ અથવા વેચાણ) પર ખરાબ અસર પડી શકે છે.

# મુકેશ અંબાણીએ સતત છઠ્ઠા વર્ષે સેલરી લીધી નથી: ડિવિડન્ડમાંથી ₹3,996 કરોડની કમાણી, દુનિયાના 22મા સૌથી ધનિક વ્યક્તિ

**મુંબઈ, તા.28**

એશિયાના સૌથી ધનિક ઉદ્યોગપતિ મુકેશ અંબાણીએ એમની ઓઈલ-ટુ-ટેલિકોમ અને રિટેલ સેક્ટરની અગ્રણી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) માંથી સતત છઠ્ઠા વર્ષે પણ કોઈ સેલરી (વેતન) લીધી નથી.

કંપની દ્વારા જારી કરાયેલા વાર્ષિક અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ 2025-26 (FY26) માં મુકેશ અંબાણીનો પગાર, ભથ્થાં, અને નિવૃત્તિ લાભો સંપૂર્ણપણે શૂન્ય રહ્યા છે. આ સમયે તેમની કમાણીનો મુખ્ય સ્ત્રોત કંપની તરફથી મળતું ડિવિડન્ડ જ છે. મુકેશ અંબાણી વિશ્વના 22મા સૌથી ધનિક વ્યક્તિ છે

69 વર્ષના મુકેશ અંબાણીએ જૂન 2020માં કોરોના મહામારી દરમિયાન દેશના સામાજિક, આર્થિક અને ઔદ્યોગિક સ્વાસ્થ્ય પર પડેલી અસરને ધ્યાનમાં રાખીને પોતાનો સંપૂર્ણ પગાર છોડવાનો નિર્ણય કર્યો હતો. તેમણે નક્કી કર્યું હતું કે જ્યાં સુધી રિલાયન્સના તમામ વ્યવસાયો તેમની સંપૂર્ણ કમાણીની ક્ષમતા પર પાછા નહીં આવે ત્યાં સુધી તેઓ કોઈ પગાર લેશે નહીં.

ત્યારબાદથી તેમણે નાણાકીય વર્ષ 2021-22, 2022-23, 2023-24, 2024-25 અને હવે 2025-26માં પણ પગાર વિના કામ કરવાનું ચાલુ રાખ્યું છે.

ભલે મુકેશ અંબાણી ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર (CMD) તરીકે કોઈ પગાર, ભથ્થાં કે સ્ટોક ઓપ્શન્સ નથી લઈ રહ્યા, પરંતુ દુનિયાના 22મા સૌથી ધનિક વ્યક્તિની કમાણીનો મુખ્ય સ્ત્રોત ડિવિડન્ડ છે. મુકેશ અંબાણીની વ્યક્તિગત નેટવર્થ આ સમયે લગભગ 92 બિલિયન ડોલર (લગભગ 8.83 લાખ કરોડ) છે.



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે નાણાકીય વર્ષ 2025-26 માટે શેર દીઠ 6 ના ડિવિડન્ડની જાહેરાત કરી છે. મુકેશ અંબાણી પાસે વ્યક્તિગત રીતે રિલાયન્સના 1.61 કરોડ શેર છે, જેનાથી તેમને વ્યક્તિગત રીતે 9.66 કરોડની ડિવિડન્ડ આવક થશે.

આ ઉપરાંત, તેમના નિયંત્રણ હેઠળની પ્રમોટર ગ્રુપ કંપનીઓ પાસે રિલાયન્સના 664.5 કરોડ શેર (50.07% હિસ્સેદારી) છે, જેનાથી પ્રમોટર ગ્રુપને 3,987 કરોડની ડિવિડન્ડ કમાણી થઈ છે. કુલ મળીને આ રકમ 3,996.66 કરોડ થાય છે.

મુકેશ અંબાણીના પિતરાઈ ભાઈઓ નિખિલ અને હિતલ મેસવાણીના પગારમાં કોઈ ફેરફાર થયો નથી અને બંનેને 25-25 કરોડનું મહેનતાણું મળ્યું છે. આમાં 10 કરોડ પગાર અને ભથ્થાં, 44 લાખ નિવૃત્તિ લાભો અને નફા પર મળતું 14.56 કરોડનું કમિશન સામેલ છે. જ્યારે, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર P M S પ્રસાદનું પેકેજ નાણાકીય વર્ષ 2024-25ના 19.96 કરોડથી વધીને 20.58 કરોડ થયું છે.

મુકેશ અંબાણીના ત્રણેય બાળકો - ઈશા, આકાશ અને અનંતને ઓક્ટોબર 2023માં કોઈ પગાર વિના બોર્ડમાં સામેલ કરવામાં આવ્યા હતા. નાણાકીય વર્ષ 2025-26માં આકાશ અને ઈશા અંબાણીને ફક્ત 5 લાખ સિટીંગ ફી અને 2.5 કરોડનું પ્રોફિટ કમિશન મળ્યું છે.

સૌથી નાના પુત્ર અનંત અંબાણીને ગયા વર્ષે રિલાયન્સ બોર્ડમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, જેના હેઠળ નાણાકીય વર્ષ 2025-26માં તેમણે 12.17 કરોડનો પગાર (જેમાં 2.29 કરોડનું કમિશન સામેલ છે) મેળવ્યો છે.

નાણાકીય વર્ષ 2025-26ના ચોથા ક્વાર્ટરમાં (જાન્યુઆરી-માર્ચ) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે 13% ઘટીને 16,971 કરોડ રૂપિયા રહ્યો. એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટરમાં નફો 19,407 કરોડ હતો. જોકે, આ સમયગાળા દરમિયાન કંપનીની આવક 13% વધીને 2.98 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટરમાં એટલે કે જાન્યુઆરી-માર્ચ 2025માં 2.64 લાખ કરોડ રૂપિયા રહી હતી.

# રિલાયન્સની 49મી વાર્ષિક સામાન્ય સભા 19 જૂને: ₹ 6 ડિવિડન્ડને મંજૂરી મળી શકે છે, બુધવારે કંપનીનો શેર ₹4 ઘટીને 1,352 પર બંધ થયો હતો

**નવી દિલ્હી, તા.28**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) ની 49મી વાર્ષિક સામાન્ય સભા (AGM) 19 જૂન 2026 ના રોજ યોજાશે. કંપનીએ સ્ટોક એક્સચેન્જને જણાવ્યું છે કે આ બેઠક વિડિયો કોન્ફરન્સિંગ અને અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમો દ્વારા બપોરે 2:00 વાગ્યે શરૂ થશે.




આ બેઠકમાં નાણાકીય વર્ષ 2025-26 માટે જાહેર કરાયેલા 6 પ્રતિ શેરના ડિવિડન્ડને મંજૂરી આપવામાં આવી શકે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે આ વાર્ષિક બેઠક સાથે જ ડિવિડન્ડની પાત્રતા અને શેરધારકોના મતદાન સંબંધિત મહત્વપૂર્ણ તારીખોની પણ જાહેરાત કરી દીધી છે.

કંપનીએ નાણાકીય વર્ષ 2025-26 માટે યોગ્ય શેરધારકોને ઓળખવા માટે 5 જૂન 2026 ને 'રેકોર્ડ ડેટ' તરીકે નક્કી કરી છે. આ ઉપરાંત, AGM નોટિસમાં સમાવિષ્ટ થનારા વિવિધ પ્રસ્તાવો પર મતદાન કરવા માટે કંપનીએ શુક્રવાર, 12 જૂન 2026 ને 'કટ-ઓફ ડેટ' તરીકે જાહેર કરી છે. આ તારીખ સુધીમાં જે રોકાણકારો પાસે કંપનીના શેર હશે, તેઓ જ એજન્ડા આઈટમ્સ પર પોતાનો મત આપવા માટે હકદાર હશે. જોકે, કંપનીએ હજુ સુધી એક્સચેન્જ ફાઈલિંગમાં AGM ના એજન્ડા અથવા ચર્ચા થનારા મુખ્ય મુદ્દાઓની કોઈ અન્ય માહિતી શેર કરી નથી.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ભારતની સૌથી મોટી લિસ્ટેડ કંપની છે, જેનો કારોબાર એનર્જી, પેટ્રોકેમિકલ્સ, રિટેલ, ટેલિકમ્યુનિકેશન (જિયો) અને ડિજિટલ સર્વિસિસ જેવા મોટા અને મુખ્ય સેક્ટર્સમાં ફેલાયેલો છે. બુધવારે નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર રિલાયન્સનો શેર 1352 ના સ્તરે બંધ થયો હતો.

નાણાકીય વર્ષ 2025-26ના ચોથા ક્વાર્ટર (જાન્યુઆરી-માર્ચ) માં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 13% ઘટીને 16,971 કરોડ રહ્યો. એક વર્ષ અગાઉના સમાન ક્વાર્ટરમાં નફો 19,407 કરોડ હતો. જોકે, આ સમયગાળા દરમિયાન કંપનીની આવક 13% વધીને 2.98 લાખ કરોડ થઈ છે. એક વર્ષ અગાઉના સમાન ક્વાર્ટર એટલે કે જાન્યુઆરી-માર્ચ 2025માં 2.64 લાખ કરોડ હતી.

# સુપ્રીમ કોર્ટ- ઓનલાઈન ગેમિંગ કંપનીઓ પર 28% GST યોગ્ય છે: રાજ્યોને મની ગેમ્સ પર પ્રતિબંધ મૂકવાનો અધિકાર મળ્યો, ટેક્સ વસૂલવામાં આવશે તો ઘણી કંપનીઓ બંધ થશે

**નવી દિલ્હી, તા.28**


સુપ્રીમ કોર્ટે ઓનલાઈન ગેમિંગ કંપનીઓને જાહેર કરાયેલા ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ (GST) ની કારણ બતાવો (શો-કોઝ) નોટિસોને સંપૂર્ણપણે માન્ય ઠેરવી છે. કોર્ટે કહ્યું કે ગેમિંગ પ્લેટફોર્મ પર જમા કરવામાં આવતી કુલ રકમ (ફુલ વેલ્યુ ઓફ ડિપોઝિટ) પર 28% ટેક્સ વસૂલવો બંધારણીય રીતે યોગ્ય છે.

દેશની સૌથી મોટી અદાલતે ડેલ્ટા કોર્પ અને અન્ય ગેમિંગ કંપનીઓની તે અરજીઓને ફગાવી દીધી, જેમાં પાછલી તારીખથી (રિટ્રોસ્પેક્ટિવ) 28% GST લગાવવાના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. કોર્ટે સ્પષ્ટ કર્યું કે ઓનલાઈન ગેમિંગ સંબંધિત પ્રવૃત્તિઓ GST એક્ટ હેઠળ એક્શન એબલ ક્લેમ્સના દાયરામાં આવે છે, તેથી તેના પર ટેક્સ વસૂલવો બિલકુલ યોગ્ય છે.

સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં એ પણ સ્પષ્ટ કર્યું કે રાજ્ય સરકારોને ઓનલાઈન મની ગેમ્સ પર પ્રતિબંધ લગાવવાનો પૂરો અધિકાર છે. ભલે તે રમતોમાં કૌશલ્યની જરૂર કેમ ન હોય, રાજ્ય સરકારો તેમને સંપૂર્ણપણે પ્રતિબંધિત અથવા નિયંત્રિત કરી શકે છે. આ સાથે જ કોર્ટે તમિલનાડુ અને કર્ણાટક સરકારની અપીલોને સ્વીકારી લીધી છે.

સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટ અને કર્ણાટક હાઈકોર્ટના તે જૂના નિર્ણયોને રદ કરી દીધા છે, જેમણે ઓનલાઈન ગેમિંગ પર દાવ લગાવવા (સ્ટેક્સ) ને પ્રતિબંધિત અથવા નિયંત્રિત કરનારા રાજ્યના કાયદાઓને ગેરબંધારણીય ગણાવીને ફગાવી દીધા હતા. કોર્ટે કર્ણાટક હાઈકોર્ટ દ્વારા ગેમિંગ કંપનીઓને આપવામાં આવેલી વચગાળાની રાહતને પણ સંપૂર્ણપણે હટાવી દીધી છે.

સુપ્રીમ કોર્ટે હવે GST ઓથોરિટીઝને નિર્દેશ આપ્યો છે કે તેઓ કાયદા મુજબ આ કારણ બતાવો નોટિસો પર આગળની પ્રક્રિયા શરૂ કરે. જોકે, આ સાથે



કોર્ટે એમ પણ કહ્યું છે કે પ્રભાવિત ઓનલાઈન ગેમિંગ કંપનીઓ GST ઓથોરિટીઝ દ્વારા જાહેર કરાયેલી આ શો-કોઝ નોટિસો પર પોતાનો જવાબ દાખલ કરવા માટે સંપૂર્ણપણે સ્વતંત્ર છે.

સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ઓગસ્ટ 2025માં રિયલ-મની ગેમિંગ (RMG) પ્લેટફોર્મ્સ વિરુદ્ધ જાહેર કરાયેલા લગભગ 2.5 લાખ કરોડ રૂપિયાના રિટ્રોસ્પેક્ટિવ ટેક્સ નોટિસ મામલે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. આ સમગ્ર વિવાદનું મુખ્ય કારણ ટેક્સ ગણતરીની રીતને લઈને અલગ-અલગ વ્યાખ્યા હોવાનું હતું.

ટેક્સ વિભાગની માગ હતી કે કંપનીઓએ યુઝર્સ દ્વારા પ્લેટફોર્મ પર જમા કરવામાં આવતી પૂરી રકમ (ફુલ ફેસ વેલ્યુ ઓફ ડિપોઝિટ) પર 28%ના દરે ટેક્સ ચૂકવવો પડશે. બીજી તરફ, ગેમિંગ કંપનીઓનો તર્ક હતો કે તેમને ફક્ત ટુર્નામેન્ટ હોસ્ટ કરવાના બદલામાં લેવામાં આવતી કમિશન રકમ પર જ ટેક્સ આપવો જોઈએ, જેને ગ્રોસ ગેમિંગ રેવન્યુ (GGR) કહેવાય છે. કંપનીઓ અનુસાર, આ કમિશન કુલ જમા રકમનો ફક્ત 5% થી 15% જ હોય છે.

ગેમિંગ કંપનીઓએ કોર્ટ સમક્ષ આ દલીલ પણ કરી હતી કે ટેક્સ વિભાગ દ્વારા માંગવામાં આવેલી GSTની કુલ રકમ આ કંપનીઓની કુલ કમાણી કરતાં પણ અનેક ગણી વધારે છે. જો આ ટેક્સ વસૂલવામાં આવશે, તો કંપનીઓને આખરે પોતાનું સંપૂર્ણ કામકાજ બંધ કરવું પડશે. ઓગસ્ટ 2025માં જ્યારે સુપ્રીમ કોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો, તેના લગભગ બે અઠવાડિયા પછી જ ભારત સરકારે એક નવો ઓનલાઈન ગેમિંગ કાયદો બનાવ્યો હતો, જેને 'પ્રમોશન એન્ડ રેગ્યુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ એક્ટ' (PROGA) નામ આપવામાં આવ્યું. આ કાયદો તે તમામ ઓનલાઈન મની ગેમ્સ પર પ્રતિબંધ મૂકે છે જ્યાં કોઈ યુઝર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ આશા સાથે પૈસા જમા કરાવે છે કે તેને તે ડિપોઝિટ પર જીતની રકમ (વિનિંગ્સ) મળશે.

આ નવા કાયદાના અમલથી દેશની લગભગ 3.5 બિલિયન ડોલરની રિયલ-મની ગેમિંગ ઈન્ડસ્ટ્રી અચાનક સંકટમાં આવી ગઈ. કમાણી સંપૂર્ણપણે બંધ થઈ જવાને કારણે કંપનીઓને ભારે આર્થિક નુકસાન થયું અને તેમણે મોટા પાયે ખર્ચમાં કાપ મૂકવાનું શરૂ કર્યું.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

**TADK ને બદલે અટેન્ડેન્ટ રાખવા માટે દર કોન્ટ્રાક્ટ**

**ટેન્ડર નં. એડીઆઈ-આરસી-અટેન્ડેન્ટ-૨૦૨૬**

**કામનું નામ:** અમદાવાદ ડિવિઝન માટે TADK ને બદલે અટેન્ડેન્ટ રાખવા માટે દર કોન્ટ્રાક્ટ. **અંદાજીત એનઆઈટી પડતર:** ₹ ૪,૫૪,૯૦,૯૪૪.૦૦ **ઈએમડી રકમ:** ₹ ૨૫,૦૦૦.૦૦ **ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** તારીખ ૨૪-૦૬-૨૦૨૬ સમય ૧૫:૦૦ કલાકે, **ઓફિસ સરનામું:** સિની. ડિવિઝનલ મટીરિયલ્સ મેનેજર, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, પશ્ચિમ રેલવે, જીસીએસ હોસ્પિટલની સામે, નરોડા રોડ, પોસ્ટ-સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨૩૪૫. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટ:** www.ireps.gov.in

ADI-045

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# અમદાવાદમાં પાટીદાર સમાજના યુવાનો માટે મોટી ભેટ: સોલા ઉમિયાધામ કેમ્પસમાં અત્યાધુનિક હોસ્ટેલનું કેન્દ્રીય ગૃહમંત્રીએ કર્યું ઉદ્ઘાટન, 1600 વિદ્યાર્થીઓ માટે ફાઇવ સ્ટાર જેવી સુવિધાઓ

**અમદાવાદ, તા.28**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે પોતાના ગુજરાત પ્રવાસ દરમિયાન અમદાવાદના એસ.જી. હાઈવે પર આવેલા સોલા ઉમિયાધામ કેમ્પસ ખાતે પાટીદાર સમાજના યુવક-યુવતીઓ માટે નવનિર્મિત જે.એસ. પટેલ કુમાર છાત્રાલય અને તપસ્વીકુમાર પટેલ કન્યા છાત્રાલયનું ભવ્ય લોકાર્પણ કર્યું છે.

ઊંઝા કડવા પાટીદાર સમાજના ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા તૈયાર કરાયેલા આ મેગા પ્રોજેક્ટના ઉદ્ઘાટન પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત પાટીદાર સમાજના વરિષ્ઠ નેતાઓ અને અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અંદાજે 4.33 લાખ ચોરસ ફૂટના ભવ્ય બાંધકામ સાથે તૈયાર થયેલી આ અત્યાધુનિક હોસ્ટેલથી ઉચ્ચ અભ્યાસ અર્થે આવતા 1600 જેટલા વિદ્યાર્થીઓને રહેવા-જમવા માટે ફાઈવ સ્ટાર જેવી સ્માર્ટ સવલતો અને UPSC-GPSCની તૈયારી માટે વૈશ્વિક સ્તરનું શૈક્ષણિક વાતાવરણ મળશે.

આ આંતરરાષ્ટ્રીય સ્તરના હોસ્ટેલ પ્રોજેક્ટના આંકડાઓ અને સુવિધાઓ અત્યંત પ્રભાવશાળી છે. 2,16,807 ચોરસ ફૂટની બોયઝ હોસ્ટેલ અને 2,19,807 ચોરસ ફૂટની ગર્લ્સ હોસ્ટેલ મળીને કુલ 4,33,914 ચોરસ ફૂટના વિશાળ વિસ્તારમાં આ ભવ્ય બાંધકામ કરવામાં આવ્યું છે.

રૂમ અને ક્ષમતા: બંને હોસ્ટેલમાં મળીને કુલ 400 અદ્યતન રૂમ (ગર્લ્સ: 208, બોયઝ: 192) તૈયાર કરાયા છે, જેમાં 932 ગર્લ્સ અને 768 બોયઝ મળીને કુલ 1600 વિદ્યાર્થીઓ એકસાથે રહી શકશે.

ભોજનાલય અને લાઈબ્રેરી: હોસ્ટેલ કેમ્પસમાં 1600 વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતો વિશાળ ડાઈનિંગ હોલ અને બે અત્યાધુનિક રસોડા બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, ગર્લ્સ હોસ્ટેલમાં 2 અને બોયઝ હોસ્ટેલમાં 1 મળી કુલ 3 ડિજિટલ લાઈબ્રેરી તથા ફિટનેસ માટે 2 આધુનિક જીમ (Gym) તૈયાર કરાયા છે.

અન્ય સ્માર્ટ સવલતો: કેમ્પસમાં 8 હાઈસ્પીડ લિફ્ટ, સેન્ટ્રલ લોન્ડ્રી, પ્રોફેશનલ હાઉસકીપીંગ, ફર્નિચરથી સજ્જ રૂમો, 24 કલાક મિનરલ વોટર તેમજ ગરમ પાણી, ભવ્ય ગેસ્ટ વેઈટિંગ એરિયા અને 200 કાર તથા 100 સ્કૂટર માટે સુરક્ષિત પાર્કિંગની વ્યવસ્થા છે.

નિયત કરાયેલી ફી: સંસ્થાન દ્વારા નોન-એસી (Non-AC) રૂમ માટે વાર્ષિક 65,000/- અને એસી (AC) રૂમ માટે વાર્ષિક 85000/-ની વ્યાજબી ફી નિયત કરવામાં આવી છે.

ગાંધીનગર સ્થિત કમલમ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ભાજપની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકર હાજર રહ્યા હતા. તે ઉપરાંત મહામંત્રી અનિરુદ્ધ દવે, પ્રશાંત કોરાટ, અજય બ્રહ્મભટ્ટ અને હિતેન્દ્ર ચૌહાણ પણ બેઠકમાં




ઉપસ્થિત હતા. ભાજપના પીઢ નેતા સુરેન્દ્ર પટેલની પણ બેઠકમાં ખાસ હાજરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ 18 જૂને યોજાનાર રાજ્યસભા સાંસદની ચૂંટણીને લઈને ભાજપના ઉમેદવાર, રાજકીય પરિસ્થિતિ અને રાજ્યના સંગઠનાત્મક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને યોજાયેલી આ બેઠકને ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપને મળેલી ભવ્ય જીત બાદ હવે આગામી રાજકીય અને સંગઠનાત્મક આયોજન અંગે ચર્ચા થઈ રહી હોવાની શક્યતા છે.

ગાંધીનગર સોનીપુરમાં સભાને સંબોધી પશ્ચિમ બંગાળ ચૂંટણીના પરિણામોનો ઉલ્લેખ કરતા અમિત શાહે જણાવ્યું કે, 'નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે દેશના 80 ટકા ભૂભાગ પર ભાજપનું શાસન છે અને તાજેતરમાં જ બંગાળમાં પણ વિરોધીઓનું સૂપડું સાફ થઈ ગયું છે. અમે ચૂંટણીમાં વચન આપ્યું હતું તે મુજબ બાંગ્લાદેશ સીમા પર ફેન્સિંગ અને સુરક્ષા મજબૂત કરી રહ્યા છીએ. બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ માત્ર સાત જ દિવસમાં 600 હેક્ટર જમીન BSFને સોંપી દીધી છે. અમારી સરકારનો સ્પષ્ટ સંકલ્પ છે કે, દેશભરમાંથી એક-એક ઘૂસણખોરને વીણી-વીણીને બહાર કાઢવામાં આવશે. આ માટે કેન્દ્ર સરકાર 'ડેમોગ્રાફી ચેન્જ કમિશન' (જનસાંખ્યિકી બદલાવ સમિતિ)ની સ્થાપના કરી રહી છે, જે એક વર્ષમાં પોતાનો અહેવાલ આપશે અને ગેરકાયદેસર વસતિ સંતુલન રોકવા માટે નવો કાયદો બનાવવાની દિશામાં પણ કામ કરશે.'

અંતમાં, ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગર લોકસભા વિસ્તારને દેશનો સૌથી મોડેલ અને વિકસિત મતક્ષેત્ર બનાવવાની નેમ સાથે ગુજરાતના વહીવટી તંત્ર અને સ્થાનિક જનતાનો આભાર માન્યો હતો.

અમિત શાહે આગામી લક્ષ્યાંક આપતા મોટી જાહેરાત કરી કે, 'વડાપ્રધાન નરેન્દ્રભાઈએ દેશમાં વિકાસનો જે ચીલો ચાતર્યો છે તેનાથી આજે દરેક ગામ આત્મનિર્ભર બની રહ્યું છે. હું ખાતરી આપું છું કે 2029ની ચૂંટણી પહેલાં ગાંધીનગરના આ બંને મતક્ષેત્રોના દરેક ગામમાં અદ્યતન બગીચો અને તળાવ બનાવવાનું કામ પૂરું કરી દેવાશે. આ સાથે દરેક ગામની નાની લાયબ્રેરીને ગાંધીનગરની મેગા લાયબ્રેરી સાથે કમ્પ્યુટરથી જોડવામાં આવશે, જેથી ગ્રામ્ય વિસ્તારનો યુવાન ગમે તે પુસ્તક મંગાવશે તો તે એક અઠવાડિયામાં તેના ગામ સુધી પહોંચી જશે.'

ગૃહમંત્રીએ પોતાના વક્તવ્યમાં સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકરને યાદ કરતા કહ્યું કે, "આજે વીર સાવરકરની જન્મતિથિ છે. તેઓ એવા પ્રખર રાષ્ટ્રભક્ત હતા જેમને કોઈ સરકારી સન્માનની જરૂર નહોતી, દેશનો બચ્ચો-બચ્ચો તેમને આદરથી વીર સાવરકર કહે છે. અંગ્રેજોએ જેમને એક જ જન્મમાં બે વખત આજીવન કેદ (કાળાપાણી)ની સજા ફટકારી હતી. જેલની દીવાલો પર પોતાના લોહીથી કાવ્યો લખનાર વીર સાવરકરે દેશની ભાષાઓ અને દલિત સમાજ માટે પતિત પાવન મંદિર બનાવી અસ્પૃશ્યતા વિરૂદ્ધ મોટું કામ કર્યું હતું."

મોડી સાંજે અમદાવાદ સર્કિટ હાઉસ ખાતે અમિત શાહ એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં ઓલમ્પિક, કોમનવેલ્થ ગેમ્સ તેમજ વિશ્વ પોલીસ અને ફાયર ગેમ્સના આયોજન સંદર્ભે ગુજરાત દ્વારા કરવામાં આવી રહેલી પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરવામાં આવશે. આ બેઠકમાં રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર તથા રમતગમત સત્તામંડળ સાથે જોડાયેલા ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

## ક્રેટામાં ચાર લોકો યુવતીનું અપહરણ કરી ગયા: અમદાવાદમાં ધોળા દિવસે ઘરમાં ઘૂસીને સાસુ સામે જ વહુને ઉઠાવી ગયા, પૂર્વ પ્રેમી હોવાની આશંકા

**અમદાવાદ, તા.28**

અમદાવાદના મોટેરા વિસ્તારમાં ધોળા દિવસે અપહરણની ઘટના બની છે. ઘરમાં ખાટલામાં સુતી યુવતીને ચાર લોકો જબરદસ્તી કારમાં બેસાડી લઈ ગયા હતા. યુવતીને બચાવવા દોડેલી સાસુને પણ ધક્કો મારી ધમકી આપવામાં આવી હતી. ક્રેટામાં ચાર લોકો અપહરણ કરી ગયાના CCTV પણ સામે આવ્યા છે. પ્રાથમિક તપાસમાં સમગ્ર ઘટનાની પાછળ યુવતીના પૂર્વ પ્રેમીનો હાથ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સાબરમતી પોલીસે અપહરણનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

મોટેરા વિસ્તારમાં આવેલા ભીલવાસમાં રહેતા શારદાબેન નાઈએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં ચાર અજાણ્યા શખ્સ વિરૂદ્ધ અપહરણની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તેમના દિકરા કમલેશના લગ્ન



રાજસ્થાનમાં રહેતી કોમલ નામની યુવતી સાથે થયા હતાં. કોમલના અગાઉ બંટી નામના યુવક સાથે લગ્ન થયા હતા. જોકે બંને વચ્ચે મનમેળ નહીં રહેતા અંતે છૂટાછેડા થઈ ગયા હતાં.

પરંતુ કોમલના જીવનમાં આ પહેલાંથી જ એક વધુ વ્યક્તિ હતી. કોમલને ગેવર ગુર્જન નામના યુવક સાથે પ્રેમ સંબંધ હતો. લગ્ન બાદ પણ ગેવર વારંવાર કોમલને હેરાન પરેશાન કરતો હોવાનું પરિવારજનોનો આરોપ છે. ગઈકાલે કમલેશ રોજની જેમ નોકરી પર ગયો હતો. ઘરમાં માત્ર કોમલ અને તેની સાસુ શારદાબેન હાજર હતા. બપોરના સમયે કોમલ ઘરમાં ખાટલામાં સૂતી હતી. ત્યારે અચાનક એક કાર ઘરની બહાર આવીને ઉભી રહી હતી. કારમાંથી ત્રણ યુવકો અને એક યુવતી નીચે ઉતર્યા હતાં. શારદાબેન કંઈ સમજે તે પહેલાં જ ચારેય લોકો સીધા ઘરમાં ઘૂસી ગયા હતાં. ઘરમાં પ્રવેશ્યા બાદ અપહરણકર્તાઓ સીધા કોમલ પાસે પહોંચ્યા હતાં. કોમલ કંઈ સમજે તે પહેલાં જ તેને જબરદસ્તી પકડી લેવામાં આવી હતી. કોમલ બૂમાબૂમ કરતી રહી પરંતુ આરોપીઓએ તેને ખેંચીને સીધી કારમાં બેસાડી દીધી હતી.

આ દરમિયાન શારદાબેન બચાવવા દોડી આવ્યા હતા. જોકે અપહરણકર્તાઓએ તેમને ધક્કો મારી દીધો હતો. સાથે જ ધમકી આપી હતી, તમે અમારી વચ્ચે નહીં આવતાં. ઘટના એટલી ઝડપથી બની હતી કે આસપાસના લોકો કંઈ સમજે તે પહેલાં જ આરોપીઓ ક્રેટા કારમાં યુવતીને લઈને ફરાર થઈ ગયા હતા.

## ફાયરિંગ કરનાર નિવૃત્ત DySPને ખેંચી ધક્કા મારી લોકઅપમાં પૂર્યા


### પોલીસ સ્ટેશનમાં હાઈવોલ્ટેજ ડ્રામા, અશોકસિંહે કહ્યું- પોલીસે મારી જમીનમાં ગુંડાઓને ઘૂસાડ્યા, દીકરા-દીકરીની પણ ધરપકડ

**અમદાવાદ, તા.28**

અમદાવાદના નહેરૂનગર વિસ્તારમાં જમીન વિવાદમાં ગઈકાલે(27 મે)ના નિવૃત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણે ગોળીબાર કર્યો હતો. જેમાં આજે(28મે) નિવૃત્ત Dysp અશોકસિંહ ચૌહાણની ધરપકડ કરતા અશોકસિંહનો પાવર જોવા મળ્યો હતો. તેને સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં હોબાળો કર્યો હતો. જેથી બે પોલીસ કોન્સ્ટેબલે નિવૃત Dyspને ધક્કા મારીને લોકઅપમાં ધકેલી દીધા હતાં. સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. અશોકસિંહ ચૌહાણની દીકરી અને દીકરાની પણ ધરપકડ કરવામાં આવી છે. નિવૃત્ત DySPએ આક્ષેપ કર્યા છે કે, પોલીસે જ સાઠગાંઠ કરીને મારી માલિકીની જમીનમાં ગુંડાઓને ઘૂસાડ્યા હતાં. નિવૃત Dyspને રિમાન્ડ માટે અમદાવાદ મેટ્રો કોર્ટમાં રજૂ કરાયા છે. અશોકસિંહ ચૌહાણના પુત્ર સિદ્ધરાજ ચૌહાણ અને અને પુત્રી ખ્યાતી ચૌહાણને પણ કોર્ટમાં લવાયા છે. પોલીસે 7 દિવસના રિમાન્ડ માંગ્યા છે. આરોપી અશોકસિંહે કોર્ટ અંદર જતાં કહ્યું હતું કે, પરમ દિવસે પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવશે, જેમાં સત્ય બહાર આવશે.

જે જગ્યાનો વિવાદ છે તે જગ્યા 5 વિઘા જેટલી જમીન છે, જેની અંદાજિત કિંમત 500 કરોડ જેટલી છે. આ જગ્યાનો વિવાદ અશોક ચૌહાણ અને પ્રિયમ મહેતા વચ્ચે સામે સામે કોર્ટમાં ચાલી રહ્યો છે. આરોપીના અશોક ચૌહાણના વડવાઓ વર્ષોથી જમીનની રખેવાળી કરતા હતાં. જે દરમિયાન જગ્યાનો કબજો મેળવી લીધો હતો.

નિવૃત્ત DySP અશોકસિંહ ચૌહાણની દીકરીએ આક્ષેપ કર્યો છે કે, આ સમગ્ર મામલામાં માત્ર 'વન સાઈડેડ સ્ટોરી' ચલાવવામાં આવી રહી છે. વીડિયોમાં જોઈ શકાય છે કે જ્યારે તે મીડિયા સમક્ષ પોતાનો



પક્ષ રાખવાનો પ્રયાસ કરે છે, ત્યારે પોલીસ કર્મચારીઓ તેને અટકાવીને લોકઅપ તરફ લઈ જાય છે. આ દરમિયાન જેલના સળિયા પાછળ ધકેલતા અશોકસિંહનો દીકરો પણ હિન્દીમાં બૂમો પાડીને આક્ષેપ કરે છે કે, તેમના ઘરમાં ગુંડાઓ ઘૂસી ગયા હતા અને તેમણે માત્ર 'સેલ્ફ ડિફેન્સ'માં પગલું ભર્યું છે, પરંતુ પોલીસ દ્વારા તેને પણ પાછળ ધકેલી દઈને લોકઅપમાં પૂર્યા હતાં.

ACP એસ. એમ. પટેલે જણાવ્યું હતું કે, નિવૃત DYSP અશોક ચૌહાણ પાસે જગ્યાનો કબજો હતો, જે જગ્યા સમજૂતી કરારથી અમિત પટેલને ભાડે આપવામાં આવી હતી. નહેરુનગર પાથરણા બજારમાં સ્ટોલ બનાવવા જગ્યા ભાડે આપવામાં આવી હતી. જેથી અમિત પટેલે જગ્યા પર સ્ટોલ બનાવ્યા હતાં. બાદમાં AMC દ્વારા નોટિસ આપવામાં આવી હતી. જેથી અમિત પટેલે અશોકસિંહ ચૌહાણ પાસે ડોક્યુમેન્ટ અને આધાર પુરાવા માંગ્યા હતાં, પરંતુ અશોકસિંહ પાસે કોઈ પુરાવા નહોતા. પટેલે વધુમાં કહ્યું કે, અમિત પટેલે અશોક સિંહ પાસે ડિપોઝિટ અને સ્ટોલનો ખર્ચ પરત માંગ્યો હતો. ગઈકાલે બંને પક્ષ ભેગા થયા હતાં. આ દરમિયાન અશોક ચૌહાણે લાયન્સવાળી ગનથી ફાયરિંગ કરી જાનથી મારી નાખવાની કોશિશ કરી હતી. અમિત પટેલે અશોકસિંહ ચૌહાણ, તેમની દીકરી ખ્યાતિ, દીકરા સિદ્ધરાજસિંહ અને સગીર વયના 14 વર્ષના દીકરા સામે પણ ફરિયાદ નોંધાવી છે. હાલ ત્રણેય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ વિરુદ્ધ હત્યાનો પ્રયાસ અને આર્મ્સ એક્ટનો ગુનો નોંધવામાં આવ્યો છે. અશોકસિંહ ચૌહાણ હાલમાં ખાનગી કંપનીમાં સિક્યુરિટી ઓફિસર તરીકે ફરજ બજાવે છે. અશોકસિંહ ચૌહાણ પહેલાં સુરતમાં નોકરી કરતા હતા, ત્યારે તેમણે કોરોના સમયમાં જન્મ દિવસની ઉજવણી કરી હતી. જે અંગેનો વીડિયો પણ વાયરલ થયો હતો. ત્યારબાદ તેમને પૂર્વ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે પણ જન્મ દિવસની ઉજવણી કરી છે તેવું નિવેદન આપ્યું હતું. જેના કારણે ચર્ચામાં આવ્યા હતા. અમદાવાદના નહેરુનગર સ્થિત ઝાંસીની રાણી બસ સ્ટેન્ડની પાછળ ગઈકાલે(27 મે) સાંજે આશરે 5 વાગ્યાના સુમારે જમીન દસ્તાવેજ અને ભાડાના નાણાં પરત માંગવાના વિવાદમાં નિવૃત્ત DySP અશોકસિંહ ચૌહાણે પોતાના અંગત હથિયાર વડે પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યું હોવાની ઘટના સામે આવી હતી.

## ઓશિયા મોલના માલિકો ₹250 કરોડથી વધુનું ફુલેકું ફેરવી ફરાર: અમદાવાદના 267 વેપારીઓ મુશ્કેલીમાં, એડવાન્સ આપેલા ચેક પણ બાઉન્સ થતાં પોલીસમાં અરજી...

**અમદાવાદ, તા.28**

અમદાવાદમાં ઓશિયા મોલના માલિકો દ્વારા માલ સપ્લાય કરતા વેપારીઓ સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મોલના માલિક ધીરેન્દ્ર ચોપરા કે જેઓ ધીરજ ચોપડા તરીકે પણ ઓળખાય છે, તેમજ તેમની પત્ની કવિતા ચોપરા વેપારીઓનું આશરે 250 કરોડ કરતાં પણ વધુ રકમનું ફુલેકું ફેરવીને ફરાર થઈ ગયા હોવાના ગંભીર આક્ષેપો લાગ્યા છે. છેલ્લા 8 મહિનાથી પેમેન્ટ ન મળતાં અને આપેલા ચેકો પણ બેંકમાં બાઉન્સ થતાં આખરે 267 જેટલા ભોગ બનનાર વેપારીઓએ પોલીસમાં અરજી કરી છે અને સરકાર પાસે પોતાના ફસાયેલા નાણાં પરત મેળવવા ન્યાયની ગુહાર લગાવી છે.

ઓશિયા મોલમાં અલગ-અલગ પ્રોડક્ટ્સ સપ્લાય કરતા વેપારીઓ છેલ્લાં ઘણાં વર્ષોથી નિયમિત રીતે માલ આપતા હતા. જોકે, છેલ્લા 8 મહિનાથી વેપારીઓને પેમેન્ટ ચૂકવવાનું બંધ કરી દેવાયું હતું. જ્યારે વેપારીઓએ માલિક ધીરેન્દ્ર ચોપરાનો સંપર્ક કર્યો, ત્યારે તેણે થોડા દિવસોમાં તમામ પેમેન્ટ ચૂકવી દેવાની ખાતરી આપી હતી અને ખાતરીના ભાગરૂપે એડવાન્સ ચેક પણ આપ્યા હતા. લાંબા સમય સુધી નાણાં ન મળતાં જ્યારે વેપારીઓએ આ ચેક બેંકમાં જમા કરાવ્યા, ત્યારે એક પછી એક




તમામ ચેક બાઉન્સ થતાં માલિકોની છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો.

વેપારીઓનો આક્ષેપ છે કે, છેતરપિંડી આચર્યા બાદ માલિક ધીરેન્દ્ર ચોપરા સહિતના તમામ જવાબદારો ફરાર થઈ ગયા છે. મોલમાં માલ સપ્લાય કરાવનાર મેનેજરોના ફોન પણ સતત સ્વીચ ઓફ આવી રહ્યા છે. વધુમાં, ઓશિયા મોલ હવે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT)માં પહોંચી ગયો હોવાથી વેપારીઓની ચિંતા બેવડાઈ છે. અમુક મોલની પ્રોપર્ટીના ભાડાના રૂપિયા ચૂકવવાના પણ બાકી હોવાનું સામે આવ્યું છે. હાલમાં અમદાવાદના 267 વેપારીઓએ સત્તાવાર રીતે ક્લેમ દાખલ કર્યો છે, જ્યારે હજુ પણ ઘણા એવા નાના વેપારીઓ છે, જેમણે ક્લેમ સુધ્ધાં કર્યો નથી.

વવિવેકભાઈએ જણાવ્યું કે, અમે અલગ-અલગ પ્રોડક્ટ્સ ક્રેડિટ (ઉધાર) પર સપ્લાય કરતા હતા. ઓશિયા મોલ NCLTમાં દાખલ થઈ જતાં અમારા 1.57 કરોડના એડવાન્સ ચેક બેંકમાં રિટર્ન થયા છે. માલિકો સાથે કોઈ સંપર્ક થઈ શકતો નથી, જેથી હવે અમે આખરે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI)માં રજૂઆત કરીને મદદ માંગીશું.

'હું મોલમાં કોલગેટ અને હાર્પિક જેવી બ્રાન્ડેડ ચીજવસ્તુઓ નિયમિત સપ્લાય કરતો હતો. અમે કંપનીઓમાં એડવાન્સ પેમેન્ટ કરીને માલ ખરીદ્યો હતો, જેથી અમારું આખું રોકાણ ફસાઈ ગયું છે. માલિક ધીરજ ચોપડા કે મોલના મેનેજરો કોઈ ફોન ઉપાડતા નથી.' 'હું ઘણા સમયથી ફૂટવેરનો માલ સપ્લાય કરતો હતો. મને જે ચેક આપવામાં આવ્યો હતો, તે હું બેંકમાં જમા કરાવું તે પહેલાં જ તેનું ટ્રાન્ઝેક્શન રોકી (Stop Payment) દેવામાં આવ્યું હતું.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

**આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.**

**વોટ્સએપ નંબર - 8980070599**

